بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# برکاتِ خواجہ
# બરકાતે ખ્વાજા

**માસિક**

**ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર**

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-મે-૨૦૦૮**

રબીઉલ આખર-જમાદીઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૨૯

વર્ષ : ૦૫, અંક : ૦૫, સળંગ અંક : ૫૩

★ સ્થાપક અને પ્રકાશક ★

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફૈયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦-૦૦ |
| વિદેશ માટે | £ | 15-00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦-૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦-૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| વિદેશ માટે આજીવન | £ | 250-00 |


★ માનદ તંત્રી ★

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## કલામુલ સૈયદ : સૈયદુલ કલામ

અઝ : **હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ** رحمۃ اللہ علیہ

ઈધર આ, અગર નહીં હૈ કોઈ દૂસરા સહારા
તેરી રહમતોંને મુઝકો સરે હશ્ર યૂં પુકારા

મૈં જિધર કો ખૂદ ચલા થા, વો થા નાર કા કનારા
મગર ઉસકી રહમતોંને ન કિયા ઈસે ગવારા

તેરી ઉંગલિયોં કા પાકર મહો મેહ્રને ઈશારા
કોઈ હો ગયા દુપારા તો કોઈ ફિરા દુબારા

તુમ્હેં યાદ જબ કિયા હૈ તો પલટ પળા કનારા
તેરા નામ જબ લિયા હૈ તો ઉલટ દિયા હૈ ધારા

વોહી મહરે સુબ્હે અવ્વલ, વોહી માહે શામે આખિર
વો અઝલ કે રાઝે પિન્હાં, વો અબદ તક આશકારા

ન મરા ન મર સકેગા કોઈ ઉનકા નામલેવા
કે ભંવરમેં ડૂબકર ભી નહીં છોળતા કનારા

મેરા ઈશ્કે નાખુદામેં યહી હાલ હો ગયા હૈ
કિસી મૌજને ડુબોયા, કિસી મૌજને ઉભારા

ઉન્હેં દેખને કો દેખા, ઉન્હેં સોચને કો સોચા
ન ખુલા મગર યે ઉકદા, કે નબી હૈ કયા હમારા

રુખે પાકો ચશ્મો અબરૂકા યે મો'જિઝા હૈ **'સૈયદ'**
કે બળ્હા રહા હૈ સૂરજ કી ચમક કો ચાંદતારા


web. : www.barkatekhwaja.net


**નોંધ** આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.

બરકાતે ખ્વાજા (માસિક) મે–૨૦૦૮
વર્ષ : ૦૫ અંક : ૦૫ સળંગ અંક : ૫૩


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મુસલમાનના જીવનમાં ઈખ્લાસનું મહત્વ અને આપણે !** | રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૦૮ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૦ |
| ૦૪. | ફત્વા વિભાગ | **કાર્યાલય** | ૧૨ |
| ૦૬. | તૌબાનું મહત્વ અને તેની ફઝીલત | **રજૂકર્તા** : મુહમ્મદ તૌફીક રઝવી પેટલાદી | ૧૩ |
| ૦૭. | સદકો અને સખાવત એક ખૂબ સૂરત અમલ ! | **મૂળ લેખક** : હઝરત મૌલાના સૈયદ નદીમ ઝફર કાદરી<br>**અનુવાદક** : ઈસ્માઈલ સાલેહ | ૧૭ |
| ૦૮. | **ઈમામ અહમદ રઝાની શાને બેનિયાઝી** | **રજૂ.** મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી<br>(સદર મુદર્રિસ : દા. ઉ. બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ) | ૧૯ |
| ૧૧. | હઝરત મુહમ્મદ ઈબ્રાહીમ તુર્કી વિશે...... | **સંકલન** : અલીમુહમ્મદ અહમદ બાબી–પોરબંદર | ૨૪ |
| ૧૨. | **૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા? હિંદના ગદ્દાર કે વફાદાર ?!** | **અઝ** : મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (મુબારકપુર)<br>**અનુવાદક** : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ | ૨૭ |
| ૧૩. | **કુસ્તુન્તુનિયાવાળી હદીષમાં યઝીદ પલીદ સામેલ નથી** | **રજૂકર્તા** : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ | ૩૨ |
| ૧૪. | શું તુર્કી નવી શરીઅત પ્રસિધ્ધ કરશે ?! | **કાર્યાલય** | ૩૭ |
| ૧૫. | **પયગંબરે ઈસ્લામ તથા કુર્આને કરીમ વિરુધ્ધ ફિલ્મી ફિત્નો** | **રજૂકર્તા** : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી<br>*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)* | ૪૦ |
| ૧૫. | WHO AM I ?! | **Fatimah Zehra**-*Leicester (U.K.)* | ૪૩ |
| ૧૫. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

# મુસલમાનના જીવનમાં ઈખ્લાસનું મહત્વ અને આપણે !

**તંત્રી લેખ....**

આપણા જીવનમાં ઘણીવાર એવા અવનવા બનાવો બનતા હોય છે કે આપણે આશ્ચર્યના સમુદ્રમાં ગરકાવ થઈ જઈએ છીએ. એક ભાઈએ પોતાનો અનુભવ જણાવ્યો કે એક સાહબે કોઈ નેક કામમાં અમુક રકમ આપી તો રકમ લેનારે રસીદમાં તેમનું નામ લખી આપી દીધી. તો તે સખીદાતા બોલ્યા કે, "મારા નામ આગળ 'હાજી' પણ લખો ! એક લાખ રૂપિયા અમસ્તા જ નથી ખર્ચ્યા !" આ વાત સાંભળીને તરત મને મહાન બુઝુર્ગ હઝરત ઝુન્નુન મિસ્રી رحمۃ اللہ علیہનો એક બોધદાયક પ્રસંગ યાદ આવી ગયો કે, આપ એક સફરમાં કોઈકને ત્યાં મહેમાન બન્યા. દસ્તરખાન પાથરવામાં આવ્યું તો તે ઘર માલિકે પોતાના નોકરને કહ્યું કે, "હું પાંચમી વાર હજ્જમાં ગયો ત્યારે જે થાળ લાવ્યો હતો તે લાવ !" તો હઝરત ઝુન્નુન મિસ્રી رحمۃ اللہ علیہએ તરત જ તેને કહ્યું કે, "તારા આ એક જ વાક્યએ તારી પાંચેવ હજોને બર્બાદ કરી નાખી !" આ પ્રસંગ પરથી સમજી શકાય છે કે માણસ લાખો ખર્ચે તથા ગમે તેટલી તકલીફો ઉઠાવે પણ તેની નિય્યતમાં ઈખ્લાસ નથી તો તેનો કોઈ અમલ રબની બારગાહમાં ક઼બૂલ થશે નહીં, બલ્કે તે ગુનાહમાં પડી જહન્નમમાં સળગશે.

**સાચી નિય્યતનું ફળ**

એથી ઉલ્ટુ એ કે માણસ કોઈ તકલીફ ભલે ન ઉઠાવે પણ તેની નિય્યત સાચે સાચી, નિખાલસ, કેવળ અલ્લાહને રાજી કરવા માટેની જ હોય તો કેટલું મહાન ઈનામ પામે છે તે પણ જોઈ લો.

બની ઈસ્રાઈલમાં એક શખ્સ દુકાળમાં ભૂખની હાલતમાં રેતીના એક ટેકરા પાસેથી પસાર થયો તો તેણે દિલમાં વિચાર્યું કે, "જો આ રેતી અનાજ હોત તો હું એને લોકોમાં વહેંચી આપત." એના પર અલ્લાહ તઆલાએ તેમના નબી પર વહી મોકલી કે એને ફર્માવો કે અલ્લાહ તઆલાએ તારા સદક઼ાને ક઼બૂલ કરી લીધો છે અને તારી સાચી નિય્યતના બદલામાં એટલા પ્રમાણમાં સવાબ આપ્યો કે જો એ રેતીનો ઢગલો અનાજ હોત અને તું એને વહેંચી નાખત અને જેટલો સવાબ મળત.

કેટલીયે રિવાયતોમાં આવ્યું કે, "જે શખ્સ કોઈ નેકીનો ઈરાદો કરે પરંતુ એના પર અમલ ન કરી શકે તો એના માટે નેકીનો સવાબ લખવામાં આવે છે." *(સહીહ મુસ્લિમ, ભાગ–૧, પેજ–૭૫, કિતાબુલ ઈમાન, બહવાલા અહયાઉલ ઉલૂમ, ૪/૮૧૨)*

**ફક્ત અલ્લાહને રાજી કરવાની નિય્યત રાખો !**

ઈખ્લાસનો શાબ્દિક અર્થ છે નિઃસ્વાર્થપણુ, નિખાલસતા. અને ઈસ્લામી બોલીમાં 'ઈખ્લાસ' એટલે "કેવળ અલ્લાહને રાજી કરવાની નિય્યત." એટલે કે કોઈ કામમાં પોતાની વાહ વાહ કે બડાઈની નિય્યત કે લોકોને દેખાડવાની નિય્યત ન હોય પણ ફક્ત રબને રાજી કરવાની નિય્યત હોય તેને ઈખ્લાસ કહે છે.

ઈખ્લાસનું સચોટ દષ્ટાંત સમજવું હોય તો નીચે દર્શાવેલ પ્રસંગ જોતા ચાલો :–

હઝરત અલ્લામા દમીરી رحمۃ اللہ علیہએ 'હયાતુલ હયવાનાત'માં આ પ્રસંગ વર્ણવ્યો છે કે, હઝરત આદમ علیہ السلام દુનિયામાં તશરીફ લાવ્યા તો વિવિધ જાનવરો હઝરત આદમ علیہ السلامની ઝિયારત માટે આવ્યાં. તેમાં હરણોનું એક ટોળુ આપની ઝિયારત માટે આવ્યું. હઝરત આદમ علیہ السلامએ તે હરણના ટોળા માટે દુઆ

કરી, તેમની પીઠ પર હાથ ફેરવ્યો તો તેમનામાં કસ્તૂરી પેદા થઈ ગઈ જેનાથી જંગલ મહેકી ઉઠયું. તેમને બીજુ એક હરણોનું ટોળુ મળ્યું તો તેણે આશ્ચર્યથી પૂછયું કે તમારામાં આ ખુશ્બુ ક્યાંથી આવી ગઈ ? તો કહ્યું કે, અમે અલ્લાહના નબી આદમ عليه السلامની ઝિયારત માટે ગયાં હતાં, તેમણે અમારા માટે દુઆ કરી અને અમારી પીઠ પર હાથ ફેરવી આપ્યો તો અમારામાં કસ્તૂરી પેદા થઈ ગઈ. જેથી આ ટોળુ પણ હઝરત આદમ عليه السلام પાસે ગયું. તેમના માટે પણ હઝરત આદમ عليه السلامએ દુઆ કરી અને તેમની પીઠ પર પણ હાથ ફેરવી આપ્યો પણ તેમનામાં કસ્તૂરી પેદા ન થઈ ! તો એ ટોળુ પેલા ટોળા પાસે ગયું અને કહ્યું કે અમે પણ તમારી જેમ જ કર્યું અને અમારી પીઠ પર પણ હઝરત આદમ عليه السلامએ હાથ ફેરવ્યો પણ અમને ખુશ્બુ ન મળી ! તો પ્રથમ ટોળાએ કહ્યું કે, અમે તો કેવળ અલ્લાહને રાજી કરવાની નિય્યતે તેના નબીની ફક્ત ઝિયારત માટે જ ગયાં હતાં, કસ્તૂરી માટે નહીં ! જેથી અમારી સાચી નિય્યતનું ફળ એ મળ્યું કે રબ તઆલાએ અમને કસ્તૂરી અતા કરી આપી. (સુબ્હાનલ્લાહ !)

એટલા માટે જ ફર્માવવામાં આવ્યું છે કે, اِنَّمَا الْاَعْمَالُ بِالنِّيَّاتِ ط "અમલોનો આધાર નિય્યત પર છે." આજે આપણે પણ આવી હદીષો તથા વાક્યા વાંચીએ સાંભળીએ છીએ પણ આપણામાં એવી નિખાલસતા મોટા ભાગે નથી પેદા થતી. માટે આપણે આ બાબતે ગંભીર બની બુઝુર્ગોના જીવન પ્રસંગો તથા આપનાં ફર્માનો પરથી બોધ લઈને અમલોમાં ઈખ્લાસ પેદા કરવો જોઈએ અને રિયાકારીથી બચવું જોઈએ.

## ૪૦ વરસની નમાઝો દોહરાવી !

આપણા બુઝુર્ગો હમેશાં બાજમાઅત જ નમાઝ પઢતા હતા. એક બુઝુર્ગનો પ્રસંગ છે કે એકવાર કોઈક કારણસર મસ્જિદમાં પહોંચવામાં મોડા પડયા અને છેલ્લી સફમાં નમાઝ પઢી. દિલમાં ખયાલ આવ્યો કે લોકો કહેશે કે, "આજે છેલ્લી સફમાં છું !" બસ, આ ખયાલનું આવવું હતું કે આપને ખૂબ જ પસ્તાવો થયો, ખૌફે ખુદાથી દિલ કાંપી ઉઠયું. અને વિચાર્યું કે મેં બધી જ નમાઝો લોકોને દેખાડવા પઢી ! તરત જ આપે ફેંસલો કર્યો કે જીવનભરની નમાઝો મારે દોહરાવવી ! કેમ કે મેં લોકોને દેખાડવા નમાઝો પઢી છે ! અને તેમણે ચાલીસ વરસોની નમાઝો દોહરાવી. આ ઈખ્લાસ હતો પહેલાંના બુઝુર્ગોમાં ! વર્તમાનકાળમાં તો એવા લોકો સૂફી બુઝુર્ગનું ટાઈટલ લગાડીને ફરે છે કે જેઓ કદી પણ મસ્જિદની સફમાં જોવા પણ નથી મળતા ! જેમના ઘરના દરવાજા ફજરમાં કદી મસ્જિદ જવા માટે નથી ખુલતા ! જ્યારે કે, "એક વખતની જમાઅત શરઈ ઉઝર વિના છોડનાર 'ફાસિક઼' છે." તો જે ફાસિક઼ હોય તે સૂફી કઈ રીતે થઈ શકે ?! છતાં પોતાના મોટા મોટા લક઼બોના નારા મરાવીને ફૂલાઈ રહ્યા છે, નથી શરીઅતની પાબંદી અને નથી સુન્નત પ્રમાણે દાઢી છતાં હસ્તી બની બેઠા છે ! પહેલાંના બુઝુર્ગો નેકીઓ કરીને પણ પોતાને નીચ તથા હક઼ીર, તુચ્છ સમજીને આજીજી સાથે ખુદાની બારગાહમાં ચોધાર આંસૂએ રડતા રહેતા હતા, જ્યારે આજે આપણે ગુનાહોમાં ડૂબીને પણ મોટાઈના ઘમંડમાં રાચીએ છીએ.

## ઈખલાસની બરકતો અકલ્પ્ય !

હદીષે પાકમાં છે કે ક઼યામતના રોજ એક શખ્સને તેનું આમાલનામુ તેના જમણા હાથમાં આપવામાં આવશે. તો તે શખ્સ તેમાં જોશે અને આશ્ચર્યમાં પડી જશે કે તેમાં સદક઼ાની, ઝક઼ાતની, જેહાદની, હજ્જની, ઉમરાની... વગેરે નેકીઓ નોંધાયેલી છે ! તે વિચારશે કે હું તો ગરીબ હતો, ન મેં સદક઼ા કે ઝક઼ાત આપી, ન જેહાદ કર્યો, ન હજ્જ ઉમરાની મારામાં શક્તિ હતી પછી આ નેકીઓ કેવી ?! તો રબ તબારક વ તઆલા તરફથી તેને જણાવવામાં આવશે કે, હે મારા બંદા ! તેં ભલે આ નેકીઓ નથી કરી પણ તારા દિલમાં સાચી નિય્યત હતી કે જો અલ્લાહ મને દૌલત આપે તો હું ઝક઼ાત, સદક઼ા આપું, જેહાદ કરું, હજ્જ ઉમરા કરું, તો તારી ઈખ્લાસભરી નિય્યતનો આ બદલો છે કે તારા આમાલનામામાં આ નેકીઓ લખી દેવામાં આવી. (સુબ્હાનલ્લાહ !)

## હું કાંઈક છું એ ભરમ હોય તો ત્યજી દેજો ! નહીં તો......!

હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه (આ હદીષ રિવાયત કરતાં પહેલાં આપ ત્રણ વાર બેહોશ થઈ ગયા હતા !) થી રિવાયત છે કે સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું કે જ્યારે ક્યામતના દિવસે અલ્લાહ તઆલા પોતાની મખ્લૂક વચ્ચે ફેંસલો ફર્માવશે તો સર્વ ઉમ્મતો ગુઠણોભેર બેઠેલી હશે. ત્યારે સૌ પ્રથમ જે શખ્સને બોલાવવામાં આવશે તે કુર્આનનો હાફિઝ હશે, અને બીજો તે શખ્સ હશે જે અલ્લાહ ﷻની રાહમાં શહીદ થઈ ચૂક્યો હશે, અને ત્રીજો માલદાર હશે. અલ્લાહ તઆલા તે કુર્આનના હાફિઝ કારીને ફર્માવશે, શું મેં તને એનો ઈલ્મ નથી આપ્યો જેને હું મારા રસૂલો પર ઉતારતો હતો ?! તે અર્ઝ કરશે, હા ! યા રબ ! પછી ફર્માવશે કે તેં આ ઈલ્મના પ્રમાણે અમલ કર્યો ?! બંદો અર્ઝ કરશે કે હું તો દિવસ રાત એ અમલમાં લાગેલો રહ્યો ! અલ્લાહ તઆલા તેને ફર્માવશે, તેં જૂઠુ કહ્યું ! અને ફરિશ્તા પણ કહેશે, તું જૂઠો છે ! બલ્કે તારી તો ખ્વાહિશ એ હતી કે લોકો કહે કે ફલાણો શખ્સ કારી છે ! તો એવું કહેવામાં આવી ચૂક્યું.

પછી માલદાર શખ્સને સવાલ કરવામાં આવશે કે તેં મારા અર્પણ કરેલા માલ વડે શું કામ કર્યુ ? તે કહેશે કે મેં એના વડે સગા સંબંધીઓના હક્કો અદા કર્યા, અને સદકો કર્યો અને તારા માર્ગમાં ખર્ચ કર્યો. તો અલ્લાહ ફર્માવશે, તેં જૂઠુ કહ્યું ! અને ફરિશ્તા પણ કહેશે કે તેં જૂઠુ કહ્યું. બલ્કે તારી ખ્વાહિશ એ હતી કે લોકો મને સખી કહીને પુકારે ! જેથી તને સખી નામ વડે પોકારવામાં આવ્યો.

પછી શહીદને કહેવામાં આવશે કે તેં શા માટે શહાદત વહોરી ? શહીદ કહેશે, હું તારી રાહમાં જેહાદ કરતાં શહીદ થયો છું. તો અલ્લાહ ﷻ ફર્માવશે, તું કઝ્ઝાબ (જૂઠો) છે ! ફરિશ્તા પણ તેને કઝ્ઝાબ કહેશે અને કહેશે કે તારો ઈરાદો એ હતો કે લોકો તને કહે કે ફલાણો ઘણો જ બહાદુર (મુજાહિદ) છે અને એ નામ વડે તને પોકારવામાં આવી ચૂક્યો.

રાવી જણાવે છે કે પછી હુઝૂર ﷺએ પોતાનો હાથ મુબારક મારા ગુઠણો પર જોરથી માર્યો અને ફર્માવ્યું, હે અબૂ હુરૈરહ્ ! رضي الله عنه **ખુદાની મખ્લૂકમાંથી તે ત્રણેવ પ્રથમ માણસો હશે કે જેમની સાથે જહન્નમની આગને ભડકાવી દેવામાં આવશે."** *(તમ્બીહુલ્ ગાફિલીન, ૧/૩૨)*

**હે પ્યારા દીની ભાઈ બહેનો !** ઠંડા દિલે વિચારો તો આ એક જ હદીષ માણસના જીવનમાં ક્રાંતિ સર્જી શકે છે. આલિમ, કારી, હાફિઝ આખુ જીવન કુર્આન પઢે, ઈલ્મ શીખે શીખવાડે છતાં જો નિય્યતમાં ઈખ્લાસ નથી, મોટાઈ દેખાડવાનો શોખ છે તો સર્વ મહેનતો બેકાર છે ! એટલું જ નથી માલો દૌલત લૂટાવી દો પણ નિય્યતમાં રિયાકારી છે, "હાજી સાહબ" અને "શેઠ સાહબ" કહેવડાવવાનો જઝબો દિલમાં છે તો સૌ બેકાર ! અને આ પ્યારી જાન પણ જો કુર્બાન કરી આપો પણ તેમાંય જો "મુજાહિદ, બહાદુર, ગાઝી" કહેવડાવવાનો શોખ હશે તો જાનની કુર્બાની પણ કબૂલ ન થશે ! અને સર્વ કાંઈ કરવા છતાં ઝિલ્લતની સાથે જહન્નમમાં નાખવામાં આવશે.

અલ્હમ્દુલિલ્લાહ ! મને પહેલેથી નેક હસ્તીઓની ખિદમતનો ખૂબ શોખ રહ્યો. મને યાદ છે કે હું એક કહેવાતી હસ્તીની સાથે સ્કૂટર પર હતો. સામે એક રસ્તો અમારા રસ્તા સાથે જોડાતો હતો જે તરફ અમે જતા હતા. એ તરફથી બે ભાઈઓએ દૂરથી સલામ કરી અને મળવા આગળ વધ્યા. હું બંને રસ્તાના સંગમ તરફ ગાડી ચલાવતો જ હતો અને મેં નજીક જઈ સ્કૂટર ઉભુ રાખવા વિચાર્યું. તો તે હઝરતે મને કહ્યું કે, "અહીં જ ગાડી ઉભી કરી દો ! એ આપણને સામે ચાલીને મળવા આવે ! એ આપણી શાનની ખિલાફ છે કે આપણે એમની તરફ જઈએ !" વાત ખૂબ જ મામૂલી છે, પણ મારું દિમાગ ચક્કર ખાઈ ગયું કે યા અલ્લાહ ! સામેવાળો બુઝુર્ગ સમજી ઈજ્જત કરે છે છતાં આ મોટાઈ ! શું બુઝુર્ગો આવા હોય છે ?! બસ, આ નાના પ્રસંગમાં ઘણુ સમજી શકાય છે. આવી બની બેઠેલી ઘણી હસ્તીઓના વિશે લોકોને અનુભવ હશે

કે, "પરચેમેં હમારા નામ નહીં હે ! હમ કો દા'વતનામા નહીં મિલા ! હમારા નારા ક્યૂં નહીં લગાયા ! જાનતે હો હમ કૌન હૈં ?!"..... વગેરે સંભળાવતા હોય છે.

બુઝુર્ગો વિશે તો હદીષે પાક છે કે, "ચાર ચીજો એવી છે કે અલ્લાહ પોતાના મહબૂબ બંદાઓ સિવાય કોઈને અતા નથી ફર્માવતો : **ખામોશી,** અને એ પહેલી ઈબાદત છે. બીજી **તવક્કુલ** (અલ્લાહ પર ભરોસો), ત્રીજી **નમ્રતા** (આજીજી, પોતાને તુચ્છ જાણવું) અને **દુનિયાથી દૂરી."** *(મુકાશફતુલ કુલૂબ)*

## ઈમાન સંબંધે મુખ્લિસ બનો !

લખાણને ટૂંકાવવાના હેતુથી વધુ નથી લખતો પણ છેવટમાં થોડીક સોચનીય વાતો કહેવાનું દિલ થાય છે. આપણે દાવો કરીએ છીએ કે આપણને અલ્લાહ વ રસૂલથી મહોબ્બત છે, અલ્લાહનો ડર હોવાનું કબૂલીએ છીએ પણ આપણી જિંદગીની રીત ભાત જોતાં વસ્તુ સ્થિતિ ઉલ્ટી જણાય છે ! આપણે કહીએ છીએ કે અલ્લાહ સઘળુ જુએ છે, ચાહે આપણે અંધારામાં કે એકાંતમાં કોઈ ગુનોહ કરીએ કે જાહેરમાં, અલ્લાહ દિલોની વાતોને પણ જાણે છે. છતાં તમે ખૂદ શાંત ચિત્તે વિચારો કે આપણે કેટલા ગુનાહો એકાંતમાં તથા કેટલા ગુનાહો જાહેરમાં નથી કરતા ? તો શું આપણામાં આ મુનાફિકપણાની ખાસિયત ન કહેવાય ? જાહેરમાં અઝાન થાય, સૌ સાંભળે પણ ન કોઈ પોતાની પ્રવૃત્તિ રોકે કે ન કોઈ ધંધામાં ફુરસદ કાઢે ! (ઈલ્લા માશાઅલ્લાહ !) મસ્જિદને અડેલીને બેસે પણ મસ્જિદમાં ન આવે ! આમાં ક્યાં ખુદાનો ખૌફ જોવા મળે છે ?! ઈમાન તો એ કે અલ્લાહ જુએ છે અને અમલ તો એ કે ખુદા જબ્બાર કહ્હારની સમક્ષ તેનાં દેખતાં જ અલલ એલાન ગુનાહો કરવામાં આવે છે, કોઈ શાદીઓમાં બેન્ડબાજા વગાડે છે તો કોઈ ફટાકડાની ધમાલ મચાવી દે છે, સ્ત્રીઓ બેહયાઈભર્યી ફેશનોવાળા ડ્રેસીસ પહેરીને મર્દોની ભીડમાં ભટકી રહી છે, ક્યાંક ડાન્સ થઈ રહ્યા છે, ક્યાંક અધધ ફુઝૂલખર્ચી થઈ રહી છે અને સાચી વાત કહેનારને દુશ્મન બનાવાય છે ! અલ્લાહ જુએ છે એ ઈમાન, અને હિંમત એ કે અલ્લાહ ભલે જુએ અમે ગુનાહ કરીશું ! આ મુસલમાની છે ?! એક તરફ તો એ અકીદો કે હુઝૂર નબી કરીમ ﷺ હાઝિર નાઝિર છે અને તેમના હાઝિર નાઝિર હોવા છતાં આ જ ઈશ્ક કે છાકટા બનીને નાચવામાં આવે ?! ગુનાહનાં કામો અલલ એલાન કરવામાં આવે ! આ જ આશિકી છે !

હુઝૂર નબી કરીમ ﷺને જયારે ઈખ્લાસની હકીકત પૂછવામાં આવી તો આપે ફર્માવ્યું કે, **ઈખ્લાસ** એ છે કે **તું કહે મારો રબ અલ્લાહ છે અને પછી જે તને હુકમ છે તેના પર કાયમ અને અડગ થઈ જાય.** *(મિન્હાજુલ આબિદીન)*

## કડવી દવા જ બીમારીનો ઈલાજ !

હે મારા દીની ભાઈઓ ! બહેનો ! મારી વાતો કડવી લાગશે પણ કડવી દવા જ બીમારીનો ઈલાજ હોય છે, મને થોડીવાર માટે માફ કરી આપો અને તમારા દિલમાં ખુલૂસ પેદા કરો, અલ્લાહનો ડર પેદા કરો ! સાચા મુસલમાન બનો ! સાચા આશિકે રસૂલ બનો ! અને ઠંડા દિલે વિચારો તો બંને જહાન તમારી આબાદ થઈ જશે.

વધુ એક કડવી વાત સાંભળી લો ! ઈસ્લામનો કાનૂન છે કે નિકાહ મુસલમાન મુસલમાન વચ્ચે જ થશે. બેમાંથી એક પણ બેઈમાન હશે, ગવાહો બેઈમાન હશે તો પણ નિકાહ થશે જ નહીં. તો એક ભાઈની મંગની એક વહાબી દેવબંદીને ત્યાં થઈ. મને ખબર પડતાં મેં તે છોકરાને સમજાવ્યો તો તેણે કહ્યું કે મારા પિતાને તમે સમજાવો. તો હું એક રોજ અસર બાદ સર્વ દીની કિતાબો લઈને તેના પિતા પાસે ગયો અને સીધી ચર્ચા શરૂ કરી. તેમણે પોતાની ફિલોસોફી રજૂ કરી કે, આપણે ત્યાં લાવી સુન્ની બનાવી દઈશું..... વગેરે. તો મેં તેમને સમજાવ્યા કે છોકરીના અકીદા દેવબંદી જેવા છે તો નિકાહ થશે નહીં અને મોટા ભાગે

ઔલાદ માં બાપના મઝહબ પર જ હોય છે. વળી તમે દેવબંદીઓ સાથે સગાઈ કરશો, તેઓ સાથે આવન જાવનનો વહેવાર થશે, જે હરામ છે, અને મહોબ્બત વધશે તો જતા દહાડે ઈમાન અધિક કમજોર થશે અને અધિક્તર ખતરો છે કે ઔલાદ એ તરફ જતી રહે, અને એવા અસંખ્ય દાખલા છે કે લોકો ક્યાં તો દેવબંદી બની ગયા, ક્યાં તો "સુલેહકુલ્લી" થઈ ગયા, જે આ શાદી વહેવારનું જ પરિણામ છે. કિતાબોમાંથી કેટલુંક સંભળાવ્યું. છેવટે કોઈ દલીલ ન રહી તો તેમણે કહ્યું કે, "તમારી વાત સાચી, પણ હવે અમારી ઈજ્જતનો સવાલ છે ! છોકરાના મામાની સામે સગાઈ જોવાની છે ! દુનિયા શું કહેશે ?!" મેં કહ્યું કે, "દુનિયાની ઈજ્જત કાંઈ નથી, આખેરતમાં તો ખુદાની નાફર્માનીનું પરિણામ એ છે કે આખી મખ્લૂક વચ્ચે બેઈજ્જત કરીને જહન્નમમાં ફેંકવામાં આવશે. તો તે કઈ રીતે સહન થશે ! અને આ સંબંધ કટ કરવામાં તો બંને જહાનમાં ઈજ્જત છે કે તમે અલ્લાહ તથા રસૂલની મહોબ્બતને ખાતર ખુદા વ રસૂલના ગુસ્તાખોથી સંબંધ કટ કર્યો ગણાશે." પણ તે ભાઈ ન માન્યા ! બેશક ! ખુદા જેને સારી તૌફીક઼ આપે તે જ બચે. (અલ્લાહની પનાહ !)

હવે આવા લોકો જેમને બાતિલ ફિર્કાઓ સાથે વહેવાર, દોસ્તી, સગાઈ, સંબંધ જરાય છોડવો નથી પછી આશિકે઼ રસૂલ અને આશિકે઼ ગૌષ બનીને ગમે તેવાં જાહેરી નેક કામો કરે, ગામોનાં ગામોને ન્યાઝો ખવડાવે, પણ નથી લાગતું કે એ બધું સ્પેર રહી જશે ! જ્યાં સુધી કે દિલોમાં ઈખ્લાસ ન હોય. અને ઈખ્લાસ એ છે કે, "અલ્લાહના દોસ્તોથી દોસ્તી અને દુશ્મનોથી દુશ્મની." ઈમાન તથા અમલ બંનેવ બાબતોમાં આપણામાં નિખાલસતા હોવી જોઈએ તો જ આપણા અમલો બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં ક઼બૂલ થશે.

## દોઝખ ચીસો પાડશે ?!

એક અન્ય હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત પામી છે. તેમણે ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે આપ ફર્માવતા હતા કે **દોઝખ અને દોઝખવાસીઓ રિયાકારોથી ચીખી ઉઠશે !** કહેવામાં આવ્યું કે યા રસૂલુલ્લાહ ! ﷺ **દોઝખ શા માટે ચીસો પાડી ઉઠશે ?!** આપે ફર્માવ્યું કે તે આગની ગરમીથી જેના વડે રિયાકારોને અઝાબ આપવામાં આવશે. *(મિન્હાજુલ આબિદીન)*

અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં નફ્સનો ઘેરાવ કરવાનો હુકમ આપ્યો છે. ફર્માને ઈલાહી છે:–

**يَآيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَلْتَنْظُرْ نَفْسٌ مَّا قَدَّمَتْ لِغَدٍ** **તર્જુમો** : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને દરેક નફ્સ એ જુએ કે તેણે કાલના માટે શું મોકલ્યું છે."

આ આયતે કરીમામાં એ વાતની તરફ ઈશારો છે કે ઈન્સાન પોતાના ભૂતકાળના અમલોનું ચેકીંગ કરે. એટલા માટે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, **"એ પહેલાં કે તમારી છાનબીન થાય તમે જાતે જ છાનબીન કરો અને એ પહેલાં કે તમારા અમલો તોલવામાં આવે તમે જાતે જ તમારા અમલો તોલી લો."** *(મુકાશફતુલ કુલૂબ)*

હઝરત સૈયદના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : હુઝૂર ﷺ એ ફર્માવ્યું, "આખર જમાનામાં એવી ક઼ૌમો જાહેર થશે જે દુનિયાની પાછળ પડવામાં ઘોડોઓની જેમ દોડશે." અને બીજી રિવાયતમાં છે, "આખર જમાનામાં એવી ક઼ૌમો જાહેર થશે જે દીનના બદલામાં દુનિયા હાંસલ કરશે." *(તંબીહુલ ગાફેલીન)*

અલ્લાહ તઆલા આપણને સૌને રિયાકારીથી બચાવે અને સાચા દિલથી ઈખ્લાસ સાથે તેની રઝામંદીને ખાતર દીને ઈસ્લામ પર ચાલવાની તૌફીક઼ અતા ફર્માવે અને આપણા સર્વ જાહેર છુપા જાણે અજાણે થયેલા ગુનાહોને માફ ફર્માવે અને ઈમાન અમલ પર અડગ રાખી આપણો ખાત્મો બિલખૈર ફર્માવે. આમીન બિજાહિન્નબીકરીમ ﷺ.

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

-કાર્યાલય

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَمِنَ النَّاسِ مَنْ يَّشْرِىْ
نَفْسَهُ ابْتِغَآءَ مَرْضَاتِ اللّٰهِ ؕ وَاللّٰهُ رَءُوْفٌ ۢ بِالْعِبَادِ ﴿۲۰۷﴾ يٰٓاَيُّهَا
الَّذِيْنَ اٰمَنُوا ادْخُلُوْا فِى السِّلْمِ كَآفَّةً ۖ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ
الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۲۰۸﴾ فَاِنْ زَلَلْتُمْ مِّنْ بَعْدِ مَا
جَآءَتْكُمُ الْبَيِّنٰتُ فَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۲۰۹﴾ هَلْ يَنْظُرُوْنَ
اِلَّآ اَنْ يَّاْتِيَهُمُ اللّٰهُ فِىْ ظُلَلٍ مِّنَ الْغَمَامِ وَالْمَلٰٓئِكَةُ وَ
قُضِىَ الْاَمْرُ ؕ وَاِلَى اللّٰهِ تُرْجَعُ الْاُمُوْرُ ﴿۲۱۰﴾

**તર્જુમો**

અને લોકોમાંથી તે પણ છે જે[૨૫૮] વેચી નાખે છે પોતાની જાન પણ અલ્લાહની ખુશ્નૂદીઓ હાંસલ કરવા માટે અને અલ્લાહ અતિશય મહેરબાન છે પોતાના બંદાઓ પર. હે ઈમાનવાળાઓ ![૨૫૯] ઈસ્લામમાં પૂરે પૂરા દાખલ થઈ જાવ અને ન ચાલો શૈતાનના નક્શે ક઼દમ પર, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે.[૨૬૦] અને જો તમે લપસવા લાગો ત્યાર પછી કે આવી ચૂકી છે તમારી પાસે રોશન દલીલો, તો જાણી લો[૨૬૧] કે અલ્લાહ તઆલા જબરદસ્ત છે હિક઼મતવાળો છે. શું તેઓ એ વાતની રાહ જોઈ રહ્યા છે કે[૨૬૨] આવે એમની પાસે અલ્લાહનો અઝાબ છવાયેલાં વાદળો (ના રૂપ)માં અને ફરિશ્તા, તથા (તેમનો) ફેંસલો કરી દેવામાં આવે. અને છેવટે અલ્લાહની તરફ જ પલટાવવામાં આવશે સર્વ મામલાઓ.

**તફસીર..............**

**૨૫૮** : મુનાફિક઼ો અને મુનાફિક઼ જેવી વૃત્તિવાળા લોકોની અખ્લાક઼ી અધોગતિનો ઉલ્લેખ કર્યા બાદ હવે તે ખુદાના ખાસ બંદાઓનું વર્ણન છે જેમાં પોતાનું તન, મન, ધન પોતાના મૌલાએ કરીમની રઝામંદીના માટે કુર્બાન કરવા માટે તત્પર બેઠેલા છે. હઝરત સુહૈબ رضی اللہ عنہ હિજરતના ઈરાદાથી મક્કાથી નીકળ્યા હતા, કાફિરોએ ઘેરી લીધા તો તેમણે કહ્યું કે મારો સર્વ માલસામાન લઈ લો અને મને મદીના જવાથી ન રોકો. તો કાફિરો એના માટે રાજી થઈ ગયા અને એ મર્દે હક્ક઼ પરસ્ત જ્યારે પોતાની જિંદગીનો સઘળો સરસામાન લૂટાવીને મહબૂબે રબ્બુલ આલમીન ﷺની ખિદમતે અક઼દસમાં હાજર થયો તો જિબ્રઈલ અમીન આ આયત લઈને પહોંચી ગયા. કેટલા ખુશનસીબ હતા સોહેબ رضی اللہ عنہ અને કેટલા ઉચ્ચ ક઼િસ્મતવાળા છે એની રાહ પર ચાલવાવાળા.

**૨૫૯** : سِلْم અને سَلْم બંનેવ ક઼િરાઅતો છે, બંનેવનો અર્થ છે : માથુ ઝુકાવી લેવું, બિનશરતી ફર્માંબરદારી અપનાવી લેવી છે. **السلم باكسر وَالفتح الِاستسلام وَاطّاعة** *(બયઝાવી તથા મઝહરી)* અહીં એનાથી મુરાદ ઈસ્લામ છે. આયત આપણને ઈસ્લામના (મિઝાજ–પ્રકૃતિ)થી માહિગાર કરી રહી છે કે આ દીન સંપૂર્ણ જીવન બંધારણ તથા સંપૂર્ણ જીવન દસ્તૂર છે. એના પોતાના અક઼ીદા છે, એના પોતાના દીવાની તથા

ફોજદારી કાનૂનો છે. રાજનૈતિક તથા આર્થિકના સંબંધે એના પોતાના ખયાલો છે અને એ માનવીની માનસિક, રૂહાની તથા ભૌતિક પ્રગતિનો જામિન છે, પરંતુ **એની બરકતો ત્યારે જ પ્રગટ થઈ શકે છે જ્યારે કે એને માનવાવાળા એને સંપૂર્ણપણે અપનાવી લે અને તેના સર્વ બંધારણ તથા કાનૂનો પર અમલ કરતા થઈ જાય.** એટલા માટે અલ્લાહ તઆલા ઈમાનવાળાઓને હુકમ આપે છે કે તેઓ તેને પૂર્ણપણે સ્વીકારી લે, એનો કોઈ ખૂણો ન છોડે અને ઈસ્લામી કૌમની કોઈ વ્યક્તિ એને અપનાવવામાં આનાકાની ન કરે. كَافَّةً નો શબ્દ એ બંને વાતો પ્રતિ નિર્દેશ કરી રહ્યો છે.

**૨૬૦** : એટલે કે હક્કને બાતિલની સાથે ન મિલાવો કે એ રીતે હક્કનું હુસ્ન (સુંદરતા) દાગદાર થઈ જશે અને એનું મૂળ વિકૃત થઈ જશે. આજે આપણી શું હાલત છે, કેવી રીતે ઈસ્લામના નામ પર શહેર આબાદ કરવામાં આવે છે, પછી એના મુખ્ય માર્ગો પર ઈસ્લામના નામ તથા તેના નિઝામ (બંધારણ)ને બદ્નામ કરવામાં આવે છે. ઈસ્લામના નામ પર દેશો અસ્તિત્વમાં લાવવામાં આવે છે પરંતુ ઈસ્લામના કાયદા કાનૂન, અખ્લાકના નિયમો તથા તેની પવિત્ર મર્યાદાઓની અવગણના કરવામાં આવે છે. આ ખુદા ફરેબી પણ છે અને ખૂદ ફરેબી પણ છે. શું હજી તે સમય નથી આવ્યો કે આપણે આપણી પોતાની સાથે મજાક કરવાનું છોડી દઈએ.

**૨૬૧** : એટલે કે જો તમે એવું કર્યુ તો અલ્લાહ તમારાથી બદલો લેશે, તે અઝીઝ છે, સૌના પર પ્રભુત્વવાળો છે, કોઈ તેના હુકમની સામે દમ નથી મારી શક્તું. પરંતુ તેનું દરેક કાર્ય હિકમત પર આધારિત હોય છે. જો તેની હિકમતનો તકાઝો એ હોય કે આ નાફર્માનને હમણા ઢીલ આપવી જોઈએ તો તેને તુરત જ પકડી લેવામાં નથી આવતો, બલ્કે તેને ઢીલ આપવામાં આવે છે. એટલા માટે

**::તલબા/વિદ્યાર્થી લેખ હરીફાઈમાં જોડાય ::**

'બરકાતે ખ્વાજા' (માસિક) લેખ હરીફાઈમાં વિષય : **'ઈસ્લામની તબ્લીગમાં સ્ત્રીઓનો કિરદાર'** **તા. ૧૨/૫/૨૦૦૮** સુધીમાં કાર્યાલયના સરનામે લેખ પહોંચાડવો. ઉલમા, ઉસ્તાદો તથા વડીલો દારુલ ઉલૂમ, મદરસા, સ્કૂલના વિદ્યાર્થી/તલબાને માર્ગદર્શન આપે અને હરીફાઈમાં જોડાવા પ્રોત્સાહિત કરે એવી વિનંતિ છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અઝીઝની સાથે હકીમનો ઉલ્લેખ પણ થયો છે.

**૨૬૨** : આ આયતમાં આવવાની નિસ્બત જાહેરી રીતે અલ્લાહ તઆલાની પ્રતિ કરવામાં આવી રહી છે, પરંતુ આવવું જવું શરીરની સિફતો છે અને અલ્લાહ તઆલા શરીર તથા તેની સિફતોથી પાક તથા પવિત્ર છે, એના સંબંધે ઉલમાએ સલફ (પૂર્વજ)ની એકમતિવાળી રાય એ છે કે આવી સર્વ આયતો 'મુતશાબેહાત'માંથી છે, અને તેનો સાચો ભાવાર્થ અલ્લાહ અને તેના રસૂલ બેહતર જાણે છે. આપણે એના સંબંધે મૌન ધારણ કરવાનું છે.

**قال سفیان بن عیینه کل ماوصف الله به نفسه--- لیس لا حد ان یفسرهٗ الا الله ورسوله وبه قال ابوحنیفه** رحمۃ اللہ (મઝહરી)

પરંતુ ઉલમાએ મુતાખ્ખેરીન (પાછલા)નો મસ્લક એ છે કે એ આયતોની એવી તાવીલ (અર્થઘટન) કરવી જે તેની શાનને લાયક હોય તે દુરુસ્ત છે. જેમ કે અલ્લામા બયઝાવી رضی اللہ عنہ અને અન્ય મુફસ્સિરોએ અહીં આયતમાં જે વસ્તુની નિસ્બત કરવામાં આવી છે તેનો શબ્દોમાં ઉલ્લેખ નથી, એટલે કે મૂળ લખાણ આમ હતું !

(બયઝાવી) **ان یأتیھُم امُرالله وباسه** અને અરબી ડિક્ષનરીમાં જે વસ્તુની નિસ્બત કરવામાં આવે છે તેને શબ્દોમાં વર્ણન કરવું સામાન્ય રિવાજ છે. મેં તર્જુમામાં એ જ કૌલને અપનાવ્યો છે.

## ★ હદીષ : ૬૧ ★

હઝરત અબૂ દરદા رضى الله عنه થી રિવાયત છે. તે હુઝૂર ﷺ થી રિવાયત કરતાં ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તઆલાએ હઝરત આદમ عليه السلام ને પેદા કર્યા તો તેમના જમણા ખભા પર દસ્તે કુદરત લગાડયો જેનાથી સફેદ રંગની ઔલાદ કીડીઓની જેમ કાઢી અને તેમના ડાબા ખભા પર માર્યો તો કાળી ઔલાદ કોલસા જેવી કાઢી[૧]. પછી જમણી બાજુવાળાઓના સંબંધે ફર્માવ્યું કે આ જન્નતની તરફ છે, મને પરવા નથી. ડાબા ખભાવાળાઓના સંબંધે ફર્માવ્યું, આ દોઝખની તરફ છે, મને પરવા નથી[૨]. *(અહમદ)*

હઝરત અબી નઝરહ્થી[૩] રિવાયત છે કે હુઝૂર ﷺ ના સહાબીઓમાંથી એક સાહબ જેમને અબૂ અબ્દુલ્લાહ કહેતા હતા તેમની બીમારપુર્સીના માટે તેમના દોસ્તો ગયા. તે રડી રહ્યા હતા[૪]. તો એ મિત્રો બોલ્યાં, શા માટે રડો છો ? શું તમને હુઝૂર ﷺ એ એ ન ફર્માવ્યું હતું કે તમારી મૂછો કટરાવો પછી તેના પાબંદ રહો, ત્યાં સુધી કે મને મળો[૫]. તે બોલ્યા, હા ! પરંતુ મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ عزوجل એ પોતાના ડાબા હાથ (દસ્તે કુદરત)માં એક મુટ્ઠી લીધી અને બીજા દસ્તે કુદરતમાં[૬] અને ફર્માવ્યું કે આ એના માટે છે અને આ એના માટે[૭]. અને મને પરવા નથી. અને મને ખબર નથી કે હું કઈ મુટ્ઠીમાં હતો ?[૮] *(અહમદ)*

### સ....મ....જૂ....તી....

**૧.** એ વાક્યો કેટલીયેવાર બન્યો કે સર્વ ઔલાદની પેશાનીમાં ફિતરી નૂરની ચમક હતી, આ વખતે કાફિરો તદન કાળા હતા અને મુસલમાન સફેદ. જેથી હદીષોમાં ટકરાવ નથી. *(મિર્કાત)* તેમના દિલની હાલત ચહેરાઓ પર પ્રદર્શિત હતી. એવું જ કયામતમાં થશે કે કાફિરો કાળા અને મુસલમાન સફેદ હશે. આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે આદમ عليه السلام ની ઔલાદમાં તમામ માનવોની રૂહો અને અસલ અંગો મૌજૂદ હતાં, જમણી બાજુ મુસલમાનોનાં અને ડાબી બાજુ કાફિરોનાં. બીજું એ કે **આદમ عليه السلام ને સર્વ જન્નતીઓ તથા દોઝખીઓનું ઈલ્મ** આપવામાં આવ્યું.

**૨.** એટલે કે મખ્લૂકના જન્નતી હોવાથી અમારો કોઈ લાભ નથી અને જહન્નમી હોવાથી અમારું કાંઈ નુકસાન નથી, ખૂદ એમનો જ લાભ અલાભ છે. તેમજ અલ્લાહ તઆલા પર કોઈ ચીજ વાજિબ નથી, ન તેનાથી કોઈ પૂછતાછ કરી શકે છે.

**૩.** આપ નઝરહ્ ઈબ્ને મદર ઈબ્ને માલિક જુહદી, મહાન તાબઈ છે. ખ્વાજા હસન બસરીથી થોડાક પહેલાં બસરામાં થયા અને ત્યાં જ હિ.સ..... માં વફાત પામ્યા.

**૪.** મૃત્યુના ડર કે બીમારીના તકલીફથી નહીં બલ્કે ખુદાના ખૌફથી જેવું કે આગલા લખાણથી જાહેર છે. એ સમયે આવી હાલત એ અલ્લાહની ખાસ રહમત છે. તે સહાબીનું નામ માલૂમ ન થઈ શક્યું. જાહેર છે કે ખબર પૂછવા આવનારા હઝરાત સહાબીઓ પણ હતા અને તાબઈન પણ હતા.

૫. એટલે કે હે સહાબીએ રસૂલ ! તમને આગળનો શો ખતરો છે ?! તમને તો હુઝૂર ﷺ એ બે ખુશખબરીઓ આપી દીધી છે, એક એ કે તમે જન્નતી છો, બીજી એ કે તમે જન્નતમાં હુઝૂર ﷺની નિકટતાના હક્કદાર છો. યાદ રાખશો કે દાઢી વધારવી અને મૂછો કટરાવવી એટલી કે ઉપરના હોઠનો સર્વ કિનારો ખુલ્લો થઈ જાય એ સુન્નતે મોઅક્કદા બલ્કે વાજિબ છે, અને તેની પાબંદી જન્નતી થવા અને હુઝૂર ﷺની નિકટતાનો ઝરીયો છે, જેમ કે સુન્નત છોડવાની આદત હુઝૂર ﷺથી દૂરીનો સબબ છે.

૬. દસ્તે કુદરતની તે મુટ્ઠીઓમાં માનવોની રૂહો હતી. આ હદીષ 'મુતશાબેહાત'માંથી છે. રબ તઆલા મુટ્ઠીના જાહેરી અર્થથી પાક છે.

૭. એટલે કે જમણી મુટ્ઠીવાળા જન્નત માટે છે અને ડાબી મુટ્ઠીવાળા દોઝખના માટે.

૮. જમણીમાં કે ડાબીમાં, જેથી હું જન્નતી છું કે દોઝખી ! અહીં ઈલ્મનો નકાર નથી પણ 'દિરાયત'નો નકાર છે 'દિરાયત' અટકળ તથા કયાસથી જાણવાને કહે છે. હુઝૂર ﷺની બશારતથી તેમને યકીનન પોતે જન્નતી હોવાનો ઈલ્મ હાંસલ થઈ ચૂક્યો હતો. આજે સિદ્દીક તથા ફારૂકના જન્નતી હોવા પર જન્નતી હોવા પર આપણુ ઈમાન છે, જે એમના જન્નતી હોવામાં શકે કરે તે બેઈમાન છે. આપના જવાબનો મકસદ એ છે કે, આ મુટ્ઠીઓવાળી હદીષ મારી સમક્ષ થવાથી મારી નજર તે બશારત પર રહી જ ન હતી એટલા માટે હું રડયો હતો. યાદ રાખશો કે એ સહાબીઓનો અથવા ખૂદ નબી ﷺનો ખૌફ એ જલાલનો ખૌફ છે, ન કે ધમકીનો ખૌફ, તેમને ખુદાના વાયદાઓ પર અવિશ્વાસ ન હતો. જેવી રીતે મુખ્ય વઝીરને એ જલાલનો ખૌફ હોય છે, શાહી દરબારનો ડર હોય છે. જે ખુદાના વાયદાઓ પર વિશ્વાસ ન કરે તે કાફિર છે. જલાલનો ખૌફ એ ઈમાનની કુવ્વતની દલીલ છે. મૂસા عليه السلام ને ફિરઔનથી ઈજાનો ખૌફ હતો, જો કે રબે તેમને હિફાઝતનો વાયદો ફર્માવી લીધો હતો. જેથી આ હદીષથી અલ્લાહ માટે જૂઠની શક્યતા (ઈમ્કાને કિઝ્બ)નો મસ્અલો કદી સાબિત નથી થઈ શકતો.

પેજ નં. ૩૧ નું ચાલુ....

અને ઈન્કાર ન કરી શકાય તેવા સ્પષ્ટ પુરાવાઓની અપેક્ષા છે કે (આપનું જંગમાં ભાગ લેવું) માત્ર એક અફવા છે કે જંગ લડવામાં બીજા લોકો સાથે સૈયિદુનલ ઈમામુલ કબીર (મૌલાના નાનોત્વી) તથા આપના દીની સાથીઓ પણ સાથે હતા. બલ્કે વાકીઓ તે જ છે જે લેખકે (મૌલાના રશીદ અહમદ ગંગોહીએ) લખ્યો છે કે, '' મૌલાના ફસાદ (જંગે આઝાદી)થી કોસો દૂર હતા.'' *(સવાનેહે કાસમી, ભાગ-ર, પેજ-૧૦૯)*

મૌલાના મુહમ્મદ ઝકરિય્યા સહરાનપૂરીના મુરીદ પ્રો. બશીર અહમદખાન માજી સદર શોબએ ઉલૂમે ઈસ્લામિયા હમદર્દ યુનિવર્સિટીએ શામલીના બનાવ વિશે પોતાના ખયાલો આ રીતે જાહેર કર્યા છે :-

''શામલીની લડાઈ જેમાં મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી તથા મૌલાના રશીદ અહમદ ગંગોહી વગેરેનું ભાગ લેવું અને હાફિઝ ઝામિનની શહાદતનું વર્ણન છે તે જ તે જગ્યા પૂરતી એક મામૂલી લડાઈ હતી, જેનો સહારો લઈ મોટા પાયા પર ૧૮૫૭ની જંગમાં તેમનો મહત્વનો કિરદાર હોવાનો દાવો કરવો સહીહ નથી.'' *(૧૮૫૭ પસ મન્ઝર વ પેશ મન્ઝર, પેજ-૧૦૦, અઝ : મૌલાના યાસીન અખ્તર મિસ્બાહી)*

આ બધા જ પુરાવાઓની રોશનીમાં હવે ફેંસલો વાંચકો પર છોડવામાં આવે છે કે ૧૮૫૭ના બળવામાં દારુલ ઉલૂમ દેવબંદ તથા ઉલ્માએ દેવબંદનો કિરદાર શું હતો ? તેઓ અંગ્રેજોના ગદ્દાર હતા કે તેઓના વફાદાર ?! *(સંપૂર્ણ)*

## ફતવા વિભાગ
કાર્યાલય

### મઝારોના ફોટા પર હાર ચઢાવવું કેવું ?!

**સવાલ** : મુક઼દ્દસ જગાઓ અથવા બુઝુર્ગોના મઝારોની તસ્વીર (ફોટાઓ) પર ફૂલહાર વગેરે ચઢાવવું કેવું છે ?

**જવાબ** : આ કામમાં નીચે દર્શાવેલ ખરાબીઓ ઉપસ્થિત છે : (૧) માલ બરબાદ કરવો (૨) કાફિરોથી મુશાબેહત (મળતાપણુ) અલ્લાહ તઆલાનું ફર્માન છે, كُلُوْا وَشْرَبُوْا وَلَا تَسْرِفُوْا ''ખાઓ અને પીઓ અને ફુઝૂલખર્ચી ન કરો !'' *(સૂ. અઅ્રાફ, આ. ૩૧)*

اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ

''ફુઝૂલખર્ચી કરવાવાળા શૈતાનના ભાઈ છે.'' *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૨૭)* મુક઼દ્દસ જગાઓ અથવા બુઝુર્ગોના આસ્તાનાઓની તસ્વીર પર ફુલહાર... વગેરે ચઢાવવાથી કોઈ ફાયદો થતો નથી બલ્કે નુકસાન છે અને કુર્આનના હુકમના વિરુધ્ધ વર્તન છે. બુઝુર્ગોના મઝાર પર અથવા મુસલમાન પુરૂષો તથા સ્ત્રીઓની ક઼બર પર ફૂલ વગેરે એટલા માટે ચઢાવવામાં આવે છે કે તેની તસ્બીહ તથા હમ્દથી તેમને સુકૂન મળે છે. હવે જાહેર છે કે તસ્વીર સાથે આવું કરવાથી કાંઈ હાંસલ થતું નથી.

બીજી સૌથી મોટી ખરાબી હિંદુઓથી મળતાપણુ છે. અલ્લાહના રસૂલ ﷺનું ફર્માન છે, مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَ مِنْهُمْ ''જે કોઈ જે કૌમની મુશાબેહત (મળતાપણુ) ઈખ્તિયાર કરે તે તેઓમાંથી છે. હિંદુઓ તેમની મૂર્તિઓને અને તસ્વીરોને ફૂલમાળા ચઢાવે છે, ખરેખર આપણે જોઈએ છે. આવી સ્થિતિમાં મુસલમાનોએ તેમના મળતાપણાથી જરૂર બચવું જોઈએ. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં આપણને દરેક બુરાઈઓથી મેહફૂઝ રાખે. (આમીન)

### ચાઈનીઝ ખાવા વિશે હુકમ

**સવાલ** : ચાઈનીઝ ખાવાના બારામાં ઈસ્લામી શરીઅતનો શું હુકમ છે ?

**જવાબ** : 'ચાઈનીઝ' અને 'ચાઉમીન' વગેરે નામ પરથી જ ચીની ખોરાક હોવું જાણવા મળે છે. સાંભળવામાં આવ્યું છે કે તેમાં એક એવો પાવડર નાખવામાં આવે છે જે સુવ્વરના હાડકામાંથી તૈયાર કરવામાં આવે છે. ઓલમા ફર્માવે છે કે સુવ્વરના શરીરના કોઈ પણ ભાગથી તૈયાર થયેલ ચીજ જો તે દવા કે હોય ખાવા હોય, દરેક હાલતમાં તેને ખાવુ સખ્ત હરામ છે. તેનો ઉપયોગ કરવાવાળો સખ્ત ગુનેહગાર અને જહન્નમના અઝાબને પાત્ર છે. અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ الْمَيْتَةَ وَالدَّمَ وَلَحْمَ الْخِنْزِيْرِ

''તેણે આટલાં જ તમારા પર હરામ કર્યા છે મુરદાર અને લોહી અને સુવ્વરનું માંસ.'' *(સૂ. બકરહ, આયત–૧૭૩)* આ પવિત્ર કુર્આનની આયત સ્પષ્ટ જણાવે છે કે ઈસ્લામી શરીઅતના પાયા પર સુવ્વર અથવા તેના કોઈ ભાગને ખાવાની પાબંદી સંબંધે સર્વે ઉમ્મત એકમત છે. જેથી જો ચાઈનીઝ અથવા તેવો કોઈ ખોરાક અથવા કોઈ કામમાં આવનારી વસ્તુ સુવ્વરના હાડકા અથવા તેની ચરબીથી તૈયાર કરવામાં આવે છે, તો કશાય શક વિના તેનું ખાવુ અથવા તેને ઉપયોગમાં લેવું નહીં, તેમજ તેને ખરીદવું, વેચવું, તેની તરફ આકર્ષવું એ દરેક કાર્ય હરામ છે અને ગુનોહ છે. અલ્લાહ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં દરેક મુસલમાનોને એનાથી મેહફૂઝ રાખે. (આમીન)

**લખનાર** : (મુફ્તી) સૈયદ સૈફુદ્દીન અસ્દક઼ ચિશ્તી, રઝા જામેઅ મસ્જિદ, કુર્લા (ઈ), મુંબઈ

**અનુવાદક** : અબ્દુર્રઉફ યાકૂબ–પાલેજ મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ *(જામે શુહૂદ, જાન્યુ., ફેબ્રુ–૨૦૦૮)*



# તૌબાનું
## મહત્વ અને તેની ફઝીલત


**રજૂકર્તા : મુહમ્મદ તૌફીક઼ રઝવી પેટલાદી** *(તાલિબે ઈલ્મ : દારુલ ઉલૂમ ગ઼ૌષે આ'ઝમ–પોરબંદર)*


**લાજ રખ લે ગુનાહગારોં કી**
**નામ રહમાન હૈ તેરા યા રબ !** *(હસન રઝા ખાં)*

**તૌબા** અલ્લાહ તઆલા તરફથી મળેલ એક ભેટ છે. તૌબા એક એવો દરવાજો છે કે જેમાં દાખલ થવાથી માનવી અલ્લાહ તઆલાની બારગાહમાં મરદૂદની જગ્યાએ મહબૂબ, શત્રુની જગ્યાએ મિત્ર, દોઝખની જગ્યાએ જન્નતનો હક઼્ક઼દાર બની જાય છે. તૌબા ગુનાહોનો એવો ઈલાજ છે જે માનવીને એવો પાક બનાવી દે છે કે હમણા જ માં ના પેટથી પૈદા થયો હોય. જયારે કોઈ દોસ્ત, ગુલામ પોતાની ખતાઓની માફી પોતાના દુશ્મન અથવા માલિકથી માંગે તો કદાચ માફ કરી આપે પણ આ દુનિયાવાળા છે ક્યારેક માફ ન પણ કરે ! પણ અલ્લાહ તઆલાની બારગાહે રહમત એવી છે કે ત્યાં મોટાથી મોટા ગુનાહગારને પણ તૌબાની પનાહ મળે છે, એના ગુનાહ માફ કરી દેવામાં આવે છે. મોટાથી મોટો ગુનેહગાર, ખતાકાર, કુકર્મી કેમ ન હોય પણ જો તે અલ્લાહની બારગાહમાં તૌબા કરે તો જરૂર અલ્લાહ તઆલાની બારગાહમાં તેની તૌબા ક઼બૂલ કરવામાં આવે છે.

### શું તમે તૌબા કરો છો ખરા ?!

ગુન્યતુન્તાલિબીન નામી કિતાબમાં ગ઼ૌષ પાક હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رضی اللہ عنہ ઈર્શાદ ફર્માવે છે કે, દરેક માનવી પર તૌબા કરવી ફર્ઝે ઐન છે, કારણ કે કોઈપણ માનવી હાથ પગના અમલી ગુનાહ (શરીરના અંગોથી થતા ગુનાહ)થી ખાલી નથી. જો અમલી ગુનાહ ન પણ હોય તો દિલમાં ગુનાહનો ઈરાદો તો હશે જ, જો દિલમાં ગુનાહનો ઈરાદો ન હોય તો શૈતાની વિચારો તો આવશે જ, જે અલ્લાહ તઆલાની યાદથી ગાફિલ કરનાર હશે, એટલા માટે તૌબા સર્વ માટે જરૂરી છે.

### સગીરા તથા કબીરા ગુનોહ કયો ?!

દરેક વ્યક્તિ ગુનાહ કરે છે, પણ એના ગુનાહના પ્રકાર અલગ અલગ હોય છે. ગુનાહ જો બંદાની નજરમાં નાનો હોય છે તો તે અલ્લાહ તઆલાની નજરમાં મોટો થઈ જાય છે. અને જો ગુનાહને બંદો મોટો જાણે તો તે અલ્લાહ તઆલાની નજરમાં નાનો થઈ જાય છે. ગુનોહ નાનો હોય તે ન જોવું જોઈએ પણ જેના સમક્ષ ગુનોહ કરીએ છીએ તેની અઝમત, બુઝુર્ગી જોવી જોઈએ. એટલા માટે અલ્લાહ તઆલાની મઅરેફત રાખવાવાળા કોઈ પણ ગુનાહને નાનો નથી સમજતા, અલ્લાહ તઆલાના કોઈપણ હુકમની નાફર્માનીને કેટલી પણ નાની હોય તેને કબીરા (મોટો) ગુનાહ સમજે છે.

એક સહાબીએ પોતાના શિષ્યો એટલે કે તાબઈનને કહ્યું કે તમે કેટલાંક એવાં કામ (ખતા) કરો છો જે તમારા સમક્ષ વાળથી પણ બારીક છે, પણ અમે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એને પોતાની હલાકત (તબાહી) સમજતા હતા ! એનું કારણ એ હતું કે અમને રસૂલુલ્લાહ ﷺની નઝદીકી પ્રાપ્ત હતી, અને તે અલ્લાહ તઆલાના પણ વધુ નજીક હતા.

### નબી તો મઅ્સૂમ છતાં તૌબા કરતા ?!

તૌબાથી ગુનાહ દૂર થઈ જાય છે અને દિલને આરામ પ્રાપ્ત થાય છે. આપણા નબી કરીમ ﷺ પણ ઉમ્મતની તા'લીમ ખાતર પોતે તૌબા કરતા હતા. (તૌબા ઉમ્મતના માટે કરતા હતા કારણ કે તે ગુનેહગાર ન હતા, અંબિયા મા'સૂમ હોય છે.) હુઝૂર ઈર્શાદ ફર્માવે છે :–

"મારા દિલ પર કોઈક વસ્તુ છવાઈ જાય છે અને હું અલ્લાહ તઆલાની બારગાહમાં દિવસ રાત સિત્તેર (૭૦) વખત ઈસ્તિગફાર કરું છું."

અને બીજો એક ઈર્શાદ છે :–

"હે લોકો ! અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરો ! બેશક ! હું દિવસમાં સો (૧૦૦) વખત એની બારગાહમાં તૌબા કરું છું !"

અને અલ્લાહ તઆલા પણ તૌબા કરવાનો હુકમ આપે છે :–

"હે ઈમાનવાળાઓ ! અલ્લાહ સમક્ષ એવી તૌબા કરો જે આગળ તમારા માટે નસીહત બની જાય. *(પા. ૨૮, સૂ. તહરીમ, આ. ૭, કન્ઝુલ ઈમાન)*

ઉપરની આયતની તફસીરમાં એ છે કે સાચી તૌબા જેનો અસર તૌબા કરનારાઓના કામમાં પ્રગટ થાય અને તેનું જીવન ફર્માબરદારી અને ઈબાદતોથી ઉભરાઈ ઉઠે અને તે ગુનાહોથી દૂર રહે. હઝરત ઉમર અને બીજા સહાબીઓએ ફર્માવ્યું કે, "તૌબ તુન્નસૂહ" તે તૌબા છે કે ત્યાર પછી તૌબા કરનાર પાછો ગુનોહ તરફ પલ્ટે નહીં જેમ કે દોહેલું દૂધ પાછુ આંચળમાં જતું નથી. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

અને બીજી જગ્યાએ આવી રીતે ઈર્શાદ ફર્માવે છે : "અને જે કોઈ બુરાઈ અથવા પોતાની જાન પર જુલ્મ કરે પછી અલ્લાહ તઆલાથી માફી માંગે તો અલ્લાહ તઆલાને માફી આપનાર મહેરબાન પામશે."

## અલ્લાહ તઆલા તૌબા ક઼બૂલ કરે છે

અલ્લાહ તઆલા રહમાન તથા રહીમ છે અને તૌબા ક઼બૂલ કરે છે, એટલા માટે ખૂદ પોતાની સિફત બયાન કરી છે, તે તૌબા ક઼બૂલ કરનાર છે અને પોતાના બંદાઓ પર રહમ કરીને એની નમ્રતાને ક઼બૂલ કરે છે અને તેને માફ કરી આપે છે. કુર્આન મજીદમાં ઈર્શાદ ફર્માવે છે :–

આ કિતાબ ઉતારવું અલ્લાહ તઆલા તરફથી છે જે ઈજ્જતવાળો, ઈલ્મવાળો, ગુનાહ માફ કરનાર અને તૌબા ક઼બૂલ કરનાર, સખ્ત અઝાબ આપનાર, મહાન ઈનામ આપનાર. તેના સિવાય કોઈ મઅબૂદ નથી, તેના પ્રતિ જ પાછું જવાનું છે." *(પારા–૨૪, સૂ. મુઅ્મિનૂન, કન્ઝુલ ઈમાન)*

અને બીજી આયતમાં ઈર્શાદ ફર્માવે છે :–

"અને તમે બધા જ અલ્લાહ તઆલા તરફ તૌબા કરો હે મુસલમાનો ! એ આશાએ કે તમે સફળતા પામો." *(પારા–૧૮, સૂ. નૂર, આ : ૩૧, કન્ઝુલ ઈમાન)*

અને મુસલમાનોને ખુશખબરી આપે છે :–

"અને તે જ છે જે પોતાના બંદાઓની તૌબા ક઼બૂલ કરે છે અને ગુનાહોને દરગુઝર ફર્માવે છે અને જાણે છે જે કાંઈ તમે કરો છો ." *(પારા–૨૫, સૂ. શૂરા, આ. : ૨૫, કન્ઝુલ ઈમાન)*

ઉપરોક્ત આયતોમાં અલ્લાહ તઆલા બંદાઓની તૌબા ક઼બૂલ કરે છે. જેમ કે પહેલાંના જમાનામાં એક ગુનેહગાર હતો તેણે પોતાની બધી જ ઉમર ખુદાની નાફર્માનીમાં વિતાવી દીધી, પણ અલ્લાહ તઆલાએ તેને તૌબાની તૌફીક઼ આપી અને તે એક દિવસ પોતાની પત્ની પાસે ગયો અને પૂછયું કે કોઈ એવો પણ દોસ્ત છે જે મારી સિફારિશ કરે ? એની પત્નીએ કહ્યું, કોઈ એવો દોસ્ત નથી. તેણે કહ્યું, હું અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરું છું. તેની પત્નીએ કહ્યું કે અલ્લાહ તઆલાથી તૌબા ન કર ! કારણ કે તારા અને અલ્લાહ તઆલા વચ્ચે જે સંબંધ હતો તેં તેને બગાડી નાખ્યો છે. એ વ્યક્તિ આ વાત સાંભળી જંગલની તરફ નાસી ગયો. જંગલમાં ક્યારેક આકાશને પોતાની સિફારિશ માટે પોકારતો અને ક્યારેક ધરતીને. આવી રીતે પોકારતો પોકારતો તે બેભાન થઈ ગયો અને જમીન પર પડી ગયો. અલ્લાહ તઆલાએ એક ફરિશ્તાને મોકલ્યો, ફરિશ્તાએ ઉઠાવી બેસાડી દીધો અને એના મોં પરથી ધૂળ માટી સાફ કરી,

અને ખુશખબરી સંભળાવી અને કહ્યું કે અલ્લાહ તઆલાએ તારી તૌબાને કબૂલ ફર્માવી લીધી છે. *(નુઝહતુલ મજાલિસ)*

## તૌબા તોડયા પછી પણ રબ તૌબા કબૂલ કરે છે

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જ્યારે ગુનાહથી તૌબા કરી લીધી પછી ગુનાહની પાસે ન જવું જોઈએ, છતાં પછી પણ જો કોઈ ગુનોહ થઈ જાય તો અલ્લાહ તઆલાની મહેરબાનીથી નિરાશ ન થવું જોઈએ. કારણ કે, "અલ્લાહ તઆલાની મહેરબાનીથી નિરાશ ન થાવ."

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"બેશક ! તે તૌબા કરનારને માફી આપનાર છે !" *(પારા–૧૫, સૂ. બની ઈસ્રાઈલ, આ. : ૨૫, કન્ઝુલ ઈમાન)*

સૈયદના મૂસા عليه السلامના જમાનામાં એક માણસ હતો જે તૌબા કરીને તોડી નાખતો હતો. અલ્લાહ તઆલાએ મૂસા عليه السلام પર વહી મોકલી કે, એ માણસને કહી દો કે, "હવેથી તૌબા કરીને તૌબા તોડે નહીં ! નહીંતર હું એનાથી નારાજ થઈ જઈશ અને તેને અઝાબ આપીશ !" આ ખબર સાંભળી એ માણસ પોતાની આદતની વિરુધ્ધ ગુનાહથી રોકાઈ રહ્યો. પણ પછી તૌબા તોડી નાખી અને નાફર્માની કરવા લાગ્યો. પછી અલ્લાહ તઆલાએ હઝરત મૂસા عليه السلام પર વહી મોકલી કે અલ્લાહ તઆલા પોતાના નાફર્માન બંદાથી નારાજ છે. મૂસા عليه السلامએ આ ખબર તેને સંભળાવી. તે માણસ આ સાંભળી જંગલમાં નાસી ગયો અને ત્યાં અલ્લાહ તઆલાથી કહેતો હતો :–

"હે મારા માલિક ! તેં મૂસા عليه السلامની મારફતથી મને ખબર સંભળાવી, શું તારી બખ્શિશનો ખજાનો પૂરો થઈ ગયો છે કે પછી મારી નાફર્માનીથી તને કોઈ નુકસાન થયું છે ! કોઈ ગુનોહ તારી મહેરબાનીથી મોટો છે ? માફ કરવો અને મહેરબાની કરવી તારી સિફત છે પછી તું મને માફ નહીં કરે ! જો તું તારા બંદાને નાઉમ્મીદ કરીશ તો પછી એ કોના દરવાજા પર જશે ?! તારી બારગાહથી ધુત્કારાયેલા બીજી કોની બારગાહ શોધે ?! યા અલ્લાહ ! જો તારી મહેરબાની સમાપ્ત થઈ ગઈ હોય અને તારો અઝાબ મારી પર આવવાનો છે તો પછી બીજા બંદાના ગુનાહ પણ મારી ઉપર થોપી દે કે હું એ બધા માટે મારી જાન અર્પણ કરી દઈશ !"

એનું આ પ્રમાણે કહેવું હતું કે અલ્લાહ તઆલાએ મૂસા عليه السلامની મારફત તેને ખબર પહોંચાડી કે, હે મારા ગુનેહગાર બંદા ! તું મારી મહેરબાનીથી નાઉમ્મીદ ન થા ! જો તારા ગુનાહથી ધરતી અને આકાશની વચ્ચેનો અવકાશ પણ ભર્યો હોય ત્યારે પણ હું તને માફ કરી દઈશ, કેમ કે તું મારી કામિલ મહેરબાની અને માફીનો માનનારો છે." *(નુઝહતુલ મજાલિસ)*

## તૌબાથી બુરાઈઓ નેકીઓમાં બદલાઈ જાય છે

જ્યારે બંદાઓ અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરે છે ત્યારે અલ્લાહ તઆલા તેની બુરાઈઓને માફ કરી દે છે અને બુરાઈઓની જગ્યાએ નેકીઓ લખી દેવામાં આવે છે. જેની સાબિતી કુર્આન અને હદીષથી છે.

"પરંતુ તે જે તૌબા કરે, ઈમાન લાવે, અને સદ્કર્મ કરે, તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી આપશે અને અલ્લાહ તઆલા માફ કરનાર મહેરબાન છે." *(પા–૧૯, સૂ. ફુર્કાન, આ. : ૭, કન્ઝુલ ઈમાન)*

અને મુસ્લિમ શરીફની હદીષમાં છે કે કયામતના દિવસે એક માણસ હાજર કરવામાં આવશે અને ફરિશ્તાઓ અલ્લાહના હુકમથી તેને તેના સગીરા ગુનાહો એક એક કરીને યાદ

અપાવશે. તે એકરાર કરતો જશે અને પોતાના મોટા ગુનાહો રજૂ કરવામાં આવવાથી ડરશે. ત્યાર પછી કહેવામાં આવશે કે દરેક બદીના બદલે તને એક નેકી આપવામાં આવી ! આ બયાન કરતાં કરતાં સૈયદે આલમ ﷺને અલ્લાહ તઆલાની બંદા નવાઝી પર ખુશી થઈ અને આપના મુબારક ચહેરા પર સ્મિતનાં ચિન્હો દેખાયાં." *(ખઝાઈનુલ ઈર્ફાન)*

## તૌબા કરવાવાળાથી રબ મહોબ્બત કરે છે

જે પણ બની આદમ અલ્લાહ તઆલાની બારગાહમાં પોતાની આજીઝીનો ઈઝહાર કરે છે, અલ્લાહ તઆલાની બારગાહમાં તૌબા કરે છે, અલ્લાહ તઆલા એને પસંદ રાખે છે. ખૂદ અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"બેશક ! અલ્લાહ તઆલા પસંદ રાખે છે વધારે તૌબા કરવાવાળાને અને પસંદ રાખે છે પાક રહેનારને." *(પારા–૨, સૂ. બકરહ, આ. ૨૨, કન્ઝુલ ઈમાન)*

આ આયતથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલા તૌબા કરનારથી મહોબ્બત રાખે છે અને તેને પસંદ કરે છે. હઝરત અલી كرم الله وجهه الكريم થી રિવાયત છે કે સૈયદે આલમ ﷺ ઈર્શાદ ફર્માવે છે :–

"બેશક ! અલ્લાહ તઆલા તે મો'મિન બંદો જે ગુનાહમાં સપડાય છે પછી ખૂબ તૌબા કરે છે તેને દોસ્ત રાખે છે." *(મિશ્કાત શરીફ)*

## તૌબાનો દરવાજો કયામત સુધી ખુલ્લો રહેશે

અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓની મગફેરત માટે તૌબાનો દરવાજો કયામત સુધી ખુલ્લો રાખ્યો છે, કારણ કે તે જાણે છે કે શૈતાન લઈનના વસવસાથી લોકો ગુનાહમાં મશગૂલ થશે અને પછી તે પોતાની મગફેરત માટે અલ્લાહ તઆલાથી માફી માંગશે. એટલા માટે અલ્લાહ તઆલાએ તૌબાનો દરવાજો કયામત સુધી ખુલ્લો રાખ્યો છે, કેમ કે તે માફી આપનાર અને મહેરબાન છે.

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! બેશક ! અલ્લાહ તઆલાએ પોતાના ગુનાહગાર બંદાઓની તૌબા કબૂલ કરવા માટે તૌબાનો દરવાજો ખુલ્લો રાખ્યો છે, પણ એનો એ અર્થ નથી કે આપણે કયામત સુધી ગુનાહ કરતા રહીએ ! આ સમય ગુનાહોથી તૌબા કરવાનો છે. કારણ કે આપણને ખબર નથી કે અલ્લાહ તઆલા મૌતના ફરિશ્તાઓને કયા સમયે મોકલે અને આપણને તૌબા કરવાનો સમય પણ ન મળે.

## ગુનાહથી સાચો પસ્તાવો એ જ તૌબા !

ફક્ત ઝબાનથી તૌબા કરવી "અસ્તગફિરુલ્લાહ" કહેતા રહેવું પણ તૌબા માટે પૂરતુ છે, પણ ઝબાનની સાથે સાથે દિલથી પણ તૌબા કરતા રહેવું જોઈએ, પોતાના કરેલા ગુનાહ પર શરમાવું અને અફસોસ કરવો અને સાચા દિલથી તૌબા કરવી એ જ સાચી તૌબા અને ઈસ્તિગફાર છે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું : "(ગુનાહ પર) પસ્તાવું જ તૌબા છે."

ઉપરની હદીષથી જાણવા મળ્યું કે પસ્તાવું જ તૌબાની જાન છે. આ એક એવો ઈર્શાદ છે કે જેમાં તૌબાની બધી જ શર્તો છે. કેમ કે તૌબાની એક શર્ત તો એ છે કે અલ્લાહ તઆલાના હુકમની નાફર્માની પર અફસોસ કરવો. બીજી શર્ત ગનાહને તુરત જ છોડી દેવો. ત્રીજી શર્ત ગુનાહની તરફ ન જવાનો ઈરાદો કરવો. આ ત્રણેવ શર્તો પસ્તાવામાં સામેલ છે. કેમ કે જ્યારે દિલમાં કરેલા ગુનાહ પર પસ્તાવો પૈદા થાય છે તો બીજી બે શર્તો પણ તેની સાથે સાથે આવી જાય છે.

પસ્તાવાની નિશાની એ છે કે દિલ નરમ બને અને અલ્લાહની બારગાહમાં સાચા દિલથી રડે. અલ્લાહ તઆલા સૌને સાચી તૌબાની તૌફીક આપે, ગુનાહોથી દૂર રહેવાની તૌફીક આપે. (આમીન ષુમ્મ આમીન)

# સદક઼ો અને સખાવત

## :: એક ખૂબ સૂરત અમલ ! ::

**મૂળ લેખક : હઝરત મૌલાના સૈયદ નદીમ ઝફર ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

**અનુવાદક : ઈસ્માઈલ સાલેહ** *(દયાદરા, તા. જિ. ભરૂચ)*

સદક઼ા અને સખવાતમાં એટલી બધી રહમતો અને બરકતો છે કે એનું બયાન અનેક હદીષોમાં જોવા મળે છે. રસૂલે અકરમ ﷺ એ ફર્માવ્યું કે, "હે ઈમાનવાળાઓ! સલામને આમ કરો, ભૂખ્યાને ખવડાવો, રિશ્તેદારોના હક઼્ક઼ અદા કરો અને રાતના એકાંતમાં **જ્યારે દુનિયા સૂતી હોય ત્યારે ઈબાદત કર્યા કરો.** (જો આમ કરશો તો) બેશક! અલ્લાહ તઆલા તમને **સલામતી સાથે જન્નત** અતા કરશે. અને **બેશક ! સદક઼ો અલ્લાહના અઝાબથી બચાવે છે અને કષ્ટદાયક મૌતથી દૂર રાખે છે.** નિઃશંક ! **સદક઼ો** ઈમાનવાળાઓ માટે **રહમતનો સાચો** છે. તમામ પ્રકારના સદક઼ામાં **"ભૂખ્યાને ખવડાવવું એ ઉત્તમ સદક઼ો** છે."

"સદક઼ો આપવામાં ઉતાવળ કરો કેમ કે કોઈ પણ **બલા મુસીબત સદક઼ાથી આગળ નીકળી શકતી નથી."** રોજ સવારે બે ફરિશ્તાઓ રબ તઆલા તરફથી જમીન પર ઉતારવામાં આવે છે જેઓ પુકારે છે કે, "યા અલ્લાહ ! ફલાણા ફલાણા બંદાની નવાઝીશ કરી દે તારી રહમતથી જેણે સખાવત કરી અને તારી રાહમાં તેના માલને ખર્ચ કર્યો. જ્યારે બીજો ફરિશ્તો અવાજ આપે છે, "યા રબ્બુલ ઈઝ્ઝત ! ફલાણા ફલાણા શખ્સની દૌલતને બરબાદ કરી દે ! જે કંજૂસાઈ કરે છે, તારી રાહમાં કાંઈ પણ ખર્ચ કરવા બાબત."

અલ્લાહ તઆલાનું ફર્માન છે કે, "અય ઈમાનવાળાઓ ! તમે મારા પર ખર્ચ કરો, હું તમારા ઉપર ખર્ચ કરીશ, અને **સદક઼ો આપતા રહો જેથી જહન્નમની આગથી સલામત રહો.** સદક઼ો આપવાથી બેશક ! તમારા માલ કે દૌલતમાં કંયાય કશીય કમી આવશે નહીં."

"તમારી જિંદગી દરમ્યાન તમારી **હયાતીમાં એક દિરહમ સદક઼ાનો સવાબ તમારી મૌતની આખરી ઘડીઓના સેંકડો દિરહમના સદક઼ા કરતા ખૂબ જ બેહતર** છે. વધુમાં ફર્માવેલ છે કે, "તમારી તંગદસ્તી અને મુફલિસીના આલમમાં એક મામૂલી સખાવત પણ તમે કરશો તો એ સખાવત બારગાહે ખુદાવંદીમાં એક દૌલતમંદના હજારો હજાર દિરહમની સખાવત કરતાં વધુ પસંદીદા તથા મક઼બૂલ હશે અને તેનો બેહિસાબ સવાબ અતા કરવામાં આવશે. બેશક ! અલ્લાહ ખૂબ જ અતા કરવાવાળો મહેરબાન છે." એક જગ્યાએ ફર્માવવામાં આવેલ છે કે, "જો તમે કોઈના કહેવાથી, અન્યની હિદાયતથી સદક઼ો આપશો તો તમને કહેનાર, હિદાયત કરનારને પણ તમારા સદક઼ા જેટલો જ સવાબ અને બદલો અતા કરવામાં આવશે. સુબ્હાનલ્લાહ !

હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે, એક ખેડૂત હતો જે તેની ખેત ઉપજના હમેશાં ત્રણ હિસ્સા કરતો હતો : (૧) પોતાના કુટુંબ કબીલા માટે (૨) રાહે ખુદામાં ખયરાત માટે (૩) ફરીવાર પોતાના ખેતરમાં ખર્ચ કરવા માટે.

આ નેક બાબત તે ખેડૂતની જિંદગીનો એક ભાગ બની ગઈ હતી જેના તુફૈલથી તેની ખેતી હરહંમેશ બાબરકત અને લહેરાતી રહેતી હતી. એવા વિપરિત સંજોગોમાં પણ કે જ્યારે દુકાળ હોય ત્યારે પણ કોઈ અગોચર ખૂણેથી પાણી આવતું રહેતું અને તેના ખેતરના મોલને હરિયાળી બક્ષી દેતું. એકવાર એક મુસાફર જંગલમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે તેણે એક હેરતઅંગેજ અવાજ સાંભળ્યો જે આસમાન ઉપરનાં વાદળોને પેલા ખેડૂતના નામ સાથે કહી રહ્યો હતો કે, જાવ ! ફલાણા ફલાણા ખેડૂતના ખેતરમાં પાણી પહોંચાડી દો ! આ સાથે જ પેલા મુસાફરે જોયું કે વાદળો એક તરફ જમા થઈને એક ખડક ઉપર મૂશળધાર વરસી પડયાં અને એ પાણી એક સાંકડી નહેર માટે આગળ આગળ વહેવા માંડયું. આ હેરતઅંગેજ મંઝર જોઈને મુસાફરે મનોમન નક્કી કર્યું કે આ પાણી કોના ખેતર તરફ વહી રહ્યું છે તે જોવું છે ! જેથી તેણે નહેરની ધારે ધારે ચાલવા માંડયું ત્યાં સુધી કે એ પાણી એક ખેડૂતના ખેતરમાં

જતું જોયું. ત્યાં એની નજર ખેતરમાં બેઠેલા વૃધ્ધ ખેડૂત ઉપર પડી. આ ખેડૂત પાસે જઈને મુસાફરે તેને તેનું નામ પૂછયું તો ખેડૂતે કહ્યું કે, તમે શા માટે મારું નામ પૂછો છો ? તો મુસાફરે જંગલમાં જે હક઼ીક઼ત બની હતી તે કહી. તો જાણવા મળ્યું કે ગૈબથી જે નામથી વાદળોને પાણી વરસાવવાનો હુકમ થયો હતો તે જ નામ આ નેક ખેડૂતનું હતું. તો મુસાફરે સવાલ કર્યો કે, તમારી પાસે એવો તો કયો સારો અમલ છે કે જેના તુફૈલથી પરવરદિગાર આ રીતે ગ઼યબથી તમારી મદદ કરે છે ? ખેડૂતે નમ્રતાપૂર્વક કહ્યું કે જ્યારે તમે સવાલ કર્યો જ છે તો સાંભળો ! હું આ ખેતરની ઉપજના માલના ક઼ાયમ ત્રણ હિસ્સા કરું છું : મારા કુટુંબ માટે, અલ્લાહની રાહમાં ખયરાત કરવા માટે, આવતા વરસે ફરીવાર ખેતરમાં ખર્ચ કરવા માટે.

આ જ બાબતનું પ્રતિબિંબ ગણી શકાય એવું બયાન કુર્આને મુક઼દસમાં પણ સૂરએ નૂનમાં છે કે એક સખી ખેડૂત હર હંમેશ તેની ખેતરના ઉપજનો અમુક હિસ્સો પોતાના કુટુંબીજનોના ભરણપોષણ માટે પોતાની પાસે રાખી લેતો અને બાકીનો હિસ્સો પોતાના ખેતરના સેઢા ઉપર તે જ દિવસે જરૂરિયાતમંદોને અલ્લાહના નામ પર ખયરાત કરી દેતો હતો, જેની બરકતથી તેના ખેતરોમાં હમેશાં ખેતી હરીભરી અને બરકતવાળી જ થતી. પરંતુ જ્યારે તે ખેડૂતનું મૌત થઈ ગયું તો તેના વારસદાર દિકરાઓએ ખેતરની કુલ ઉપજનો કયાસ કાઢયો તો તેમને લાગ્યું કે તેમના વાલિદ તો મૂર્ખ હતા કે ખેતરની ઉપજનો આટલો મોટો હિસ્સો બારોબાર જ જરૂરિયાતમંદ લોકોમાં વહેંચી દેતા હતા ! એટલે જો આ હિસ્સો પણ આપણે આપણી પાસે જ રાખી લઈએ તો ખેતરની ઉપજ આપણને ઘણી જ વધારે મળે. આમ વિચારી તેમણે નક્કી કર્યું કે હવે પછી આપણે પાકનો ઉતારો દિવસે કે સાંજના સમયે નહીં પરંતુ રાત્રિના અંધકારમાં જ ઉતારી લઈશું જેથી અગાઉની રસમ મુજબ જરૂરિયાતમંદ લોકો સાંજે ખેતરે આવે તો પણ તેમને કશી ખબર પડે નહીં. આવા બદ્ઈરાદા સાથે તેઓ રાતના અંધારામાં ચૂપકીદીથી ખેતર તરફ જવા લાગ્યા. પરંતુ ત્યાં પહોંચતાં જ ખેતરનું દશ્ય જોઈને હેબતાઈ ગયા, હેરાન પરેશાન થઈ ગયા. કેમ કે તેઓ ત્યાં પહોંચે તે અગાઉ જ ખેતરમાં આગ લાગી ગઈ હતી અને તમામ માલ ભસ્મીભૂત થઈ ગયો હતો. ત્યાં મોલને બદલે માત્ર રાખ અને ધૂળની ડમળીઓ જ ઉડતી હતી. પ્રથમ તો તેમને તેમની આંખો પર વિશ્વાસ ન આવ્યો અને લાગ્યું કે તેઓ કોઈ બીજી જગ્યાએ આવી ગયેલ છે પરંતુ પાછળથી યક઼ીન થઈ ગયું કે એ તેમનું જ ખેતર હતું જેનો ઉભો પાક ખાકને આધિન થઈ ગયો હતો. આ જોઈને હેબતાઈ ગયેલા ભાઈઓ એકબીજા ઉપર બદ્નિય્યત અને બદ્દાનતનો દોષ ઢોળવા લાગ્યા અને ઝઘડી પડયા.''

બરાબર એના જેવું જ બયાન સૂરએ કહફમાં પણ મૌજૂદ છે. આ બધાનો મર્મ એટલો જ કે રાહે ખુદામાં સખાવત અને કંજૂસાઈ વચ્ચે કેટકેટલી ખૂબી અને ખરાબી છે. સદક઼ા, ખયરાત, ઝકાત, સખાવત જેવી નેક બાબતોમાં કેટકેટલી બરકત અને રહમતોનો નુઝૂલ થાય છે કે : (૧) તે તમારો માલ પાક કરી દે છે. (૨) અલ્લાહનો હક્ક઼ અદા થાય છે. (૩) બંદાની મગફિરતનો ઝરીયો બને છે. (૪) બંદાનો હક્ક઼ તેના સુધી પહોંચે છે. (૫) મુફ઼લિસી, તંગદસ્તીથી દૂર રાખે છે. (૬) દુનિયા અને આખેરતની મુસીબત, અઝાબથી બનાવે છે. (૭) ભલાઈ અને સખાવતનો પયગામ આપે છે. (૮) ભાઈચારાની ભાવનાને બુલંદ કરે છે. (૯) કંજૂસાઈ જેવી બુરી ખસલતથી દૂર રાખે છે. (૧૦) સદક઼ો, ઝકાત, ખયરાત, સખાવત માલ અને ઔલાદમાં બરકત અને સુકૂનનો ઝરીયો બને છે.

**બોધ** : આ પરથી મુસલમાને એ બોલ લેવો જોઈએ કે સદક઼ાનું મહત્વ સમજે અને અવાર નવાર સદક઼ો કાઢતા રહે તેમજ જે લોકો ખેતીની પેદાશમાં ઉશ્ર નથી કાઢતા તેઓ સમજી લે કે જે કાંઈ પણ ઉપજ થાય તેમાંથી (કશોય ખર્ચ બાદ કર્યા વિના) બિનપિયતમાં દસમો ભાગ અને પિયતમાં પાંચમો ભાગ ઝકાતના હક્કદારોને માટે કાઢવો **વાજિબ** છે. દરેક મુસલમાને એના પર અમલ કરવો અનિવાય છે. એમાં ન સાહિબે નિસાબ હોવાની શર્ત છે, ન માલ પર વરસ પસાર કરવાની શર્ત છે, જે પણ પાકે તેમાંથી જ ઉશ્ર કાઢવું અનિવાર્ય છે. અને એવું કરવામાં આવશે તો યક઼ીનન ખેતીમાં બરકત રહેશે અને રહેશે જ. (ઈન્શાઅલ્લાહ !)

આપના પત્રો તથા ફત્વાઓની રોશનીમાં

# ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ની શાને બેનિયાઝી


**રજૂકર્તા : મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદર : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

પાણી તથા માટીનું મિશ્રણ થયું તો માનવી અસ્તિત્વમાં આવ્યો અને સર્વમાન્ય વાત છે કે આ ઈન્સાનનો પ્રારંભ એક પાણીનું ટીપુ છે અને અંજામ એક મુટ્ટી માટી છે. આ પ્રારંભ તથા અંજામની કહાની પળભરની પણ હોય શકે છે, પહોરો સુધી પણ આ કહાની ચાલી શકે છે અને પેઢી દર પેઢી પણ આ કહાની સમાપ્ત થઈ શકતી નથી. પરંતુ હા ! માનવી જેટલો નિર્બળ તથા કમજોર છે એટલો જ વિસ્તૃત તથા વિશાળ છે. શાયરે પોતાની કલ્પના વડે કેટલી સુંદર છબી રજૂ કરી છે કે :–

*અગર ઘટે તો બસ એક મુશ્ત ખાક હૈ ઈન્સાં*
*બળ્હે તો વુસ્અતે કોનૈન મેં સમા ન સકે*

તે મહાન વ્યક્તિ જેની વિચારસરણીની શક્તિઓ દ્વારા દીનો મિલ્લતનું ઘડતર થાય છે, એક સમાજનું નિર્માણ થાય છે, ઈતિહાસ તેને દરેક યુગમાં મહાન વ્યક્તિ, મહાન શૂરવીર, મુસ્લેહે ઉમ્મત, મુફક્કિરે મિલ્લત બનાવીને દુનિયા સમક્ષ રજૂ કરે છે એ વ્યક્તિ તો ગુજરી ગઈ કેમ કે તેને જવાનું જ હતું, પરંતુ તેના ઉપદેશો જીવંત છે, તેના સુધારણા સંબંધેના પ્રયાસો તથા કોશિશો ઉજ્જવળ છે, તેની દીની તથા ઈલ્મી લેખિત સેવાઓ દ્વારા આજે એક જગત પ્રકાશિત છે.

ઈતિહાસ ગવાહ છે ન તો ફિરઓન રહ્યો ન તો નમરૂદ, ન તો હામાન તથા શદ્દાદ રહ્યા, હા ! તેમની હિકાયતો જરૂર બાકી રહી છે. પરંતુ કેટલી ભયાનક છે, અફસોસનાક છે ! કેટલો મૂર્ખ છે તે



માનવી જેણે જિંદગીને આવારગીની ભેટ ચઢાવી આપી. આ અકલમંદી નથી, નાદાની છે, મૂર્ખાઈ છે. ખરેખર બુદ્ધિમાન છે તે વ્યક્તિ જેણે જિંદગીને બંદગી માટે વકફ કરી આપી, તેણે જિંદગીને ગુમાવી નથી, જિંદગી કમાઈ છે, જિંદગી બગાડી નથી પણ સુધારી છે અને હકીકતમાં તે જ જિંદગી કામયાબી તથા ઉજ્જવળતાના સોનેરી કિરણોથી સોનેરી થઈ છે.

દૂરની વાત તો દૂર છે, નજીક આવો ! ડોકિયુ કરો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ વિશે લખવામાં આવેલી કિતાબોની સંખ્યા ૧૧૪૦ છે અને હનફીઓની સંખ્યા ૮૬ કરોડથી વધુ છે. ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની ઉપર ૩૬૦ કિતાબો લખવામાં આવી છે. આ સંખ્યા હિ.સ. ૧૦૯૪ સુધીની છે પણ અત્યારે તે વધુ હશે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ઉપર ૭૨૬ કિતાબો તથા લેખો અસ્તિત્વમાં આવ્યા. આ તો માત્ર અત્યાર સુધીની ગણના છે જ્યારે કે આ પરંપરા છબીલા પ્રેમીની ઝુલ્ફો જેમ વધ્યા જ કરશે. હવે તમે જ બતાવો કે આ જિંદગી રોશન તથા જગમગાટભરી નથી તો શું છે ?

આમ વિચારવું માત્ર ભૂલ જ છે કે જિંદગી આવવાનું તથા જવાનું નામ છે, આનંદ તથા મનોરંજનનું નામ છે. ના ! જીવન તથા મૃત્યુ આ તો બે કિનારા છે. ન તો જિંદગીથી ફરાર (ભાગવું) શક્ય છે, ન તો મૌતથી કોઈ છૂટકારો , આ તો અનુભવિત જિંદગી (સામાન્ય જીવન)ની વાત છે, નહીં, તો જિંદગીથી પહેલાંના જીવનની અને મૌત પછીના જીવનની

હકીકત અલગ અલગ છે. એક જીવનમાં બીજું જીવન સમાયેલ છે, જિંદગી કદી પણ સમાપ્ત નથી થતી.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ સરદારી, સત્તા તથા માલદારીમાં આંખો ખોલી અને તંગી તથા ગરીબીમાં જીવન વિતાવ્યું પણ તે તંગી તથા ગરીબી નહીં જે તંગી જરૂરતના સમયે દામન ફેલાવવા મજબૂર કરે ! એને જ તો સબ્ર તથા બેનિયાઝી, પરહેઝગારી તથા સંતોષ કહેવાય છે. ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના એક પત્રમાં આ વાક્ય જોવા મળે છે કે, ''મો'મિન માટે દુનિયામાં પૂરતી રોજી બસ છે.'' કેટલી સબ્ર તથા શુક્રની શીખામણ છે આ શબ્દોમાં જેનો નમૂનો માત્ર અસ્લાફે કિરામ (પૂર્વજ બુઝુર્ગો) તથા નેક બંદાઓના જીવનચરિત્રમાં જ મળી શકે છે.

## નવાબો તથા નિઝામોથી બેપરવાઈ

એક સાહબને આપની બારગાહમાં હાજર રહેવાનો શરફ પ્રાપ્ત હતો. તેમણે નાનપારાના નવાબની શાનમાં કસીદો (પ્રશંસા કરતી કવિતા) લખવાનો પ્રસ્તાવ મૂક્યો. જાતિના તો પઠાણ હતા જ ! ઈમાની પ્રતાપ અને ખાનદાની સ્વમાને જવાબ આપ્યો તો કલમ ઉઠાવીને લખી આપ્યું, શું લખી આપ્યું ? લખ્યું કે :–

*કરૂં મદહે અહલે દોવલ 'રઝા' પળે ઈસ બલામેં મેરી બલા*
*મૈં ગદા હૂં અપને કરીમ કા મેરા દીન પારાએ નાં ન હો*

રામપૂરના નવાબ નૈનીતાલ જઈ રહ્યા હતા. બરેલી સ્ટેશન આવ્યું તો નવાબની સ્પેશ્યલ ટ્રેન રોકાઈ ગઈ. નવાબના વઝીરને સૈયદ મેહદી હસનમિયાંએ પોતાના નામે દોઢ હજાર રૂપિયાની ભેટ લઈને સેવામાં હાજર કર્યા. લગભગ ઝોહરનો સમય હતો. આપ (ઈમામ અહમદ રઝા) કૈલૂલા ફર્માવી રહ્યા હતા. ખબર પડી તો દરવાજા સુધી આવ્યા, પૂછયું શું છે ? અર્ઝ કરવામાં આવી, આ દોઢ હજાર રૂપિયા આપની સેવામાં ભેટ રૂપે લાવ્યા છીએ અને પરત થતી વેળાએ નવાબ આપની મુલાકાતની ઈચ્છા ધરાવે છે. આપે ઉભા ઉભા જ સીધો જવાબ આપ્યો, ''આ દોઢ હજાર (તે સમયના દોઢ હજાર વર્તમાનકાળના દોઢ લાખ સમાન ગણાય) શું ?! કેટલા પણ હોય પાછા લઈ જાવ ! અને નવાબને કહી આપજો કે ફકીરનું મકાન એ લાયક ક્યાં કે તમને બોલાવી શકું અને ન તો હું રાજ્યસત્તાના વાલીઓના આદાબથી વાકેફ છું કે હું જાતે આવી શકું.

ઉભા ઉભા આમ રોકડો જવાબ જાહેરમાં સારો નથી જણાતો, પરંતુ આ જ શાને ફકીરી છે, આ જ દુરવેશી શાન કહેવાય ! જે સમયના બાદશાહ તથા નવાબને પણ ગણકારે નહીં. આનું આબેહુબ દષ્ટાંત બુઝુર્ગોના જીવનચરિત્રમાં જ જોવા મળે છે.

*[**નોંધ** : આજે તો કોઈ મિનિસ્ટર કે રાજકરણી કે ફિલ્મી કલાકાર કે ક્રિકેટર દરગાહે આવી જાય તો અમુક જગાએ કહેવાતા સજ્જાદા અડધા અડધા થઈને ગર્વ અનુભવે છે ! વળી એટલું જ નહીં, ખાનકાહો પર કાફિરોના ધર્મગુરૂઓને બોલાવી સન્માન કરાય છે ! તૌબા ! તેમની પાસે લેકચરો અપાવાય છે અને તેમાં તેઓ કુફ્રી કલામ પણ સૌને સંભળાવી જાય છે. એવા સમયે આ'લા હઝરતનો અમલ તેમના માટે દીવાદાંડી સમાન છે. –તંત્રી]*

હૈદરાબાદના નવાબનો વાકયો મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વીની ઝબાની સાંભળો :–

મૌલાના લખે છે કે, ''મેં સૌદાગરી મહોલ્લાના (જયાં આ'લા હઝરતનું નિવાસ્થાન હતું અને હાલમાં છે) કેટલાય બુઝુર્ગો થકી સાંભળ્યું છે કે હૈદરાબાદના નિઝામે ઘણીયે વખત લખી જણાવ્યું કે હુઝૂર ! એકવાર અમારે ત્યાં તશરીફ લાવીને શુક્રિયાનો મોકો આપો, અથવા મને જાતે જ નિયાઝમંદીનો અવસર આપો ! તો આપે જવાબ આપ્યો કે મારી પાસે અલ્લાહ તઆલાનો ઈનાયત કરેલ સમય માત્ર તેની જ ફર્માંબરદારી તથા સેવા

માટે છે, તો પછી હું તમારી આગતા સ્વાગતા માટે સમય ક્યાંથી કાઢું !''

એ જ મૌલાના સૈફુલ ઈસ્લામ દહેલ્વી લખે છે કે : નવાબ હામિદ અલીખાન મર્હૂમ વિશે જાણવા મળ્યું કે તેમણે કેટલીયેવાર આ'લા હઝરતની બારગાહમાં લખ્યું કે, હુઝૂર ! રામપૂર તશરીફ લાવો તો હું ઘણો ખુશ થઈશ. અને એ સંભવ ન બને તો મને જાતે જ તમારી ઝિયારતનો મોકો આપો. આપે જવાબમાં લખી જણાવ્યું કે, **તમે સહાબાએ કિરામ رضوان الله تعالی علیهم اجمعین ના વિરોધી શીઆઓના તરફદાર છો અને તાઝીયાદારી તથા માતમ વગેરે જેવી બિદઅતોમાં તેમના સહાયક બનો છો ! એટલા માટે હું ન તો તમને જોવા જાઈઝ સમજું છું અને ન તો હું પોતાની સૂરત દેખાડવાની ઈચ્છા રાખું છું.**

## નઝરાણાની લાલચોથી ન લલચાયા !

આ તો નવાબો તથા રાજાઓની વાત હતી. પોતાના નિકટવર્તી તથા અંગત દીનદાર સાથીઓનાં નઝરાણાં તથા ભેટો ઈમામ અહમદ રઝા رحمة الله علیهએ કબૂલ નથી કરી, અથવા ક્યારેક કબૂલ પણ કરી તો બીજા કોઈ બહાને તેનાથી વધુ પરત પણ કરી આપતા ! અઝીમાબાદ પટણાના સફર દરમિયાન કાઝી અબ્દુલ વહીદ ફિરદોસીના સસરાએ એક સુશોભિત થાળીમાં અમુક તોહફા અને નઝરાણુ પેશ કર્યું, તો આપે કબૂલ કરવાથી ઈન્કાર કરી આપ્યો. મેઝબાને કહ્યું, હુઝૂર ! સાઈઠ (૬૦) રૂપિયા છે ! તો આપે જવાબ આપ્યો, **''સાઈઠ હજાર હોય તો પણ ફકીર અલ્લાહના કરમથી બેનિયાઝ છે !''** (૬૦ રૂ. એ હાલના ૬૦ હજાર થાય.)

હિ.સ. ૧૩૩૭માં ઈમામ અહમદ રઝા જબલપુર તશરીફ લઈ ગયા. લગભગ એક મહિનો અને ચાર દિવસ સુધી કયામ ફર્માવ્યો, મેઝબાન મૌલાના શાહ અબ્દુસ્સલામ રઝવીએ એક હજાર રૂપિયા હદિયા રૂપે પેશ કર્યા. આપે કબૂલ તો કરી લીધા પરંતુ તેનાથી કેટલીયે ઘણી વધારે રોકડ રકમ અને સોનાની વસ્તુઓ મેઝબાન તથા તેમના છોકરાઓ અને છોકરીઓને અતા કરી આપી.

બિસલપૂરના સફર દરમિયાન જે કાંઈ આપને નઝરાણુ મળ્યું તેને આપે નઅત ખ્વાનો તથા શાયરીમાં વહેંચી આપ્યું.

ઝાડ પોતાના ફળોથી ઓળખાય છે. ઈમામ અહમદ રઝા رضی الله عنهના મોટા ફરઝંદ મૌલાના હામિદ રઝાખાન હતા. હૈદરાબાદ દક્કનના નિઝામે તેમને હૈદરાબાદ પધારવા માટે આમંત્રણ આપ્યું, કાઝીયુલ કુઝાત (શહેર કાઝી)નો હોદ્દો તથા ચીફ જસ્ટીસનો હોદ્દો પણ પેશ કર્યો. ઘણો આગ્રહ કર્યો, દરેક પ્રકારની લાલચ આપી, તો મૌલાના હામિદ રઝા رحمة الله علیه એ આ જવાબ દઈને નવાબને માયૂસ કરી આપ્યો કે, **''હું જે ખુદાએ કરીમના દ્વારનો ફકીર છું એ જ મારા માટે કાફી છે.''**

મૌલાના ઈબ્રાહીમ રઝાખાન (હુઝૂર અખ્તર રઝા અઝહરીમિયાંના વાલિદ) رحمة الله علیه મૌલાના હામિદ રઝાખાન رحمة الله علیهના પુત્ર હતા અને ઈમામ અહમદ રઝા رضی الله عنهના પૌત્ર હતા. આસપાસના ગામડાઓમાં તથા દૂર દરાઝના શહેરોમાં ઈબ્રાહીમ રઝાખાન رحمة الله علیه દીની ઈજતેમાઓ તથા જલ્સાઓનું આયોજન પોતાના ખર્ચે કરાવતા. આપ મદ્રસા મંઝરે ઈસ્લામના પ્રમુખ હતા. કેટલીયેવાર તો એવું પણ બન્યું કે આપ પોતાના ઘરની સંપત્તિ તથા ઝવેરાત વેચીને મદરસાનો ખર્ચ પૂરો પાડતા હતા.

## અહીં ફત્વા માટે લાંચ કે વળતર નથી હોતું !

આ તો રહી સીરત લખનારની ઝબાની, પણ હવે પોતે જ સાહિબે સીરત એટલે કે ઈમામ અહમદ રઝા رضی الله عنهની ઝબાની સાંભળો :–

મૌલાના શાહ સૈયદ હમીદુર્રહમાન રઝવી

નેવાખાલી બાંગ્લાદેશના મશહૂર આલિમે દીન હતા અને ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના શાગિર્દ તથા અકીદતમંદ હતા. તેમણે પહેલી ઝીલ હજ્જ હિ.સ. ૧૩૩૯માં મસાઈલના જવાબ માટે એક પત્ર લખ્યો જેમાં એક વાત એ પણ લખી કે, ''એક રૂપિયો મારા (મૌલાના હમિદુર્રહમાનના) ઉસ્તાઝ હોવાના ખાતર આપની ખિદમતમાં રવાના કરું છું.

જવાબમાં આ'લા હઝરત ફર્માવે છે, ''મસ્અલાનો જવાબ હાજર છે. અલ્હમ્દુલિલ્લાહ ! તમારો રૂપિયો ન આવ્યો અને આવતો પણ નહીં ! કેમ કે **જો લાખ રૂપિયા પણ (આવ્યા) હોત તો અલ્લાહના ફઝ્લથી તેને પરત કરી દેવામાં આવતા. અહીંયાં બિહમ્દિલ્લાહ ! ન તો રિશ્વત (લાંચ) લેવામાં આવે છે ન તો ફત્વા ઉપર મજૂરી.''**

*[**નોંધ :** લાંચ લઈને ફત્વા આપવા એ દેવબંદના મુફતીઓનો ઈતિહાસ બની ગયો, જેને દુનિયાએ ટી.વી. પર જોઈ લીધું. પણ આ કોઈ બિકાઉ મુફતી નથી ! વળી અમુક મુફતીઓ પણ* **ક્યારેક વ્યક્તિ જોઈને કે ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ કવર મળવાની ઝંખનામાં ગોળ ગોળ ફત્વા આપી દેતા હોય છે, તેઓ પણ આ'લા હઝરતના અમલને જોઈ લે.** *–તંત્રી]*

કલકત્તાના હાજી નાદિરઅલી સાહબે ફત્વો પૂછયો તો સવાલમાં એક વાક્ય આ હતું કે, ખર્ચ વગેરે માટે આ ગુલામ ખિદમત માટે હાજર છે.

જવાબમાં આ'લા હઝરત ફર્માવે છે, ''અહીંયા ફત્વા ઉપર કોઈ ખર્ચ લેવામાં નથી આવતો અને તે ખર્ચને ન તો પોતાના હક્કમાં જાઈઝ સમજવામાં આવે છે.''

બહાવલપુર રાજ્યથી મૌલાના અબ્દુર્રહીમ ખાનકાહીનું આ વાક્ય કે, ''વળતર (બદલો) જવાબ મળ્યા બાદ આપવામાં આવશે.'' તેના જવાબમાં આ'લા હઝરતે ફર્માવ્યું, ''અહીંયા ફત્વા ઉપર કોઈ મજૂરી નથી લેવામાં આવતી, ન તો પહેલાં ન તો જવાબ પહોંચ્યા પછી. તેને અમે પોતાના જાઈઝ પણ નથી સમજતા.''

ગોજરખાન રાવલપિંડીથી મુહમ્મદજી સાહેબે કેટલીયેવાર પત્રો લખીને મસાઈલના જવાબ પ્રાપ્ત કર્યા છે અને દરેક વખતે તેમણે વળતર તથા કિંમતની વાત કરી છે. તો જવાબ લખાણ તથા કલામનો તેવર જુઓ : આ'લા હઝરત લખે છે કે, ''કાગળની કિંમત વિશે પહેલાં જ તમને લખી આપવામાં આવ્યું છે કે અહીંયા ફત્વો અલ્લાહના માટે આપવામાં આવે છે, વેચવામાં નથી આવતો. અત્યાર પછી **હવે કદી પણ આ વાક્ય લખશો નહીં !''**

બરેલીની નજીક તલ્હર શાહજહાંપૂરથી મૌલાના અબ્દુલ ગફ્ફારખાને એક મસ્અલો પૂછયો. તો આ'લા હઝરત ફર્માવે છે કે, ''આ ફકીર બિફઝ્લિહી તઆલા ગની (બેનિયાઝ) છે, ખૈરાતનો માલ નથી લઈ શક્તો.''

મૌલાના મોહર્રમ અલી ચિશ્તી અંજુમને નોમાનિયા લાહોરના પ્રમુખને સંબોધીને આ'લા હઝરત લખે છે કે, ''જેને પણ પોતાનાથી અધિક જોયો એ વ્યક્તિ દુનિયાવી માલ તથા સંપત્તિમાં અધિક છે (તો) અંદરથી દિલે તેને હકીર તુચ્છ સમજ્યું.''

પટિયાલા રાજ્યના શૈખ શેર મુહમ્મદ સાહબના જવાબમાં આ રીતે લખે છે કે, ''અહીંયાં બિહમ્દિલ્લાહ ! ફત્વા ઉપર કોઈ ફી નથી લેવામાં આવતી. અલ્લાહના ફઝ્લથી તમામ હિંદુસ્તાન તથા અન્ય દેશો જેમ કે ચીન, આફ્રિકા, અમેરિકા તથા ખૂદ અરબ શરીફ અને ઈરાકથી અહીંયા ઈસ્તિફતા (ફત્વો પૂછવા સવાલો) આવે છે, અને એકી સાથે ચારસો ચારસો ફત્વા ભેગા થઈ જાય છે. બિહમ્દિહી તઆલા હઝરત દાદા (અલ્લામા રઝા અલી ખાન رضی اللہ عنہ)ના સમયથી અત્યાર સુધી

એટલે હિ.સ. ૧૩૩૭ સુધી આ દરવાજેથી ફત્વા પ્રસિદ્ધ થવાને ૧૯ વર્ષ અને જાતે આ ફકીર [આ'લા હઝરતે ઈન્કેસારી તથા આજિઝીરૂપે ફકીર શબ્દનો ઉપયોગ કર્યો છે. આપ જાત તો દીની તથા દુનિયવી બંનેવ રીતે દૌલતમંદ હતા]ના કલમ દ્વારા ફત્વા જાહેર થવાને ૫૧ વર્ષ થવા આવ્યાં એટલે કે આ સફર મહિનાની ૧૪ તારીખે પચાસ વર્ષ અને ૭ મહિના થયા. **આ ૯૧ વર્ષના સમયગાળામાં કેટલાયે હજાર ફત્વા લખવામાં આવ્યા. બાર જિલ્દો (ફત્વાનો મોટો સંગ્રહ) તો માત્ર આ ફકીરના ફત્વાઓની જ છે. બિહમ્દિલ્લાહ અહીંયાં પણ એક પૈસો ન લેવામાં આવ્યો અને ન તો લેવામાં આવશે, અલ્લાહની તૌફીક અને તેની મદદથી.**

ખબર નહીં કોણ એવા નીચ ફિતરત અને કમજોર હિંમતવાળા લોકો છે કે જેમણે રોજી કમાવવાનો આધાર ફત્વાનવેશીને બનાવી લીધો છે, જેના કારણે દૂર દરાઝના ભોળા તથા અજ્ઞાન મુસલમાનો કેટલીયવાર પૂછી ચૂક્યા છે કે ફી કેટલી થશે ?! ભાઈઓ !

**ما اسئلکم علیه من اجران اجری الا علی رب العالمین۔**

"હું તેના ઉપર કોઈ ઉજરત (બદલો) નથી માંગતો મારો અજર (બદલો) તો તમામ જહાનના પરવરદિગાર ઉપર છે જો એ ચાહે તો." *(કુર્આન, ૨૬/૧૨૭)*

લેખિત ઈલ્મી કારનામાંઓમાં અને દીનની સેવામાં ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની દરેક પળો તથા દરેક ઘડીઓ વ્યસ્ત હતી. આપ લખે છે કે, "જે સાહબ ચાહે અને જેટલા દિવસો ચાહે ફકીરને ત્યાં કયામ ફર્માવે. મહિનો, બે મહિના, વર્ષ, બે વર્ષ ફકીરની જે મિનિટ ખાલી (કામ સિવાય) જુએ અથવા જે સમયે ફકીરને કોઈ અંગત કામ કરતાં જુએ તો તે જ મિનિટે ફકીરથી પૂછપરછ કરે કે તું આટલીવારમાં બીજુ (દીની) કામ કરી શકતો હતો."

પોતે તો દુનિયાની મહોબ્બતથી આઝાદ હતા જ, પોતાની ઔલાદ, પોતાના શાગિર્દો, મુરીદો, ખલીફાઓ, સંબંધીઓ અને હનફી આલિમોને તેની જ સખત તાકીદ કરતા હતા એક જરૂરી હિદાયત નામાનો આ ભાગ જુઓ :–

## નિઃસ્વાર્થ દીનની ખિદમત માટે હિદાયત

"અહીંયા બિહમ્દિીહી તઆલા ક્યારે પણ દીની ખિદમતને રોજી કમાવવાનો ઝરીયો તથા આધાર નથી બનાવવામાં આવ્યો, અને ન તો શરીઅતના હનફી આલિમોને અથવા તરીકતના ભાઈઓને (મુરીદો તથા ખલીફાઓને) તેની હિદાયત કરવામાં આવી. બલ્કે તાકીદ અને સખત તાકીદ કરવામાં આવે છે કે દસ્તે સવાલ (માંગવા માટે હાથ) ફેલાવવો તો દૂર, સુન્નતના પ્રચાર તથા તેની તરફદારીમાં માલી ફાયદાનો વિચાર પણ દિલમાં ન ધરાવે, કે તેમની ખિદમત તથા સેવા કેવળ અને કેવળ અલ્લાહના માટે જ હોય.

ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની આ વિશેષતા ફક્ત તેમનાં લખાણો તથા ફત્વાઓમાં જ નહીં પરંતુ તેમની શાયરી તથા નઅત ગોઈમાં પણ ખૂબ જ ઠેક ઠેકાણે જોવા મળે છે. જેમ કે આપે ફર્માવ્યું :–

*કાંટા મેરે જિગર સે ગમે રોઝગાર કા*
*યૂં ખીંચ લીજીયે કે જિગર કો ખબર ન હો*

ઉપરોક્ત હવાલાઓ તથા જાહેરમાં લાગતી મામૂલી વાતોનો ધ્યાનપૂર્વક અભ્યાસ કર્યા બાદ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہનો ચેહરો અને આપનું જે સ્વરૂપ સામે આવે છે તે એવું છે કે તેમના સામે દુનિયા તુચ્છ છે, ચરિત્રહીન તથા ફાહિશા છે. દુનિયાથી મહોબ્બત તથા લગાવનો અર્થ તુચ્છપણા અને ચરિત્રહિનતાની વધુ પેજ નં. ૨૯ પર....

# બઝ્મે બુઝુર્ગાં

# મુજાહિદે સૌરાષ્ટ્ર હઝરત મુહમ્મદ ઈબ્રાહીમ તુર્કી

સંકલન : અલીમુહમ્મદ અહમદ બાબી-પોરબંદર

મૌલા તઆલા પોતાના દીનની હિફાઝત માટે તથા લોકોના માર્ગદર્શન માટે દુનિયામાં પોતાના નેક અને મક઼બૂલ બંદોઓને પેદા ફર્માવે છે અને આ સિલસિલો ક઼યામત સુધી ચાલુ રહેશે. ઈસ્લામ તથા શરીઅત વિરુદ્ધ ગંદી પ્રવૃત્તિ કરનારાઓનો દરેક કાળમાં અલ્લાહવાળાઓએ જોરદાર અને જડબાતોડ મુક઼ાબલો કર્યો. કોઈએ ઝબાનથી, કોઈએ ક઼લમથી અને કોઈએ પોતાના હાથો વડે આવા તત્વોને પરાજીત કર્યા.

'બરકાતે ખ્વાજા' (માસિક)ના પ્રિય વાંચકો ! આવો ! આપણે અહીં એક એવા અલ્લાહવાળા અને બેમિસાલ વ્યક્તિત્વ ધરાવતા બુઝુર્ગની વાત કરવી છે જે સૌરાષ્ટ્રની ધરતી પર તશરીફ લાવ્યા જેમને આપણે મુજાહિદે સૌરાષ્ટ્ર હઝરત મુહમ્મદ ઈબ્રાહીમ ઉર્ફે 'તુર્કી બાપુ'ના પ્યારા નામથી ઓળખીએ છીએ.

આપ વેરાવળ મુકામે પેદા થયા હતા. આપના પિતાનું નામ નૂર મુહમ્મદ અને માતાનું નામ રહીમા હતું. આપના ચાર ભાઈઓ : (૧) મુહમ્મદ (૨) અબ્દુલગની (૩) વલીમુહમ્મદ (૪) મુહમ્મદહસન અને આપનાં એક બહેન હતાં.

હઝરત તુર્કી સાહબને મૌલા તઆલાએ ઘણી ખૂબીઓ અર્પણ કરી હતી. આપ તક઼વા, પરહેઝગારી તથા સાદગીના મહાસંગમ હતા. આપના દરેક કાર્યથી શરીઅતની ચુસ્ત પાબંદી માલૂમ પડતી હતી. નમાઝ માટેની તાકીદ સખ્તીથી દરેક મુરીદોને ખાસ ફર્માવતા હતા. હાજતમંદો, બીમારોની મદદ માટે સદાય તૈયાર રહેતા. આપના વઝીફો અને દમ કરેલા પાણીમાં મૌલા તઆલાએ એવી તાષીર અતા કરી હતી કે ઘણી લા ઈલાજ બીમારીવાળા કે આસેબવાળા દર્દીઓને શિફા મળી જતી હતી. અમીર હોય કે ગરીબ, નાનો હોય કે મોટો દરેકને ખુશી ખુશી તાવીઝ આપતા. શરીઅતના ક઼ાનૂનની નસીહત ફર્માવતા ત્યારે કોઈની પણ શેહશરમ રાખ્યા વગર બેબાક અને નીડર બનીને મોઢે મોઢે કહી દેતા હતા. આપે આપની પૂરી જિંદગીમાં શરીઅતના બારામાં જરાય પણ બાંધછોડ કરી નથી પછી તે ભલે ગમે તેવા માનમોભાવાળો કે ગમે તેવો ચમરબંધી કેમ ન હોય !

હઝરત તુર્કીબાપુ પોરબંદરમાં અવારનવાર તશરીફ લઈ આવતા પોરબંદરમાં આપના મુરીદો તથા ચાહકો ઘણા છે. પોરબંદરમાં આપ મેમણ હાશમભાઈ લાલપૂર્યાના મકાનમાં રહેવાનું વધુ પસંદ ફર્માવતા હતા. નમાઝનો સમય થતો કે તુરત જ ચાલીને નગીના મસ્જિદમાં જતા અને બાજમાઅત નમાઝ અદા ફર્માવતા હતા. મર્હૂમ યૂસુફભાઈ ઉર્ફે દરબારબાપુ અને મર્હૂમ બશીરભાઈ ચૌહાણ ઉર્ફે બશીરબાપુને ખૂબ ચાહતા હતા. ઉપરોક્ત બંને મર્હૂમોએ તુર્કીબાપુની હદ ઉપરાંત અને દિલથી ખિદમત અને અદબ કરેલ છે. અને તુર્કીબાપુએ પણ આ બંને મર્હૂમોની જિંદગીમાં ઈન્કિલાબ પેદા કરી દીધો હતો. બેશક ! અલ્લાહના વલીની નિગાહોમાં આ તાષીર રહેલી છે.

વેરાવળની બાજુમાં પાટણ ગામ આવેલ છે. આ ગામમાં એક જાલિમ કાફિર રહેતો હતો જેને પોતાની શારીરિક તાક઼ત પર ખૂબ જ ઘમંડ હતો. તેણે જાહેરમાં ચેલેંજ આપી હતી કે જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મુસલમાનમાં દમ હોય તો મારી સાથે મુકાબલો કરે. વેરાવળ પાટણ કે આસપાસના મુસલમાનોમાંથી કોઈ આ મુક઼ાબલા માટે તૈયાર થતું ન હતું જેથી આ જાલિમનું અભિમાન દરરોજ વધતુ જતું હતું. તે વખતે હઝરત તુર્કીબાપુ પૈસાની વસૂલી માટે પાટણ તશરીફ લઈ ગયેલા. આપને આ જાલિમ ઘમંડી શખ્સના વિશે જાણકારી આપવામાં આવી. આપ તે સમયે નૌજવાન હતા. આપ આ ઘમંડીને શોધવા લાગ્યા, અંતે એક દુકાનમાં તેને બેઠેલો

જોઈ ગયા. આપે તેને લલકારતાં ફર્માવ્યું, તું જ છે જેણે મુસલમાનને લડવાની ચેલેંજ કરી છે ?! આવ ! મારાથી મુકાબલો કર, તને ખબર પડી જશે કે મુસલમાન કેટલા બહાદુર હોય છે ! હઝરતની વય અને શરીરની હાલત જોઈ આ જાલિમ હંસી મજાક કરવા લાગ્યો અને લડવા માટે ના કહેવા લાગ્યો. આસપાસ ઉભા રહેલા લોકોએ કહ્યું કે તારી ચેલેંજ આ નૌજવાન ઉપાડી રહ્યો છે તો કેમ લડતો નથી ?! અંતે તે લડવા માટે તૈયાર થઈ ગયો. હઝરત તુર્કી સાહબે એક જ દાવમાં એવો વાર કર્યો કે આ ઘમંડીને જમીન પર પછાડી દીધો અને એવો પછાડયો કે તેનામાં ઉભા થવાની પણ હામ ન થઈ શકી ! આપે આ અભિમાનીને હરાવીને સાબિત કરી આપ્યું કે ઈસ્લામ હક્ક છે અને ઈસ્લામના સાચા માનવાવાળા વિજયી થયા છે અને વિજયી થતા રહેશે.

આપ શરીઅતના કાનૂનોના પાલન કરવામાં જરા પણ બાંધછોડ ન કરતા. શરીઅતના અહકામો પર પોતાનું માથુ નમાવી દેતા હતા. એકવાર પોરબંદરની મહબૂબશાહ મસ્જિદમાં જુમ્આની નમાઝ પઢવા ગયેલા ત્યાં આપે તકરીર કરી જેમાં અમુક ફારસીના અશઆર પઢયા હતા. આ બારામાં દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમ–પોરબંદરના તે વખતના મુફતી હઝરત મૌલાના ઉઝેર હસન સાહબ આપની તકરીર પર શરીઅતનો હુકમ કર્યો. બીજા જ દિવસે હઝરત તુર્કી બાપુ ખૂદ ચાલીને દારુલ ઉલૂમ ગૌષે આ'ઝમમાં તશરીફ લાવ્યા અને મુફતી ઉઝેરહસન સાહબ અને હાઝરીનની સામે તૌબા કરી અને મુફતી ઉઝેરહસન સાહબ અને હાઝરીનની સામે તૌબા કરી અને કલ્માશરીફનો નારો બુલંદ કર્યો. આજે પોતાની ભૂલ બતાવનારા પર વરસી પડનારા લોકોના માહોલમાં સુબ્હાનલ્લાહ ! શું શાન છે અલ્લાહના આવા મહાન વલીની !

હઝરત તુર્કી સાહબને ખિલાફત જે બે મહાન શખ્સિયતથી મળેલી કે જે એક અનોખી ઐતિહાસિક બાબત કહેવાય. અર્થાત હઝરત મુફતીએ આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં અને તાજદારે મારેહરા તાજુલ ઉલ્મા હઝરત મૌલાના સૈયદ મુહમ્મદમિયાં મારેહરવી رحمۃ اللہ علیہ જેવી કામિલ અને મહાન હસ્તીઓના આપ ખલીફા હતા તેમ છતાં આપે કદી પણ તે બાબતે ફખ્ર કે મોટાઈની વાત નથી કરી. આપના નામની સાથે કદી પણ આપે કોઈ ટાઈટલ લખવાનું પસંદ ન કર્યું.

હઝરત તુર્કી બાપુએ શરૂઆતની તા'લીમ થોડા સમય સુધી દેવબંદી ઉસ્તાદ પાસે લીધી હતી. એ દરમ્યાન આપની મુલાકાત એક બુઝુર્ગ હઝરત અબૂમિયાં رحمۃ اللہ علیہથી થઈ. આ બુઝુર્ગ આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના શાર્ગિદ અને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના સાથી હતા. આપે તુર્કીબાપુને માર્ગદર્શન કર્યું. બદ્‌મઝહબોની ખબાષતથી આપને માહિતગાર કર્યા બાદ આપના પર એવી અતા કરી કે આપ દીને મતીનની ખિદમતમાં લાગી ગયા. સુન્ની મુસલમાનોને બદ્‌મઝહબોની ગંદી ખસલતો તથા ગંદા અકીદાઓનું જ્ઞાન આપવાની જવાબદારી સમજવા લાગ્યા. અને હંમેશાને માટે બદ્‌મઝહબોની મુખાલિફત કરવાને અગ્રતા આપવા માંડયા. જયારે બદ્‌મઝહબોને આપના કારાનામાઓની જાણ થતી ગઈ તેમ તેમ તેમણે તુર્કીબાપુને તકલીફ આપવાનું શરૂ કરી દીધું. આપ તમામ તકલીફો અને મુસીબતો બરદાશ્ત કરી સબ્ર કરતા રહ્યા. બદ્‌મઝહબોની ગંદી ચાલોનું જોર અત્યંત વધી ગયું ત્યારે આપ વેરાવળ છોડીને રાજકોટ ચાલ્યા ગયા.

જામનગર જિલ્લાના ભાણવડ ગામના રહેવાસી મર્હૂમ ખત્રી ઈબ્રાહીમ હાશમ ગિરાચ કે જે ફેન્સીના નામે ઓળખાતા હતા. હઝરત તુર્કીબાપુના ખાસ દોસ્ત અને ચાહક હતા. તુર્કી બાપુ ભાણવડ આવતા તો તેમના ઘરે જરૂર જતા. એકવાર આપ તેમના ઘરે જમવા ગયા હતા ત્યારે આપે તેમના ઘરમાંથી વર્ષો જૂની બલા જે તેમના ઘરમાં નડતર કરતી હતી તેને પઢાઈ કરીને સદાને માટે દૂર કરી આપી હતી. આપે એક નોટીસ લખી આપી હતી જે આજે પણ તેમના ઘરમાં દીવાલમાં ટાંગેલી જોઈ શકાય છે. મર્હૂમ ખત્રી ઈબ્રાહીમભાઈના ફરઝંદ ખત્રી ગુલામભાઈ આજે હયાત છે અને ભાણવડ ગામમાં

પાન સોડાની દુકાન ચલાવે છે તેઓ તથા તેમની ફેમિલી તમામ મેમ્બરો હઝરત તુર્કી બાપુના મુરીદ છે.

હઝરત તુર્કી બાપુના ઈલ્મ, પઢાઈ, તાવીઝ તથા પાણીથી જિન્નાત, આસેબ વગેરે બલાઓવાળા સેંકડો બીમારોને શિફા તથા આરામ થઈ ગયેલ છે. દેશ વિદેશમાં આવા ઘણા બનાવો બની ગયા છે. હજુ પણ આવી તમામ ઘટનાઓની સાક્ષીરૂપે અમુક વ્યક્તિ જીવિત છે. તુર્કીબાપુની આવી કરામતોને જો એકત્રિત કરવામાં આવે તો એક દળદાર પુસ્તક બની જાય તેમાં કોઈ મીનમેખ નથી.

'કુલ્લુ નફ્સિન્ ઝાઈકતુલ્ મૌત' અર્થાત દરેક જાનદારને મૌતની મજા ચાખવાની છે, આખરે એ દિવસ આવી ગયો. મુ. તા. ૧૪, જમાદીઉલ અવ્વલ હિજરી ૧૪૧૬ અને ઈ.સ. ૧૯૯૫ ઓકટોબરની ૧૦ તારીખે ૧૧૨ વર્ષ વયે મઝહબે ઈસ્લામના સાચા પાસબાન, શરીઅતના નિગેહબાન, રૂહાનિયતના તાજદાર, સત્યવક્તા, તકવા અને પરેહઝગારીને જિંદગીભર આચરણ કરનારા રાજકોટ મુકામે મોડી રાત્રે એ પોતાના તમામ ચાહવાવાળાઓને રડતા રાખી ખુદાની રહમતે પહોંચી ગયા. 'ઈન્ન લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન.' ખુદાના એક મકૂબૂલ બંદા પોતાની જાહેરી જિંદગીથી પર્દો ફર્માવી સદાને માટે અલ્લાહની બારગાહમાં જીવંત થઈ ગયા.

આપ બહારગામ જતા ત્યારે હાઈવે પર નમાઝ પઢવાનું પસંદ કરતા. આપે એવી જગ્યા પસંદ કરી કે જે પહેલાં સૂમસામ હતી પરંતુ આપનો મઝાર શરીફ બની ગયા બાદ આજે આ જગ્યા પર ચોવીસ કલાક અકીદતમંદો તથા હાજતમંદોની હાજરી જોવામાં આવી રહી છે. આપ આપના ચાહવાવાળાઓ ઉપર રહમો કરમ અને દુઆઓનો ફયૂઝ વરસાવી રહ્યા છે. આપના મઝાર શરીફની સાથે એક દીની ઈદારો 'દારુલ ઉલૂમ રઝવિયા બરકાતિયા'ના નામે ચાલી રહ્યો છે. આપનો ઉર્સ મુબારક દર વર્ષે શરીઅત મુજબ શાનદાર રીતે મનાવવામાં આવે છે જેમાં બરેલી શરીફ, મારેહરા શરીફ, પીલીભીત શરીફ તથા અન્ય સ્થળોથી ટોચના સુન્ની આલિમો હાજરી આપી પોતાના નૂરાની બોધવચનોથી હાઝરીનના દિલોને ઈમાનની રોશનીથી પ્રકાશિત કરે છે અને સૌરાષ્ટ્ર ગુજરાત અને દૂર દૂરથી લોકો હાજરી આપી સવાબે દારૈન હાંસલ કરે છે

પેજ નં. ૨૩ નું ચાલુ....

સાથે મહોબ્બત તથા લગાવ રાખવું છે, જે દીન તથા બુદ્ધિથી બિલકુલ વિરોધી છે. તમે ખુદાની સમક્ષ ઝુકો દુનિયા તમારી સમક્ષ ખૂદ બખૂદ ઝુકી જશે.

**ومن يتق الله يجعل له مخرجاً ويرزقه من حيث لا يحتسب۔**

"જે (વ્યક્તિ) અલ્લાહથી ડર્યો અલ્લાહ તેના માટે એક માર્ગ બતાવી આપે છે અને તેને ત્યાંથી રોજી પહોંચાડે છે જ્યાં તેનું ગુમાન પણ નથી હોતું." *(અલ્ મલ્ફૂઝ)* એટલા જ માટે ઈમામ અહમદ રઝાએ ફકીરીમાં અમીરી કરી, અમીરીમાં ફકીરી નહીં, દરવેશીમાં રઈસી કરી, રઈસીમાં દુરવેશી નહીં. ફકીરી તથા દુર્વેશી એને ન કહેવાય કે બાદશાહો, નવાબો તથા દીનથી બેઝાર દુનિયાપરસ્ત માલદારો, શાહકારોની ચાપલૂસી તથા હા જી હા કરે બલ્કે ફકીરીનું ગૌરવ તથા દુર્વેશીનું ગૌરવ તો એ છે કે જેની ચોખટ તથા જેના દ્વારે આ તમામ લોકો પોતે સૂતેલુ નસીબ માથાભેર લઈને આવે અને જીવતુ જાગતુ નસીબ લઈને પાછા ફરે. પોતાના નવાબપણા તથા તવંગરીના નશાને ઉતારી એક ભિખારીની હેસિયતથી દુર્વેશી બારગાહમાં હાજર થાય અને દુનિયાના સાચા તવંગર તથા નવાબ બનીને પરત જાય. આ છે ચૌદવી સદીના મુજદ્દિદ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાને બેનિયાઝી શાને દુરવેશી !

અલ્લાહ તઆલા દરેક મુસલમાનને પોતાની આખેરતને શણગારવાની નેક તૌફીક આપે.

*(ત્રિમાસિક : સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ, એપ્રિલ–જૂન, ૨૦૦૮)*

## ૧૮૫૭ના બળવામાં દેવબંદના ઉલમાનો અનોખો રોલ !!!

# ૧૮૫૭માં ઉલમાએ દેવબંદ શું હતા ?



## હિંદના ગદ્દાર કે વફાદાર ?!

અઝ : **મૌલાના મુબારક હુસૈન મિસ્બાહી (મુબારકપુર)** | અનુ. **મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર મિસ્બાહી દયાદરવી**

ખયાલોના ટકરાવનો બીજો એક દાખલો રજૂ કરવામાં આવે છે. મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી તક઼્વિયતુલ ઈમાનમાં લખે છે :–

"દરેક મખ્લૂક મોટી હોય કે નાની (નબી હોય કે વલી) તે અલ્લાહની શાન સમક્ષ ચમારથી પણ વધુ ઝલીલ છે." *(તક઼્વિયતુલ ઈમાન, પેજ–૧૯)*

"અંબિયા વ અવલિયા, ઈમામ, પીર, શહીદ એટલે કે જેટલા અલ્લાહના મુક઼ર્રબ (નિકટવાળા) બંદા છે તે ઈન્સાન જ છે અને બંદા આજિઝ તથા આપણા ભાઈ, પણ અલ્લાહે તેમને બડાઈ આપી માટે તે મોટા ભાઈ થયા." *(તક઼્વિયતુલ ઈમાન, પેજ–૪૩)*

ઉપરોક્ત અક઼ીદાઓમાં અલ્લાહના પ્યારા રસૂલની શાનમાં જે સ્પષ્ટ તૌહીન તથા ગુસ્તાખી છે તે કોઈ મો'મિન પર છુપાયેલ નથી. હાજી ઈમ્દાદુલ્લાહનો હરગિઝ આ અક઼ીદો નથી બલ્કે આપ તેનાથી વિરુધ્ધ હતા. આપ પોતાના ઉપરોક્ત મક્તૂબાતમાં લખે છે :–

اَنَا بَشَرٌ مِّثْلُكُمْનો કોઈપણ મુસલમાન ઈન્કાર નથી કરતો, બધા જ અક઼ીદો ધરાવે છે કે અલ્લાહના પ્યારા નબી ﷺ બશર (માનવ) છે, હઝરત આદમ علیہ السلامની ઔલાદમાં છે. પણ **ઈન્કાર એ વાતનો છે કે કોઈ માણસ બશર (ઈન્સાન) સમજી પોતાના મોટા ભાઈ કહેવા લાગે અથવા એની જેમ બીજા ગુસ્તાખીભર્યા લખાણો લખે, ખરેખર આ અઝાબ પામવાનું કારણ છે. ફક઼ીરના અક઼ીદા મુજબ રસૂલુલ્લાહ ﷺ જગતમાં સૌથી અધિક ઈજ્જતવાળા અને કાએનાતને પૈદા કરવાનું મૂળ કારણ છે......અલ્લાહ તઆલા પછી સૌથી મહાન આપ છે.** *(અન્વારે સાતિઆ, પેજ–૪૨૩)*

મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીનો વધુ એક અક઼ીદો સાંભળો :–

"મુરાદો પૂરી કરવી, હાજતો પૂરી કરવી, બલાઓ ટાળવી, મુશ્કિલોમાં મદદ કરવી, બુરા સમયે પહોંચવું આ અલ્લાહની શાન છે, કોઈ અંબિયા, પીરો, મુર્શિદ, ભૂત કે પરીની આ શાન નથી. જે આવું સાબિત કરે અને તેનાથી મુરાદો માંગે અને આ ઉમ્મીદ સાથે નિયાઝ કરે, મન્નતો માને, મુસીબતના સમયે તેમને પુકારે તો તે મુશ્રિક થઈ જશે. **પછી ભલે ને એવું સમજે કે આ કામોની તાક઼ાત તેમને પોતે મળી છે અથવા એવું સમજે કે અલ્લાહ તઆલાએ આ કામો કરવાની તાક઼ાત તેમને આપી છે, દરેક રીતે શિર્ક સાબિત થાય છે."** *(તક઼્વિયતુલ ઈમાન, પેજ–૧૦)*

**જે કામોને ઈસ્માઈલ દહેલ્વીએ શિર્ક બતાવ્યાં છે તે જ કામો હાજી ઈમ્દાદુલ્લાહ કરતા હોવાના કારણે (ઈસ્માઈલ દહેલ્વીના લખાણ મુજબ) હાજી ઈમ્દાદુલ્લાહ મુશ્રિક થઈ જાય છે.** છતાં લેખક મોલ્વી અમીદુઝ્ઝમાં કીરાન્વીનું આ લખાણ કે, "હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી رحمۃ اللہ علیہ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી જેમ ખયાલો તથા અક઼ીદા ધરાવતા હતા." **આ કેટલું મોટુ જૂઠ તથા ધોકાબાજી છે !!!** જુઓ હાજી ઈમ્દાદુલ્લાહ પોતાના પ્યારા અક઼ીદાનું એલાન કેવા

અંદાઝમાં કરે છે :–

''અવલિયા તથા મશાઈખની કબરોની ઝિયારત કરતો રહે અને ફુરસદના સમયે ત્યાં હાજર થઈ રૂહાનિયત સાથે તેમની તરફ લગાવ બાંધે અને હક઼ીક઼તમાં પીરની સૂરતનો તસવ્વુર કરી ફયૂઝ મેળવે. ક્યારેક ક્યારેક આમ મુસલમાનોની ક઼બ્રની ઝિયારત માટે પણ જાય અને પોતાના મૌતને યાદ કરે અને પીરના હુકમ તથા અદબને ખુદા વ રસૂલના હુકમ તથા અદબની જેમ સમજે કારણ કે પીરો અલ્લાહ વ રસૂલના નાઈબો છે.'' *(કુલ્લિયાતે ઈમ્દાદિયહ્, પેજ–૯૩, મક્તબએ થાન્વી, દેવબંદ)*

આ રીતે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી અલ્લાહ સિવાયથી મદદ મેળવવા તથા ગૈર હાજરીમાં પુકારવાને પણ શિર્ક કહે છે. ગૈરુલ્લાહને વસીલો બનાવવા તથા મુસીબતમાં તેમને પુકારવાને પણ હરામ તથા શિર્ક કહે છે. **પરંતુ હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી ઉપરોક્ત બધી વાતમાં ઈસ્માઈલ દહેલ્વીથી બિલકુલ વિરુધ્ધ છે, તેઓ રસૂલુલ્લાહ ﷺ તથા અવલિયાથી મદદ પણ માંગે છે, તેમને 'યા' શબ્દ વડે પુકારે પણ છે અને મુશ્કેલીમાં તેમને વસીલો પણ બનાવે છે.** આનો સાફ અર્થ છે કે ઈસ્માઈલ દહેલ્વીના કથનાનુસાર **હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિર મક્કી હરામ કામ કરનાર તથા મુશ્રિક થયા.** હવે આવા સંજોગોમાં તેમને ઈસ્માઈલ દહેલ્વીના સમાન ખયાલો તથા અક઼ીદા ધરાવનાર કહેવું, ઈતિહાસ સાથે કેટલો મોટો ખેલ કરવું છે ! અમે પોતાના દા'વાના અનુસંધાનમાં હાજી ઈમ્દાદુલ્લાહના અમુક નઅતિયા પંક્તિઓ અહીં રજૂ કરીશું.

**અચ્છા હૂં યા બુરા હૂં ગ઼ર્ઝ જો ભી હૂં સો હૂં**
**પર હૂં તુમ્હારા તુમ મેરે મુખ્તાર યા રસૂલ ! ﷺ**

ઉપરોક્ત શેઅરમાં 'યા રસૂલલ્લાહ'ની સાથો સાથ આપને મુખ્તાર (ઈખ્તિયારવાળા) પણ માનવામાં આવ્યા છે. જ્યારે કે ઈસ્માઈલ દહેલ્વી નઝદીક નબી ﷺને મુખ્તાર માનવું શિર્ક છે

**જિસ દિન તુમ આસિયોં કે શફ઼ી હોંગે પેશે હક઼**
**ઉસ દિન ન ભૂલાના મુઝે ઝીનહાર યા રસૂલ ! ﷺ**

આ શેઅરમાં નબી ﷺને મહશરમાં શફાઅત કરનાર કહેવામાં આવ્યા છે જે મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીના અક઼ીદા વિરુધ્ધ છે.

**દોનોં જહાંમેં મુઝ કો વસીલા હૈ આપ કા**
**ક્યા ગ઼મ હૈ ગર યે હૂં મૈં બહોત ખ્વાર યા રસૂલ ! ﷺ**

આ શેઅરમાં રસૂલ ﷺને વસીલો બનાવવામાં આવ્યા છે. જે ઈસ્માઈલ દહેલ્વીના ખયાલો તથા અક઼ીદાથી સદંતર વિરુધ્ધ છે.

આ રીતે એક બે નહીં બલ્કે ડઝનબંધી શેઅર આપના નઅતના મજમૂઆ 'કુલ્લિયાતે ઈમ્દાદિયહ'માં સમાયેલ છે જે મક્તબએ થાન્વી–દેવબંદથી પ્રસિદ્ધ થયેલ છે.

તર્જુમાન દારુલ ઉલૂમ (દેવબંદ)ના તંત્રી ઈ.સ. ૧૮૫૭ના હવાલાથી ઈતિહાસ ચિતરતાં લખે છે :

''શામલી કસ્બો ઈ.સ. ૧૮૫૭ના જમાનામાં અંગ્રેજોની ફૌજી છાવણી હતો. મે–૧૮૫૭માં જ્યારે મેરઠથી ફૌજી બેરેકો સાથે બળવાની ચિન્ગારી નીકળી અને જે ઈલાકાને પોતાની લપેટમાં લીધા તેમાં સહરાનપૂરનો આ ઈલાકો પણ સામેલ હતો જ્યાં ઉઠતાં બેસતાં જંગ તથા જેહાદની વાતો થતી હતી અને પહેલેથી જ વાતાવરણ ગરમ હતું. ઈ.સ. ૧૮૫૭ના બળવાની ખેંચતાણે અલ્લાહવાળાઓની જમાઅતને ઉભારી કે તેઓ હથેળીમાં સર લઈ મેદાને જંગમાં કૂદી પડે, કારણ કે હવે રાહ જોવી બેકાર હતી. જે પણ રીતે ગમે તેવા સંજોગોમાં આઝાદીની એક મહાન લડાઈ શરૂ થઈ ચૂકી હતી.'' *(મુજલ્લા તર્જુમાન દારુલ ઉલૂમ, ડિસેમ્બર–૨૦૦૭, પેજ–૧૮)*

તે વધુમાં લખે છે : ''આ રીતે હઝરત હાજી

સાહબ ઈમામ અથવા અમીરુલ મો'મિનીન હઝરત ઝામિન શહીદ અમીરે જિહાદ અથવા સદર મજલિસે જંગ હઝરત મૌલાના મુહમ્મદ કાસિમ નાનોત્વી ફોજના અમીર, હઝરત મૌલાના મુનીર નાનોત્વી તેમની ફોજના સેક્રેટરી અને મૌલાના રશીદ અહમદ ગંગોહી વઝીર નક્કી થયા. મુજાહિદો પાસે ખૂબ જ મામૂલી પ્રકારનાં હથિયારો હતાં. અમુક તલ્વારો, અમુક નેઝા અને અમુક બંદૂકો હતી, આ રીતે આ જંગ વસાઈલના આધારે નહીં પણ ખાલિસ ઈમાની તાકાત અને હિંમતના આધારે લડવામાં આવી રહી હતી. *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

લેખક ૧૮૫૭ના હવાલાથી ઉલ્માએ દેવબંદના કિરદાર પર પ્રકાશ નાખતાં વધુમાં લખે છે :–

"હકીકત એ છે કે જે સરફરોશીના જઝબા સાથે અને કાર્યની સમજબુઝ તથા તન્ઝીમ તથા તર્બિયત સાથે શામલીમાં આઝાદીની જંગ લડવામાં આવી જો દેશના બીજા ભાગોમાં પણ એ જ સોચ સમજ સાથે કાર્ય કરવામાં આવત તો મુજાહિદોને હરાવવું અંગ્રેજો માટે એટલું સહેલું ન હોત." *(ઉપર મુજબ, હવાલો : પેજ–૧૯)*

હિંદુસ્તાનની આઝાદી પછી જ્યારે આઝાદીના મુજાહિદોની ચર્ચા ફખ્ર સાથે થવા લાગી. અને તેમના વારસદારોને ઈનામોથી નવાજવામાં આવવા લાગ્યા ત્યારે દેવબંદના ઈતિહાસકારો પણ પોતાના બુઝુર્ગોને મુજાહિદોની લિસ્ટમાં લાવવાની કોશિશ કરવા લાગ્યા. **હવે એ વાતની જરૂરત હતી કે અમુક એવા બનાવો ઘડવામાં આવે જેથી કાયદેસર ઉલ્માએ દેવબંદને મુજાહિદોની સફમાં ઉભા કરી દેવામાં આવે.** પોતાના આ મકસદને પૂરો કરવા માટે તેમણે આ કડી સાથે ૧૮૫૭ના બળવા સાથે ઉલ્માએ દેવબંદને પણ જોડાવી દીધા જેથી નવી પેઢી ખરેખર તેઓને મુજાહિદોમાં ગણવા લાગે. અને આ વિષયમાં શામલીના બનાવને સૌથી મહત્વનો વાકિયો બનાવી રજૂ કરવામાં આવ્યો. **જ્યારે કે જંગે આઝાદીમાં ઉલ્માએ દેવબંદનો કિરદાર માત્ર એટલો જ હતો કે તેઓ પોતાની અંગ્રેજ સરકારને રાજી કરવા માટે હમેશાં આઝાદીના મુજાહિદો વિરુધ્ધ રહ્યા.** એટલે કે **તેમની જંગ અંગ્રેજો સાથે નહીં બલ્કે અંગ્રેજો વિરુધ્ધ લડનાર મુજાહિદો સાથે હતી.** ઉલ્માએ દેવબંદ આઝાદીના મુજાહિદોને 'મુફસિદ' (ફસાદ કરનાર) ગણાવતા હતા. હા ! એટલું જરૂર છે કે અંગ્રેજોથી સજા અપાવવા માટે તેઓ પર જંગે આઝાદીનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને તેઓએ (ઉલ્માએ દેવબંદે) વિવિધ રીતે તેનો ડિફેન્સ કરવાની કોશિશ કરી જેમાં તે કામયાબ પણ રહ્યા. અંગ્રેજ દુશ્મનીના આરોપમાં મૌલાના રશીદ અહમદ ગંગોહીને ગિરફતાર પણ કરવામાં આવ્યા, પણ તરત જ છોડી દેવાયા. જ્યારે કે આ તે જમાનો હતો જ્યારે મોટા મોટા ઉલ્માને ફાંસી આપવામાં આવી રહી હતી, જેલમાં મોકલી દેવામાં આવતા. ૧૮૫૭ના બળવામાં મૌલાના કાસિમ નાનોત્વી, મૌલાના રશીદ અહમદ ગંગોહી, હાજી ઈમ્દાદુલ્લાહ સાહબ અને હાફિઝ ઝામિનનો ઉલ્લેખ ખૂબ જ ફખ્રથી કરવામાં આવે છે. જ્યારે કે વાસ્તવિક હકીકત તેથી બિલકુલ વિરુધ્ધ છે. નીચે અમે શામલીના બનાવની હકીકત દેવબંદી ખયાલ ધરાવતા લેખકોના હવાલાથી રજૂ કરીશું.

મશ્હૂર દેવબંદી આલિમ મૌલાના આશિક ઈલાહી મેરઠીએ હિ.સ. ૧૩૨૬ ઈ.સ. ૧૯૦૯માં તઝકિરતુર્રશીદ લખી પ્રસિદ્ધ કરી, જેમાં શામલીના બનાવને વિશિષ્ટતાથી રજૂ કરવામાં આવ્યો છે જેનાં અમુક લખાણો અહીં રજૂ કરીએ છીએ :–

લખે છે, "રમઝાન હિ.સ. ૧૨૭૩ એટલે કે મે ઈ.સ. ૧૮૫૭નું તે તોફાન જેના ખયાલથી જ રૂવાંટાં ઉભાં થઈ જાય છે, હિંદુસ્તાન જ નહીં બલ્કે દુનિયાભરમાં મશ્હૂર છે, બીજો બનાવ આટલો મશ્હૂર નહીં હોય...... જેમાં કારતુસો પર ચરબી

લગાડવામાં આવતી હોવાની અફવા ઉડી અને બગાવત કરવા વિશે ઉઘાડી રીતે તથા છુપાયેલ ભીડમાં વાતો થવા લાગી. **જેમનાં માથાંઓ પર મૌત ભમતી હતી તેમણે કંપની (ઈસ્ટ ઈન્ડિયા)ના અમનો આફિયતના જમાનાની કદર ન કરી અને પોતાની રહમદિલ (દયાવાન) ગવર્નમેન્ટ (અંગ્રેજ) સામે બગાવતનો ઝંડો બુલંદ કર્યો.** ફૌજો બાગી થઈ, હાકેમની નાફર્માન બની, લડાઈ અને કૃત્લનું બજાર ખોલ્યું અને **બહાદુરીના નશામાં પોતાના પગો પર કુહાડી મારી."** *(તઝકેરતર્રશીદ, અઝ : દેવબંદી મૌલ્વી આશિક ઈલાહી, મેરઠી)*

આ ટૂંકા લખાણથી દેવબંદી ઉલ્માના ખયાલો નક્કી થઈ ગયા કે **તેઓ અંગ્રેજી હુકૂમતના જમાનાને શાંતિ તથા સલામતીનો દૌર ગણતા હતા. મુજાહિદોને 'ફસાદી' તથા 'બાગી' કહેતા હતા.** લેખક રશીદ અહમદ ગંગોહી વિશે લખે છે :—

"હિ.સ. ૧૨૭૬, ઈ.સ. ૧૮૫૯ના શરૂઆતનું તે વરસ હતું જેમાં હઝરત ઈમામે રબ્બાની (મૌલાના રશીદ અહમદ ગંગોહી) કુદ્દેસસિર્રહૂ પર પોતાની સરકારથી બાગી હોવાનો ઈલ્ઝામ લગાડવામાં આવ્યો અને ફસાદ કરનારાઓ (મુફસિદો)માં સામેલ હોવાની તોહમત લગાડવામાં આવી."

**હવે રશીદ અહમદ ગંગોહીનું ચોંકાવી દેનાર બયાન વાંચો !** (૧૮૫૭ની ચળવળ) ખતમ થયા પછી કાઝી મહબૂબ અલી ખાનની જૂઠી ખબર પર જ્યારે રશીદ અહમદ ગંગોહીને ગિરફતાર કરવામાં આવ્યા તો પોતાના વિશે તેમનું વર્ણન આ પ્રમાણે હતું :—

"જ્યારે હું હકીકતમાં પોતાની સરકાર (અંગ્રેજ ગવર્નમેન્ટ)નો ફર્માંબર્દાર છું તો જૂઠા ઈલ્ઝામથી મારો વાળ વાંકો નહીં વળે અને જો મારી પણ નાખવામાં આવું તો **સરકાર (અંગ્રેજ) માલિક છે, તેને ઈખ્તિયાર છે જે ઈચ્છે તે કરે."** *(તઝકિરતુર્રશીદ, ભાગ-૧, પેજ-૮૦)*

મૌલાના રશીદ અહમદ ગંગોહીનો ઉપરોક્ત સ્વીકાર અને અંગ્રેજ હુકૂમતનો સંપૂર્ણ એહતેરામ શું સ્પષ્ટ રીતે આ વાતનું એલાન નથી કરતું કે ઈ.સ. ૧૮૫૭ની આઝાદીની જંગ સાથે તેમનો કોઈ જ સંબંધ ન હતો બલ્કે તેના પર મુજાહિદ હોવાનો જૂઠો આરોપ હતો જેના આધારે ઉપરોક્ત દેવબંદી મૌલ્વીઓને મુજાહિદોમાં ગણવામાં આવે છે તે આઝાદીના મુજાહિદો સાથે જંગ હતી કે બગાવત હતી. મૌલાના આશિક ઈલાહી મેરઠી આ હકીકતને બયાન કરતાં લખે છે :—

"આ દિવસોમાં આપે (મૌલાના રશીદ અહમદ ગંગોહી) તે ફસાદીઓ (મુજાહિદો)નો પણ મુકાબલો કરવો પડયો જેઓ ટોળ ને ટોળે ફરતા હતા. પોતાની જાનની હિફાઝત માટે તલવાર પણ રાખતા હતા અને ગોળીઓના વરસાદમાં બહાદુર સિંહની જેમ નીકળતા ચાલ્યા જતા. એકવાર એવું પણ બન્યું કે હઝરત ઈમામ રબ્બાની (રશીદ અહમદ ગંગોહી) પોતાના ખાસ દોસ્ત મૌલાના કાસિમુલ ઉલૂમ અને રૂહાની તબીબ આ'લા હઝરત હાજી સાહબ અને હાફિઝ ઝામિન સાહબ સાથે હતા. બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી ગૃપ) સાથે મુકાબલો થઈ ગયો. આ મજબૂત ગૃપ પોતાની (અંગ્રેજ) સરકારના વિરોધી બાગીઓ સામેથી ફરાર થનાર કે હારનાર ન હતા માટે પહાડની જેમ પગ જમાવી ઉભા થઈ ગયા અને સરકાર (અંગ્રેજ હુકૂમત) પર પોતાની જાન નિછાવર કરવા તૈયાર થઈ ગયા. **અલ્લાહ રે ! જવાંમર્દી તથા બહાદુરીનો તે ભવ્ય મંઝર જેનાથી સિંહનું પિત્તુ પણ પાણી અને બહાદુરનો જુસ્સો ઠંડો થઈ જાય ત્યાં અમુક ફકીરો હાથોમાં તલ્વાર લઈ બંદુકચીઓ (અંગ્રેજ વિરોધી બાગીઓ) સામે એવા ઉભા રહ્યા જાણે જમીને પગ પકડી લીધા હોય.** જેથી

આપ પર ફાયરિંગ થઈ અને હાફિઝ ઝામિન સાહબને ડુંટી નીચે ગોળી વાગતાં શહીદ થયા." *(તઝકિરતુર્રશીદ, ભાગ–૧)*

આ છે જંગે આઝાદીમાં ઉપરોક્ત દેવબંદી ઉલમાનો જેહાદ તથા અંગ્રેજ ગવર્નમેન્ટ પ્રત્યે પોતાના સંપૂર્ણ ઈખ્લાસ અને કુર્બાનીની ઉઘાડી દાસ્તાન !

મૌલાના કાસિમ નાનોત્વી પણ મૌલાના રશીદ અહમદ ગંગોહીની જેમ અંગ્રેજી સામ્રાજયના વફાદાર તથા ભલુ ઈચ્છનાર હતા. બલ્કે આપની પહોંચ અંગ્રેજોના ઉચ્ચ અધિકારીઓ સુધી હતી. **જે દિવસોમાં ઉલ્મા તથા મુજાહિદ ગૃપોએ પોતાની જાન બચાવવું મુશ્કેલ હતું ત્યારે મૌલાના સંપૂર્ણ શાંતિ સાથે હતા બલ્કે અંગ્રેજોની ચોકીઓમાં આપનો હુકમ ચાલતો હતો અને પોલીસ આપના ઈશારા પર નાચતી હતી.**

'સવાનેહે કાસમી'માં મૌલ્વી કાસિમ નાનોત્વી સાથે હાજર રહેનાર મૌલ્વી મન્સૂર અલી ખાનની ઝબાની આ વાકિઓ બયાન કરવામાં આવ્યો છે, તે કહે છે કે એકવાર હું મૌલાના કાસિમ નાનોત્વી સાથે નાનોતા જઈ રહ્યો હતો. રસ્તામાં મૌલાનાનો હજામ હાંફતાં હાંફતાં મળ્યો અને કહ્યું કે નાનોતાના થાણેદાર એક છોકરીને ભગાડી જવાના આરોપમાં મને (હજામને) સજા કરી છે, ખુદારા મને બચાવો ! મૌલ્વી મન્સૂર અલી ખાન બયાન કરે છે કે નાનોતા પહોંચતાં જ મૌલાનાએ પોતાના ખાસ કાર્યકર મુન્શી સુલેમાનને બોલાવ્યા અને જલાલભર્યા સ્વરે કહ્યું :–

"આ ગરીબને થાનેદારે વિના કુસૂરે પકડયો છે, તું તેને કહી આપ કે આ હજામ અમારો માણસ છે તેને છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! આના હાથમાં હાથ કડી નાખશે તો તેના હાથમાં પણ હાથકડી પડશે." *(સવાનેહે કાસમી, ભાગ–૧, પેજ–૩૨૧, ૩૨૨)*

લખ્યું છે કે મુન્શી સુલેમાને નાનોત્વી સાહબનો હુકમ શબ્દે શબ્દ થાનેદાર સુધી પહોંચાડી દીધો. થાનેદારે જવાબ આપ્યો કે હવે શું થઈ શકે છે ? રજીસ્ટરમાં તેનું નામ લખાઈ ગયું છે ! મૌલાના નાનોત્વીએ થાનેદારના આ જવાબ પર કહ્યું, તેને જઈ કહી દો કે આનું નામ રજીસ્ટરમાંથી કાઢી નાખ. મન્સૂર અલીખાનનું બયાન છે કે મૌલાનાના આ હુકમથી થાનેદાર પોતે આપની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી :–

"હઝરત ! નામ કાઢવું મોટો ગુનો છે, મારી નોકરી પણ જતી રહેશે. ફર્માવ્યું, આનું નામ કાઢી નાખ, તારી નોકરી નહીં જાય." *(હવાલો ઉપર મુજબ, પેજ–૩૨૩)*

લખ્યું છે કે, "મૌલાનાના હુકમ મુજબ થાનેદારે હજામને છોડી દીધો અને થાનેદાર થાનેદાર જ રહ્યો (તેની નોકરી બાકી રહી)."

આ આખો બનાવ એ વાત સ્પષ્ટ કરી રહ્યો છે કે નાનોત્વી સાહબની પહોંચ અંગ્રેજી હાકેમો સુધી હતી, નહીં તો જે પોતે અંગ્રેજોનો દુશ્મન હોય તે કદી આ હુકમ નહીં આપી શકે કે છોડી આપ, નહીં તો તું પણ નહીં બચે ! અને પોતાનો હુકમ માનવાના સંજોગોમાં નોકરી બાકી રાખવાનું યકીન અપાવ્યું.

શામલીના આખા બનાવની હકીકત એ છે કે દેવબંદી ઉલ્માએ અંગ્રેજોના બાગીઓ સાથે લડાઈ કરી અને હાફિઝ ઝામિન અંગ્રેજોની ખુશી મેળવવા ખાતર પોતાની જાન ગુમાવી બેઠા. મૌલાના મુનાઝિર અહસન ગીલાની (મૃત્યુ ૧૯૫૬) જે દેવબંદીઓના ફેમસ લેખક છે તે ફાઈનલ ચર્ચા કરતાં લખે છે : "મુકાબલા તથા જંગમાં ભાગ લેવાનો ફેંસલો સૈયેદુનલ ઈમામુલ કબીર (મૌલાના નાનોત્વી)એ પહેલેથી કર્યો હતો તો તે જમાના સુધી લડાઈના હથિયારો કમસે કમ બંદૂકના ઉપયોગથી બિલકુલ અભણ રહેવું શું શકય હતું ? કાંઈ પણ હોય એ વાત યકીની છે વધુ પેજ નં. ૧૧ પર....

"કૈસર પર જંગ કરનાર પ્રથમ લશ્કર જન્નતી છે." (કુસ્તુન્તુનિયાવાળી હદીષ)

# કુસ્તુન્તુનિયાવાળી હદીષમાં યઝીદ પલીદ સામેલ નથી

હદીષના શારેહોના કથનો તથા અન્ય સનદી હવાલાઓ થકી એક સંશોધન

રજૂકર્તા : **મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી**

તાજદારે મદીના, રાહતે ક઼લ્બોસીના ﷺની ઝબાન મુબારકથી નીકળનારા શબ્દો જીવન બંધારણ બની જતા હોય છે. આપની મુબારક જીભ હલન ચલન થકી શરીઅતના નિયમોને ઢાળતી હોય છે. આપનું આલીશાન ફર્માન મુસલમાનોના માટે પ્રાણથી પ્રિય બની જાય છે, અને કેમ ન બને જ્યારે કે રબ્બુલ ઈઝ્ઝત ખૂદ કુર્આન મજીદમાં આ વાતની ગવાહી આપી રહ્યો છે કે સરવરે આલમ ﷺ પોતાની મરજીથી કાંઈ નથી કહેતા, બલ્કે અલ્લાહ તઆલાના હુકમથી જ દરેક મુબારક વાણી જીભ મુબારકથી અદા થાય છે. આપ ﷺની જીભ મુબારકથી બહાર પડનાર વાણી અલ્લાહની વહીનો દરજ્જો ધરાવે છે. એ જ કારણે તાજદારે મદીના ﷺના આશિકે સાદિક઼ મુજદ્દિદે ઈસ્લામ ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી ફર્માવે છે :–

**વો ઝબાં જિસકી હર બાત વહીએ ખુદા**
**ચશમએ ઈલ્મો હિકમત પે લાખોં સલામ**

મુખ્બિરે ઉલૂમે ગૈબિયા ﷺની મુબારક ઝબાનથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની વહદાનિયતના નગ્માઓ બુલંદ થતા રહેતા હતા. અલ્લાહ તઆલાની ઝાત તથા સિફતોની પ્રશંસા થતી રહેતી હતી, માલિકે કાઈનાતની કિબ્રિયાઈ બયાન થતી રહેતી હતી, શરીઅતના ઉસૂલો તથા ક઼ાનૂનો રચાતા રહેતા હતા, મુસલમાનોને જીવન બંધારણ અર્પણ કરવામાં આવતુ હતું, દુનિયવી મસાઈલ ક્ષણોમાં હલ થતા રહેતા હતા, દુનિયાના રહસ્યો જાહેર થતાં રહેતાં હતાં. સાથો સાથ રસૂલે અકરમ ﷺની મુબારક ઝબાન ભાવિમાં થનારા સંજોગોની હાલતનું વર્ણન આબેહુબ કર્યા કરતી હતી, ગયબી ઈલ્મોની ગાંઠ ખોલ્યા કરતી હતી, લોકોની જાહેરી તથા આંત્રિક હાલતો બતાવ્યા કરતી હતી. સાલેહ (નેક) મુસલમાનોને જન્નતી હોવાની ખુશખબરી સંભળાવ્યા કરતી હતી. કાફિરો તથા મુશ્રિકોને તેમના બુરા ખાત્માની ચેતવણીઓ સંભળાવ્યા કરતી હતી, ગયબની ખબરો વર્ણન કર્યા કરતી હતી, છુપી હાલતો દર્શાવ્યા કરતી હતી, વહી ગયેલા ભૂતકાળના પ્રસંગો પર પ્રકાશ વેર્યા કરતી હતી, આવનાર પ્રસંગોની આગાહી કર્યા કરતી હતી.

**ઔર કોઈ ગ઼યબ કયા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમ પે કરોરોં દુરૂદ**

હબીબે પરવર દિગાર, શફીએ રોઝે શુમાર ﷺની દરેક વાત ફસાહત તથા બલાગતનો (વાણીના ઉમદાપણાનો) ઉચ્ચ નમૂનો રહેતી હતી, સત્ય તથા સફાઈનું માપદંડ રહ્યા કરતી હતી. આપ ﷺના સાચા હોવાની ગવાહી તે બદ્‌બખ્ત વ્યક્તિઓ પણ આપ્યા કરતી હતી જેઓ આપની હક્ક઼ની દા'વત પર લબ્બૈક કહેવાથી કતરાયા કરતા હતા. મક્કાના કાફિરો તથા મદીનાના યહૂદી તથા ઈસાઈઓ પણ આપની હક્ક઼ગોઈ (સાચા બોલી)ના પ્રશંસક હતા. મદીનાના સુલ્તાન ﷺના કલામ મુબારક (વાણી)માં કોઈને કલામ કરવાની (બોલવાની) હિંમત ન હતી, અને ક઼યામત સુધી આપ ﷺના મુક઼દસ કલામ (વાણી)નો એ

મો'જિઝો જીવતો જાગતો રહેશે.

શબે અસ્રાના દુલ્હા ﷺએ જ્યારે મેઅરાજનો બનાવ વર્ણન કર્યો અને અલ્લાહ ﷻ સાથે પોતાની મુલાકાતનો હાલ સંભળાવ્યો તો સિદ્દીકે અકબર رضی اللہ عنہ કશીય તેહક઼ીક઼ વિના આપ ﷺના બયાન મુબારક પર ઈમાન લાવ્યા અને 'સિદ્દીક઼' કહેવાયા. મક્ક઼ા મોઅઝ્ઝમાથી મદીના મુનવ્વરા હિજરત દરમ્યાન જ્યારે હઝરત સુરાકા رضی اللہ عنہને તાજદારે મદીના ﷺએ બશારત આપી કે તેમના હાથોમાં કિસ્રાના કંગન દેખાઈ રહ્યાં છે, તો હઝરત સુરાકાને આશ્ચર્ય ન થયું અને તેમણે એવું ન વિચાર્યું કે જે માણસ પ્રતિકૂળ સંજોગોને લઈને મજબૂર થઈને પોતાના શહેરથી હિજરત કરવા માટે મજબૂર છે તે કૈસર તથા કિસ્રા જેવા મહાન દેશો તથા તે સમયના સુપર પાવર પર વિજય પામવાનો દાવો કરી રહ્યો છે ! અને તેમનાં કિંમતી કંગનોને મારા હાથોમાં પહેરાવવામાં આવવાની બશારત સંભળાવી રહ્યો છે ! સુરાકા رضی اللہ عنہ જાણાતા હતા કે આ બુદ્ધિને આશ્ચર્ય ચક્તિ કરી દેનારી વાત કહેનારો તમારી મારી જેવો કોઈ સામાન્ય માનવી નથી, બલ્કે એ તો અલ્લાહનો હબીબ છે જેની કુદરતના તાબા હેઠળ પરવરદિગારે આલમે બંને જહાનની કૂંચીઓ આપી રાખી છે અને જેના પર ગ઼યબની હાલતો ઉઘાડી કરી દેવામાં આવી છે. જેથી સુરાકાને રસૂલે આ'ઝમ ﷺના બયાન પર સંપૂર્ણ યક઼ીન હતું. અને થયું પણ એવું જ કે ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના દૌરમાં જ્યારે મુસલમાનોએ કૈસર તથા કિસ્રા પર વિજય મેળવ્યો તો ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ તે દેશોના ખજાનાઓમાંથી હાંસલ થનાર સોનાનાં કંગન રસૂલે પાક ﷺની હદીષ મુબારકના પ્રમાણે હઝરત સુરાકા رضی اللہ عنہને પહેરાવ્યા.

**માલિકે કૌનૈન હૈં ગો પાસ કુછ રખતે નહીં**
**દો જહાં કી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથ મેં**

મુખ્બિરે સાદિક઼ ﷺએ 'અશ્રએ મુબશ્શરા'ના લક઼બથી દસ ખુશનસીબ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ને જન્નતની ખુશખબરી સંભળાવી. એ જ પ્રમાણે પ્રસંગોપાત સહાબાએ કિરામને તેમની હયાતમાં જ અથવા વિસાલ બાદ જન્નતી હોવાની બશારત સંભળાવ્યા કરતા હતા. આપ ﷺની આ મહાન ખૂબી ગ઼યબી ઈલ્મો પર આપ ﷺની પહોંચ હોવાની ઉઘાડી સાબિતી પણ છે.

એ જ પ્રમાણે આપ ﷺએ કુસ્તુન્તુનિયા પર હુમ્લો કરનારા સૌથી પ્રથમ લશ્કરના માટે પણ જન્નતની બશારત આપી હતી, અને એનાથી જ નબુવ્વતના ખાનદાન સાથે વેર રાખવાવાળાઓએ ઘણા જ વિચિત્ર તરીકાથી અહલે બયતના દુશ્મન યઝીદ પલીદને આ મુબારક હદીષમાં સામેલ જણાવીને તેના જન્નતી હોવાનું એલાન કરી આપ્યું. હવે આવો ! પ્રસંગો તથા સંજોગો તથા હદીષની તથા ફિક઼્હની સનદધારી કિતાબોની રોશનીમાં આ વિવાદનું પરીક્ષણ કરીએ.

યઝીદી ટોળુ ઘણા જ જોરશોર ભેર બુખારી શરીફની એક હદીષની રોશનીમાં યઝીદને જન્નતી બનાવવા હઠે ચડેલુ છે. તો એ હદીષનો અભ્યાસ કરી લો :–

આક઼ાએ દો જહાં ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**اول جیش من امتی یغزون مدینۃ قیصر مغفور لھم**

"ઉમ્મતનું પ્રથમ લશ્કર જે કૈસરના શહેરમાં જંગ કરશે તેમના માટે મગફેરત છે." *(બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૧૦૪, બહવાલા ઈમામે પાક ઔર યઝીદ)*

આ હદીષ પાકના સંબંધે હિંદ તથા પાકિસ્તાનના પ્રખ્યાત મુહક્કિક઼ અને વિશ્વસનીય આલિમે દીન હઝરત અલ્લામા મુહમ્મદ શફીઅ ઓકાળવી رحمۃ اللہ علیہ લખે છે કે :–

"આ હદીષથી દલીલ કરનારાઓએ જાણવું

જોઈએ કે આ ઈર્શાદે ગિરામી તે નબીએ પાક ﷺનો છે જેમની નજરો સમક્ષ ક઼યામત સુધીના બનાવો હતા. આપે તદન એવું નથી ફર્માવ્યું કે જેટલા પણ કૈસરના શહેરમાં જંગ કરશે તે સૌના માટે બખ્શિશ છે, બલ્કે **اول جيش من امتى**"મારી ઉમ્મતનું પ્રથમ લશ્કર" ફર્માવીને મગફેરતને પ્રથમ લશ્કર સાથે ખાસ કરેલ છે અને પ્રથમ લશ્કરમાં યઝીદ હરગિઝ ન હતો."

જેમ કે અલ્લામા ઈબ્ને અષીર ફર્માવે છે : "અને એ જ વરસે હિ.સ. ૪૯ અને કહેવામાં આવ્યું છે કે હિ.સ. ૫૦માં હઝરત મુઆવિયહ્એ એક ભવ્ય લશ્કર રોમના શહેર તરફ મોકલ્યું અને એના પર સુફયાન ઈબ્ને ઔફને અમીર બનાવ્યા અને પોતાના પુત્ર યુઝીદને તેમની સાથે જંગમાં શરીક થવાનો હુકમ આપ્યો, તો યઝીદ બેઠેલો રહ્યો અને બહાનાં બનાવવાનું શરૂ કર્યું. તો અમીર મુઆવિયહ رضی اللہ عنہ તેને મોકલવાથી રોકાઈ ગયા. તે જંગમાં લોકોને ભૂખ, તરસ તથા સખત બીમારી લાગી તો યઝીદે (ખુશ થઈને) આ શેઅરો કહ્યા : (અર્થ) : "મને પરવા નથી કે એ લશ્કરો પર તાવ તથા તંગી તથા તકલીફની બલાઓ ફરદક઼ સ્થળે આવી પડી, જ્યારે કે હું દેરમુરાનમાં ઊંચી મસ્નદ પર તકીયો લગાડીને ઉમ્મે કુલ્ષૂમને મારી પાસે લઈને બેઠો છું."

ઉમ્મે કુલ્ષૂમ બિન્તે અબ્દુલ્લાહ ઈબ્ને આમિર યઝીદની પત્ની હતી. યઝીદે કહેલા આ શેઅરો અમીર મુઆવિયહ્ સુધી પહોંચ્યા તો તેમણે ક઼સમ ખાધી કે, "હવે હું યઝીદને પણ સુફયાન બિન ઔફની પાસે રોમની ભૂમી પર જરૂર મોકલીશ જેથી તેને પણ મુસીબતો પહોંચે જે આ લોકોને પહોંચી." *(ઈબ્ને અષીર, ૩/૧૮૯, બહવાલા ઈમામ પાક ઔર યઝીદ પલીદ, અલ્લામા શફીઅ ઓકાળવી, ૨૨૫)*

આ હદીષે મુબારકાથી કેટલીય વાતોની સ્પષ્ટતા થાય છે. યઝીદ પલીદને પોતાનો પેશવા માનવાવાળા અહલે બયતના દુશ્મનો લોકોને એવું કહીને ગુમરાહ કરે છે કે જે લશ્કરને હુઝૂર નબીએ કરીમ ﷺએ જન્નતી હોવાની બશારત આપી હતી તેનો સર સેનાપતિ યઝીદ જ હતો એટલા માટે તે વિના શંકાએ જન્નતી છે.

બીજી એક ટોળી એવું માને છે કે, જો કે એ લશ્કરના સરદાર સુફયાન ઈબ્ને ઔફ હતા પણ એ લશ્કરમાં શરીક થવાના કારણે જન્નતી હોવાની બશારત યઝીદ પલીદ પર પણ લાગુ થાય છે. અને આ ગલતફહમી એટલા પ્રમાણમાં રિવાજ પામી ચૂકી છે કે ભોળા ભાળા લોકો જેઓ અહલે બયતે અત્હારથી મહોબ્બત પણ કરે છે છતાં ગલત ફહમી તથા કમ ઈલ્મીના કારણે એ જ રિવાયતને દુરુસ્ત સમજે છે.

ઉપરોક્ત હદીષે પાક અને અલ્લામા ઈબ્ને અષીરની દલીલયુક્ત શરહથી એ વાત સાબિત થઈ ગઈ કે રહ્મતુલ્ લિલ્ આલમીન ﷺએ જન્નતી હોવાની બશારત કેવળ સૌથી પ્રથમ લશ્કરના માટે ખાસ આપી હતી. આ બશારત રોમના શહેર કુસ્તુન્તુનિયા પર હુમ્લો કરનાર સર્વ લશ્કરો સંબંધે ન હતી. અને સૌ પ્રથમ લશ્કરના અમીર સુફયાન ઈબ્ને અમીર હતા, જ્યારે કે યઝીદ પલીદ એ લશ્કરનો અમીર તો શું, બલ્કે એક સામાન્ય સૈનિકના રૂપે પણ એ લશ્કરમાં સામેલ ન હતો, તે બહાનાબાજી કરીને લશ્કરથી ગૈરહાજર રહ્યો. વળી તેણે મુસલમાનોને પડનારી તંગી તથા તકલીફોની મઝાક ઉડાવી હતી. યઝીદ પલીદે તો જન્નતી લશ્કરની હંસી ઉડાવી હતી ! તો એના કારણે સજા રૂપે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہએ તેને કુસ્તુન્તુનિયા રવાના કર્યો હતો. જેથી યઝીદનું કુસ્તુન્તુનિયા જવું કમને હતું, ખુલૂસ તથા લિલ્લાહિયતની સાથે તે જેહાદમાં શરીક થયો ન હતો. અને ઈબાદતોના માટે ખુલૂસ તથા લિલ્લાહિયત શર્ત છે, નહીં તો એવી ઈબાદતો

عاملةٌ ناصبةٌ (એટલે ''મુસીબતો ઉઠાવી, તકલીફો વેઠે, બદલો શું ? જહન્નમની ભડકતી આગમાં નાખવામાં આવશે.'' *–કુર્આન*)ના હેઠળ બેકાર થઈ જશે. એટલા માટે યઝીદ પલીદ પર કુસ્તુન્તુનિયાવાળી હદીષે પાક હરગિઝ લાગુ થશે નહીં.

હવે આવો ! સાબિતી રૂપે અલ્લામા મુહમ્મદ શફીઅ ઓકાળવી સાહબનો એક અધિક હવાલો જોઈ લો : ઈમામુલ મુહદ્દિષીન અલ્લામા ઈમામ બદરુદ્દીન અયની શારેહે સહીહ બુખારી رحمۃ اللہ علیہ ફર્માવે છે : (અર્થ) : ''અને કહેવામાં આવ્યું કે હઝરત મુઆવિયહ્ رضی اللہ عنہએ એક લશ્કર જેના અમીર સુફયાન ઈબ્ને ઔફ હતા તેને કુસ્તુન્તુનિયા પર ચઢાઈ કરવા માટે મોકલ્યું. તે લશ્કર રોમના શહેરોમાં ફતહ કરતુ કરતુ આગળ વધતુ ગયું. એ લશ્કરમાં ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર, ઈબ્ને ઝુબૈર તથા અબૂ ઐયૂબ અન્સારી હતા, અને અબૂ ઐયૂબ એ જ અથડામણોમાં ત્યાં જ વફાત પામ્યા. હું કહું છું કે એ વાત તદ્દન જાહેર છે કે આ મહાન સહાબીઓ સુફયાન ઈબ્ને ઔફની સરદારી હેઠળ હતા, કેમ કે યઝીદ એના લાયક ન હતો કે એ મહાન મહાન હઝરાત તેની સેવામાં (તેની સરદારી હેઠળ ) રહે. અને મહલબે કહ્યું છે કે આ હદીષથી હઝરત અમીર મુઆવિયહ્ની મન્કબત (પ્રશંસા) સાબિત થાય છે, કેમ કે તેમણે જ સૌ પ્રથમ દરિયાઈ જંગ કરી અને તેમના પુત્ર યઝીદની પણ મન્કબત સાબિત થાય છે કેમ કે તેણે સૌ પ્રથમ કૈસરના શહેર કુસ્તુન્તુનિયામાં જંગ કરી.''

હું કહું છે કે એ કઈ પ્રશંસા છે જે યઝીદના માટે સાબિત થઈ ગઈ ?! જ્યારે કે તેની હાલત ખૂબ જ મશહૂર છે. જો તમે એવું કહો કે હુઝૂર ﷺએ એ લશ્કરના હક્કમાં مغفورٌ لهم (બખ્શાઈ ગયેલા) ફર્માવ્યું છે તો હું કહું છું કે આ સર્વ સામાન્ય ફર્માનમાં યઝીદ સામેલ થવાથી એ અનિવાર્ય નથી બનતુ કે તે કોઈ અન્ય દલીલ થકી બહાર પણ ન થઈ શકે. કેમ કે એમાં અહલે ઈલ્મ (ઈલ્મવાળાઓ)નો કોઈ મતભેદ નથી કે હુઝૂર ﷺના કૌલમાં مغفورٌ لهم (બખ્શાયેલા) તે જ સામેલ છે જે મગફેરતના લાયક છે, એટલે સુધી કે તે જંગ કરનારાઓમાં કોઈ મુર્તદ થઈ જાત તો યક્ીનન પર આ બશારતના સર્વ સામાન્ય હોવામાં સામેલ ન રહેત. વળી એ સ્પષ્ટ પુરવાર કરે છે કે મગફેરતથી મુરાદ એ છે કે જેના માટે મગફેરતની શરત જોવા મળે એના માટે મગફેરત છે.'' *(ઉમ્દતુલ ક્ારી ફી શરહે બુખારી, ૬/૬૪૯, ઈમામે પાક ઔર યઝીદ પલીદ)*

આ જ વાત હઝરત અલ્લામા ઈમામ કસ્તલાની શરહે બુખારી رحمۃ اللہ علیہએ પોતાની શરહ ''ઈર્શાદુસ્સારી ફી શરહુલ્ બુખારી''ના પેજ નં. ૫/૧૧ ઉપર કરેલ છે અને અલ્લામા મુહમ્મદ શફીઅ ઓકાળવી ફર્માવે છે કે, લગભગ એના જેમ જ અલ્લામા હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની તથા અલ્લામા શયખ અલી ઈબ્ને શયખ અહમદ رحمہم اللہ تعالیٰએ લખ્યું છે. જુઓ ફુત્હુલબારી શરહે બુખારી, ૬/૧૬૫ તથા સિરાજે મુનીર શરહે જામેએ સગ્ીર, ૨/૭૯. *(ઈમામે પાક ઔર યઝીદ પલીદ, ૨૯૯, રઝવી કિતાબ ઘર, ભીવંડી)*

પાકિસ્તાનના અલ્લામા કૌકબ નૂરાની સાહબે આ ચર્ચામાં પોતાની તેહક્ીક્નો ઉમેરો કરતાં લખ્યું છે કે, ''તદ્ ઉપરાંત સનદવાળા તથા વિશ્વસનીય હવાલાઓથી એ પણ સાબિત થાય છે કે કૈસરના શહેરમાં સૌથી પ્રથમ જે ઈસ્લામી લશ્કરે જેહાદ કર્યો તે પ્રથમ ખલીફા અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ખિલાફતકાળ માં મોકલ્યું હતું. આ રીતે اول جيش (પ્રથમ લશ્કર)માં એ જ સામેલ હોવાનું ઠરે છે.''

આ સર્વ હવાલાઓથી તથા વિસ્તૃત ચર્ચા પછી એ વાત પુરવાર થઈ જાય છે કે જે લશ્કરના માટે સરકાર અબદ ક્રાર ﷺએ જન્નતી હોવાની અથવા તો હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہનું મોકલેલ પ્રથમ લશ્કર હતું. અને એ બંનેમાં યઝીદ

પલીદ શરીક ન હતો. તે બાદવાળા લશ્કરમાં સામેલ રહ્યો જ્યારે કે જન્નતી હોવાની બશારત સૌ પ્રથમ લશ્કર માટે ખાસ હતી.

તેમ છતાં પણ જો કોઈ ધારો કે તેને જન્નતી લશ્કરમાં સામેલ ગણી પણ લે તો અહીં એ વાત પણ યાદ રાખવી જોઈએ કે બંદો જેવી રીતે કોઈ એક હદીષે પાકની રોશનીમાં જાહેરી રીતે જન્નતમાં પ્રવેશતો જોવા મળે છે તે પોતાના અમલોની ખરાબીના સબબે જન્નતથી મેહરૂમ થતો પણ જોવા મળે છે. એનાં કેટલાયે દૃષ્ટાંતો છે. દા.ત. એક હદીષ શરીફમાં એ છે કે, "જેણે કલ્મો "લાઈલાહ ઈલ્લલ્લાહ" પઢયો તે જન્નતી થઈ ગયો." પરંતુ જો તે કલ્મો પઢયા પછી મુર્તદ થઈ ગયો અથવા મઆઝલ્લાહ જરૂરિયાતે દીનનો મુન્કિર (નકારનાર) થઈ ગયો તો શું હજી પણ તે જન્નતનો હક્કદાર ઠરશે ? એ જ પ્રમાણે માંબાપના ચહેરાને ખુશી સાથે જોનાર, પોતાની બે કે ત્રણ પુત્રીઓને ખુશીભેર ઉછેરનાર વગેરે વગેરે.... આ પ્રકારના ઘણા બધા નેક અમલો છે જેને કરનારને હદીષમાં જન્નતી ઠરાવેલ છે. પરંતુ જો તે એ નેક અમલો ઉપરાંત અન્ય ગુમરાહીનાં કામોમાં પણ સંડોવાયેલો રહ્યો તો પછી તેને હરગિઝ જન્નતનો હક્કદાર ઠરાવવામાં આવશે નહીં.

જ્યાં સુધી યઝીદ પલીદનો સવાલ છે તો તેના નાપાક હાથ વિવિધ સહાબાએ કિરામના લોહીથી રંગાયેલા છે અને સૌથી વિશેષ નવાસાએ રસૂલ, જિગર ગોશએ બતૂલ, ઈમામ આલી મકામ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ને તે જ ખબીષના હુકમથી કર્બલાના મેદાનમાં ખાનદાનના ફરઝંદો સહિત શહીદ કરવામાં આવ્યા, યઝીદ પલીદે આપના મુબારક સર સાથે ગુસ્તાખીઓ કરી, કા'બા શરીફ પર પથ્થર મારો કર્યો, મસ્જિદે નબવી શરીફમાં ઘોડા બંધાવ્યા, મદીના મુનવ્વરાની બાઈજ્જત ખાતૂનોને પોતાના લશ્કર માટે હલાલ ઠરાવી હતી. આવો મલઊન શખ્સ કઈ રીતે જન્નતી થઈ શકે છે અને આવા ફાસિક તથા ફાજિર શખ્સ માટે "રદિયલ્લાહુ અન્હૂ" કહેવું કઈ રીતે યોગ્ય ઠરી શકે છે ? આ બાબતે મર્યાદિત ઈલ્મ તથા અક્કલના ઘોડા દોડાવવાના બદલે સનદવાળા હવાલાઓ સાથે રુજૂઅ (તૌબા) કરવાની જરૂરત છે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક, એપ્રિલ–જૂન, ૨૦૦૮,*

## જન્નત અને દોઝખ હદીષની રોશનીમાં

હઝરત અનસ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, જો **જન્નતી સ્ત્રીઓમાંની કોઈ સ્ત્રી જો જમીનની તરફ ઝાંકે તો આસમાનથી જમીન સુધી પ્રકાશમય થઈ જાય અને જમીનથી આસમાન સુધીનું સર્વ વાતાવરણ સુગંધિત થઈ જાય,** અને **તેના મોઢાની ઓઢણી દુનિયા અને દુનિયામાં જે કાંઈ છે તે સર્વથી બેહતર છે.**

*–(બુખારી, મિશ્કાત)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે રસૂલે કરીમ علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું કે ખુદા તઆલાએ ફર્માવ્યું કે, મેં મારા નેક બંદાઓના માટે એવી ચીજ તૈયાર કરી રાખી છે જેને ન કોઈ આંખે જોઈ ન કોઈ કાને તેની ખૂબીઓને સાંભળી અને ન કોઈ ઈન્સાનના દિલ પર તેની હકીકતનો ખયાલ આવ્યો હોય.

*–(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ એ કહ્યું કે સરકારે અકદસ ﷺ એ ફર્માવ્યું કે **જો તે પીળા પાણીની એક ડોલ જે દોઝખીઓના ઝખ્મોએથી વહેશે તે દુનિયામાં નાખી દેવામાં આવે તો દુનિયાવાળા બદબૂદાર થઈ જાય.**

*–(તિર્મિઝી શરીફ, મિશ્કાત શરીફ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ ઈબ્ને જઝએ કહ્યું કે રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું કે, દોઝખમાં બુખ્તી ઊંટના જેટલા સાપ છે. એ સાપ એકવાર કોઈને કરડે તો તેનું દર્દ અને ઝહેર ચાલીસ વરસ સુધી રહેશે અને દોઝખમાં પાલાન બાંધેલા ખચ્ચરોની જેમ જેમ વિછીઓ છે તેમના એકવાર કરડવાનું દર્દ તથા ઝહેર ચાલીસ વરસ સુધી રહેશે.

*–(અહમદ, મિશ્કાત)*

# તુર્કીમાં ડુપ્લિકેટ ઈસ્લામની રચનાની ચાલતી કાર્યવાહી

## શું તુર્કી નવી શરીઅત પ્રસિદ્ધ કરશે ?!

કાર્યાલય

**તુર્કી**માં ઈસ્લામને નવો રંગ આપવામાં આવી રહ્યો છે. શરીઅતનું મૂળ એટલે કુર્આન તથા હદીષનો નવેસરથી અભ્યાસ કરવામાં આવશે. કુર્આની આયતોની સ્પષ્ટતાઓ તથા હદીષોનો સંશોધનાત્મક અભ્યાસ કરીને ઈસ્લામી શરીઅતમાં સુધારણાના એક ઘણા જ મોટા પ્રોજેકટ પર કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. શરીઅતમાં સુધારણાનો આ પ્રોજેકટ કોઈ બીજાએ નહીં, બલ્કે પોતાની ઈસ્લામ પસંદીના માટે મશહૂર વડાપ્રધાન રજબ તૈયબ અર્દગાનની ગવર્નમેન્ટે શરૂ કરેલ છે. એ જ કારણે આ પ્રોજેકટ જગતભરના વર્તમાનપત્રો અને ટી.વી. ચેનલોમાં ચર્ચા હેઠળ છે. મોટા પાયા પર એ વાત ફેલાવવામાં આવી રહી છે કે ઈસ્લામને પશ્ચિમી વિચારધારા તથા ફિલોસોફી તથા નીતિનિયમોના પ્રમાણે ઢાળવાની કોશિશ છે અને આ પ્રોજેકટની કૂખેથી નીકળીને જે ઈસ્લામ આવશે તે ૨૧ મી સદીનો ઈસ્લામ હશે. ઈસ્લામના આ રિવાજ પામેલા ચહેરાથી અલગ જેનાથી પશ્ચિમી કૌમો ડર તથા ગભરાહટમાં સપડાયેલ છે. જાણે કે ઈસ્લામને અર્વાચીન છૂટછાટવાળો અને પશ્ચિમીઓને માટે સ્વીકાર્ય હોય એવું રંગ રૂપ આપવાની કોશિશ કરવામાં આવી રહી છે.

હવે એક બાજુ જેવી રીતે ઈસ્લામી જગતમાં એના પર અતિશય આશંકાઓ ઉઠી રહી છે, મુસ્લિમ આલિમો તથા વિધ્વાનોમાં તેના સંબંધે અજંપો ફેલાયો છે કે ગમે તેમ પણ તુર્કીનો આ પ્રોજેકટ કોઈ નવા ફિત્નાને જન્મ આપી દે, અને તુર્કીમાં ઘડવામાં આવનારી નવી શરીઅત વિશ્વના મુસ્લિમોને અધિક વિખવાદ તથા મતભેદોનો શિકાર બનાવી આપે, તેવી રીતે બીજી બાજુ આ પ્રોજેકટ પર તીવ્ર દષ્ટિ રાખનારા પશ્ચિમી માધ્યમોનું કહેવું છે કે, "આ પ્રોજેકટ જેવી રીતે અસામાન્ય, ગંભીરતાપૂર્ણ તથા મહાનતાવાળો છે તેવી જ રીતે તે અતિશય રૂઢીવાદી પણ છે, એનો મક઼સદ ઈસ્લામની પાયાની વાતો સાથે છેડછાડ કે એમાં કોઈ ફેરફાર નથી, બલ્કે કુર્આનની આયતો અથવા હદીષોથી કાઢવામાં આવેલા તે ગલત પરિણામોની સુધારણા છે જે સદીઓથી શરીઅતમાં રિવાજ પામેલ છે. જેથી આનાથી પશ્ચિમને કોઈ અસામાન્ય તબદીલીની ઉમ્મીદ ન રાખવી જોઈએ.

*[**નોંધ** : આ પશ્ચિમવાસી ઈસ્લામ વિરોધીઓનો ગલત ખયાલ છે કે કુર્આન હદીષ થકી કાઢવામાં આવેલ પરિણામો ગલત છે. (મઆઝલ્લાહ !) કારણ કે કુર્આન હદીષના પરથી કાઢવામાં આવેલ પરિણામો ખૂદ રસૂલે પાક ﷺ તથા આપના સહાબા તથા તેમની નિકટતાના બુઝર્ગો થકી કાઢેલ છે અને કુર્આન હદીષને તેમનાથી વિશેષ આજનો કયો કહેવાતો સંશોધક કે મુહક્ક઼િક઼ સમજી શકે છે ?! એમની એ વાત દુનિયાને ધોકો આપવાની આ નવીન ટ્રિક છે. –તંત્રી]*

### ઈસ્લામી જગતમાં અજંપો

તુર્કીના આ સુધારણાના પ્રોજેકટના સંબંધે ઈસ્લામી જગતમાં બેચેનીનાં બે કારણો છે. એક તો અર્વાચીન તુર્કીનો રેકોર્ડ ઈસ્લામના સંબંધે ખૂબ જ ખરાબ રહ્યો છે. **અર્વાચીન તુર્કીના પ્રણેતા કમાલ પાશા અતારકિક અને તેના અનુગામીઓએ તુર્કીમાં ઈસ્લામની સાથે જે વર્તાવ કર્યો અને પોતાને યૂરોપી સાબિત કરવા માટે જે પ્રકારની સંસ્કૃતિને ઉત્તેજન આપ્યું તે હમેશાં માટે વિશ્વના મુસ્લિમો માટે**

**સદમાનો સબબ રહ્યો છે.** ઉષ્માનિયા ખિલાફતની લાશ પર સ્થાપિત થનારી લોકશાહીએ ઈસ્લામને મિટાવવાની દરેક શક્ય કોશિશ કરી. **મસ્જિદોમાં જોડાઓ સહિત ઘુસવું, અરબી ભાષા અને અરબી લખાણ પર પાબંદી લગાડવી, સ્ત્રીઓના પર્દા ખાસ કરીને ઈસ્લામી હિજાબ પર પાબંદી અને નગ્નતાને ઉત્તેજન આપવાની દરેક શક્ય કોશિશ અર્વાચીન તુર્કીની ઓળખ રહી છે.**

બીજુ કારણ એ છે કે હવે જ્યારે એક બાજુ વર્તમાન ગવર્નમેન્ટ પાબંદી હટાવીને પોતાની ઈસ્લામ પસંદ છબીને પ્રદર્શિત કરી છે તો બીજી બાજુ એવી ખબરો આવી રહી છે કે ઈસ્લામ શરીઅતમાં ફેરફાર તથા સુધારણના આ પ્રોજેટકનો મક્સદ યૂરોપી કૌમોની ખુશ્નૂદી હાંસલ કરવાનો હેતુ છે જેથી તુર્કીને યૂરોપિયન યુનિયનનું સભ્યપદ હાંસલ થઈ જાય. અમુક માધ્યમો દર્શાવે છે કે આ પ્રોજેટકનો મૂળ હેતુ શરીઅતની એ વાતોની સુધારણા છે જેના પર યૂરોપી લોકોને સખ્ત વાંધો છે. દા.ત. સ્ત્રીના હક્કો અથવા ઝિનાની સજાઓ વગેરેથી સંબંધિત કુર્આની હુકમો. સવાલ એ છે કે તુર્કી જ્યારે એક અર્વાચીન લોકશાહી અને બિનસાંપ્રદાયિક (સેક્યુલર) દેશની હૈસિયતથી ૮૦ વરસથી અધિકનો ઈતિહાસ બનાવી ચૂક્યો છે અને આ મુદ્દતમાં કદી શરીઅતની કોઈ એક વાત પર પણ અમલ નથી કર્યો, બલ્કે સરકારી રીતે શરીઅતની ઘણી વાતો પર પાબંદી લગાડી દીધી જેનું દષ્ટાંત હિજાબ છે, તો પણ યૂરોપીઓએ જ્યારે તેમને યૂરોપી કોમ્યૂનિટીનો મેમ્બર નથી સ્વીકાર્યો, તો હવે શરીઅતમાં છેડછાડ કરીને યૂરોપિયન યુનિયન તેને પોતાનું સભ્યપદ આપશે ?! કમસે કમ અમોને તો એવું નથી લાગતું.

એ વાતમાં શંકા નથી કે તુર્કી પ્રથમ દિવસથી યૂરોપિયન યુનિયનનું સભ્યપદ હાંસલ કરવાના માટે પ્રયત્નશીલ છે, પરંતુ તેના માર્ગમાં નિત નવી રુકાવટો આડ બની રહી છે, ક્યારેક આર્મિનિયાના ઈસાઈઓની કત્લેઆમનો વિવાદ ખડો થઈ જાય છે તો કદીક માનવ હક્કોનું હનન અને લોકશાહીનો મસ્અલો આડે આવી જાય છે. એ સંદેશો ઠીક નથી જણાતો કે રજબ તૈયબ અર્દગાનની ગવર્નમેન્ટ યૂરોપિયન યુનિયનનું સભ્યપદ પ્રાપ્ત કરવાના માટે શરીઅતને હાથો બનાવી રહી છે.

## આ પ્રોજક્ટ શું છે ?

ઈસ્લામ નિ:શંક ! સદીઓથી પશ્ચિમવાસીઓના નિશાના પર છે જેના ઘણા મજબૂત રાજકીય, સામાજિક તથા ધાર્મિક કારણો છે. પાછલા બે અઢી વરસથી એટલે કે જ્યારે નવ રચનાની ક્રાંતિના પ્રભાવ હેઠળ યૂરોપનો નવો નક્શો થયો છે ઈસ્લામની વિરુધ્ધ પશ્ચિમી હુમ્લાઓ સતત સખ્તાઈ અપનાવતા જઈ રહ્યા છે. હવે આવા સંજોગોમાં મુસલમાનોની માનસિક્તા સારી બુરી ચીજને શકની નજરોએ જોવાવાળી ન બની જાય તો શું બને ?

જો કે જમાનાના તકાઝાઓ હેઠળ શરીઅતની રોશનીમાં ચર્ચા વિચારણા કરવી અને અર્વાચીન મસાઈલનો હલ શોધવો એ તો હમેશાંથી ઈસ્લામના ઉલમા તથા શરીઅતના ફક઼ીહોનું કાર્ય રહેલું છે. ચર્ચા વિચારણાના દરવાજા શરીઅતે કદી બંધ નથી કર્યા. કુર્આને કરીમની તફસીર હોય કે મુબારક હદીષોની સ્પષ્ટતા હોય દરેક યુગમાં તેના પર તેહક઼ીક઼ થતી રહી છે. જો આજે તુર્કી ગવર્નમેન્ટની સંસદ મઝહબી બાબતોના મોહક્કિક઼ો (સંશોધકો) તથા ફક઼ીહોની કોઈ એવી જમાઅતના થકી જે દીન તથા શરીઅતનો સહીહ ઈલ્મ ધરાવતી હોય તેમના થકી શરીઅતનો કોઈ વિસ્તૃત

ઈન્સાયકલોપીડિયા તૈયાર કરાવી રહી છે અથવા શરઈ ક઼ાનૂનોનું નવીન ઢબમાં સંપાદન તથા ગોઠવણ કરાવી રહેલ છે તો એ કોઈ નવી વાત નથી. ભૂતકાળમાં પણ એનાં દષ્ટાંતો મૌજૂદ છે. આલિમો તથા ફક઼ીહોની એક મજલિસના થકી હિંદુસ્તાનના શહનશાહ ઔરંગઝેબ આલમગીરે પણ આ કામ કરાવ્યું હતું. શરીઅતના ક઼ાનૂનોની આ કિતાબને દુનિયા ''ફતાવા આલમગીરી''ના નામથી જાણે છે અને આજે ઈસ્લામી ફિક઼્હમાં એની ગણના દુનિયાની અતિ સ્ટાન્ડર્ડ કિતાબોમાં થાય છે. અધિક ગુમાન એ જ છે કે દીનીયાતના મંત્રી મંડળ (તુર્કી)નો વર્ણન કરેલ પ્રોજેકટ એ જ પ્રકારનો હશે. આપણે એક મુસ્લિમ દેશના દીની બાબતોના મંત્રીમંડળ થકી એ જ અપેક્ષા રાખવી જોઈએ. આપણો ધર્મ આપણને આપણા ભાઈઓ પ્રતિ સારું ગુમાન રાખવાની તા'લીમ આપે છે, પરંતુ કેમ કે નજીકના ભૂતકાળમાં તુર્કીના સત્તાધીશનું વલણ ઈસ્લામ પ્રતિ સારું રહ્યું નથી એટલા માટે ઈસ્લામી જગતમાં જોવા મળતો અજંપો પાયાવિહિન પણ નથી.

ખબરો તો એ છે કે શરીઅતના બાબતે સંપાદનનું આ કાર્ય ઘણી ખામોશીથી કેટલા વર્ષો પહેલાં શરૂ કરી દેવામાં આવ્યું હતું અને હવે આ પ્રોજેકટ પરિપૂર્ણતાના આરે આવી ચૂક્યો છે. તુર્કીનું મઝહબી બાબતોનું મંત્રી મંડળ જે દેશની કમસે કમ ૮૦૦૦ મસ્જિદોની નિગરાની અને તેના ઈમામોની નિયુક્તિ કરે છે. આ પ્રોજેકટ પર અત્યાર સુધીમાં લાખો રૂપિયા ખર્ચ થઈ ચૂક્યો છે. ઈન્કરા યુનિવર્સિટીમાં ઈસ્લામી સ્કોલરોની એક ઘણી જ મોટી જમાઅતને આ કામમાં લગાડવામાં આવેલ છે. ઈસ્તંબુલના પ્રખ્યાત વિદ્વાન મુસ્તફા અકુલ જણાવે છે કે આ પ્રોજેકટ પર કામ કરી રહેલા સ્કોલરોમાંથી એકના કહ્યાનુસાર ''હદીષો પર રિસર્ચનું કામ સંપૂણ થઈ ચૂક્યું છે. તુર્કીના ધાર્મિક બાબતોના મંત્રી વિભાગ એટલે દીનીયાતના લીડર અલી બદર ઓકોગ્લો જેઓ ખૂદ શરીઅત તથા કુર્આન તેમજ હદીષના નિષ્ણાત છે અને જેમને વડાપ્રધાન રજબ તૈયબ અર્દગાને ખૂદ આ વિભાગના લીડર નિયુક્ત કર્યા છે તે જણાવે છે કે ઈન્કરા યુનિવર્સિટીના સ્કોલર્સ હદીષોની પાંચ જિલ્દો તૈયાર કરી ચૂક્યા છે.

સારાંશ કે એ ઈસ્લામની સાચી તસ્વીર પેશ કરવાની નેક કોશિશ છે કે એક નવો ફિત્નો ? એ રાઝ તો ત્યારે ખુલશે જ્યારે એ કિતાબો આપણા હાથોમાં આવશે. ખુદા ન કરે કે તુર્કીના આ નવા ઈસ્લામપસંદોની આ કોશિશ મુસલમાનો દરમ્યાન કોઈ ફિત્ના કે વિખવાદનો સબબ બને અને ઈસ્લામના દુશ્મનોને તાળીઓ વગાડવાનો મોકો હાથ આવી જાય અને આપણા માટે શર્મિંદગી તથા ખસિયાણાપણાનો સામનો કરવા સિવાય કોઈ ચારો ન હોય.

*–(૨૩ થી ૨૯ માર્ચ–૨૦૦૮, નઈ દુન્યા અઠવાડિક)*


**ગુજરાત તેમજ વિશ્વભરમાં વસતા લગભગ ગુજરાતી સુધી બહોળો પ્રચાર ધરાવતા આપના**

**પ્યારા માસિક બરકાતે ખ્વાજા (માસિક)માં જાહેરાત આપો !**

**જાહેરાતના દર**

| | | | |
|---|---|---|---|
| ટાઈટલ–૪ | ફુલ પેઈજ | રૂા. | ૫૦૦૦/– |
| ટાઈટલ–૨, | ફુલ પેઈજ | રૂા. | ૪૦૦૦/– |
| ટાઈટલ–૩, | ફુલ પેઈજ | રૂા. | ૩૦૦૦/– |
| અંદરનું પેજ, | ફુલ પેઈજ | રૂા. | ૨૦૦૦/– |

**આપના ધંધા કે બિઝનેસ તથા દીની પ્રોગ્રામોની જાહેરાત માટે અમારો સત્વરે સંપર્ક કરો :–**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

**નોંધ : ફુલ, અડધુ, ચોથાઈ પેજ આમ સાઈઝ પ્રમાણે ભાવ નક્કી થશે.**

**નોંધ : ઓર્ડર સાથે રકમ એડવાન્સમાં જ મોકલવાની રહેશે તો જ જાહેરાત થશે.**

# ઈસ્લામના સીનામાં ડચ સાંસદનું ઝેરીલુ તીર !

## પયગંબરે ઈસ્લામ તથા કુર્આને કરીમ વિરુધ્ધ ફિલ્મી ફિત્નો

ડેન્માર્કમાં ફરીથી ઈસ્લામ દુશ્મનોની ટોળીનો શોર છે. કુર્આને કરીમની વિરુધ્ધ ઝહેર ફેલાવવાના માટે તખ્તો તૈયાર છે, જબરદસ્ત હલચલ છે, દરેકની નજર પડદા પર છે જેના પર કોઈ પણ પળે ફિત્નાખોર રાજકરણી ગેટર વેલ્ડર્સની કુર્આને કરીમ વિરુધ્ધ ઝહેર ઓકતી ફિલ્મ (નઊઝુબિલ્લાહ) 'ફિત્ના' રીલિઝ થઈ શકે છે. ૧૫ મિનિટની ફિલ્મમાં ડેન્માર્કનો ગુસ્તાખ ફિલ્મ મેકર એ સાબિત કરવા માટે બેચેન છે કે નઊઝુબિલ્લાહ ! કુર્આન પાક દુનિયામાં કત્લ તથા ખૂનામરકી અને આંતકનો સૌથી મોટો ઝરીયો છે, જેના સબબે ઈસ્લામી જગતમાં અજંપો છે, કેમ કે ઈસ્લામ દુશ્મન આ સાંસદ આ અગાઉ કુર્આને કરીમ પર પાબંદી લાગુ પાડવાની માંગણી કરી ચૂક્યો છે. અને સૌથી અફસોસનાક વાત એ છે કે આ ગુસ્તાખને ડેન્માર્કમાં દરેક તબકાનું સમર્થન મળી રહ્યું છે. અસલમાં **ડેન્માર્કમાં પાછલા અમુક વરસો દરમ્યાન ઈસ્લામ દુશ્મની એક ફેશનનું રૂપ ધારણ કરી ચૂકી છે.** એ જ કારણે દેશનો કુખ્યાત કાર્ટુનિસ્ટ વેસ્ટગાર્ડ પણ વેલ્ડર્સના સપોર્ટમાં જોવા મળે છે જેણે કાર્ટુનો બનાવી ઈસ્લામના પયગંબરથી તેની ગલત નિસ્બત કરીને ઈસ્લામ દુનિયાને આક્રોશની આગમાં ઝોંકી હતી. ફિલ્મ રીલિઝ કરવાની તૈયારીમાં આઝાદ ખયાલ ડેન્માર્ક ગવર્નમેન્ટની પેશાની પર પસીનો તરી આવ્યો છે, કેમ કે ૫૭ દેશોની બનેલી "ઓર્ગોનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોન્ફરન્સ" (OIC)એ ડેન્માર્કનો આર્થિક બોયકોટ કરવાની ધમકી આપી દીધી છે. જેના પછી ડેન્માર્કની ગવર્નમેન્ટે ૩૦ મુસ્લિમ દેશોના એલચીઓની સાથે મીટિંગ કરી, પણ ગવર્નમેન્ટ એક બાજુ વેલડર્સના ખયાલોનો વિરોધ કરી રહી છે તો બીજી બાજુ વિચારો વ્યક્ત કરવાની આઝાદીના સબબે એ ફિત્નાઅંગેઝ દિમાગની વિરુધ્ધ કોઈ પગલાં ભરવાથી લાચારી પ્રદર્શિત કરી રહી છે !

ઈસ્લામી જગતમાં ફિલ્મની વિરુધ્ધ જબરદસ્ત નારાઝગીના કારણે ડેન્માર્ક પર હવે ઉગ્રવાદીઓની બદલો લેવાની કાર્યવાહીનો ભય છે. ગવર્નમેન્ટે સિક્યુરિટી એજન્સીઓને એલર્ટ કરી આપેલ છે. ડેન્માર્કમાં ઈસ્લામ વિરુધ્ધ ચળવળે આ દેશને ઉગ્રવાદીઓની પહોંચમાં કરી દીધો છે. એક બાજુ જેવી રીતે કુબુદ્ધિવાળા સાંસદની જિંદગી ખતરામાં છે તો બીજી બાજુ ગવર્નમેન્ટનું વલણ કોઈ મોટા હંગામાને નિમંત્રણ આપી રહેલ છે. જેહાદીઓની ભૂમી અફઘાનિસ્તાનમાં ફિલ્મની વિરુધ્ધ પાછલા દિવસોમાં ઉગ્રતાપૂર્વક પ્રદર્શનો થયાં અને અફઘાનિસ્તાનમાં રહેલા ૧૬૦૦ ડચ ફોજીઓને નિશાન બનાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો. ઈસ્લામ દુશ્મન સાંસદ વેલ્ડર્સની ફિલ્મ તૈયાર છે અને ગવર્નમેન્ટ પણ એના પર પાબંદી લગાડવાના મુડમાં નથી, પણ હજી સુધી કોઈ પણ ડચ ટી.વી. સ્ટેશન ફિલ્મને ટેલીકાસ્ટ કરવા માટે તૈયાર નથી થયું. એટલા માટે ધારણા કરવામાં આવી રહી છે કે વેલ્ડર્સ એક પ્રેસ કોન્ફરન્સમાં પોતાની ફિલ્મને ઈન્ટરનેટ પર રીલિઝ કરશે. અફસોસની વાત એ છે કે ડેન્માર્કને ફિલ્મ રીલિઝ કરવા માટે યૂરોપિયન યુનિયનનું સમર્થન પ્રાપ્ત છે.

**ડેન્માર્કની બનાવટોનો બહિષ્કાર કરો !**

....રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## ગુસ્તાખોની ટોળી

કાર્ટૂનોને ઈસ્લામના પયગંબર પ્રતિ સંબંધિત કરીને દુનિયાને આગમાં ઝોંકનાર કાર્ટૂનિસ્ટ કદાચ હવે માનસિક સંતુલન ગુમાવી ચૂક્યો છે એટલા માટે હવે વેસ્ટગાર્ડ ભાર દઈ રહ્યો છે કે ગેટર વેલ્ડર્સની ફિલ્મને ડચ પબ્લિકને દેખાડવામાં આવે. વેલ્ટર ગાર્ડનું કહેવું છે કે ડેન્માર્કમાં દરેક કામ પર આલોચના થાય છે, રાણી નિશાના પર છે, રાજકરણીઓ પર વિવાદ છે, મઝહબનો ઝઘડો છે, વર્તમાનપત્રો ભડકાવનારી ચર્ચાઓ કરાવી રહેલ છે, જેથી ફિલ્મ માટે વિવાદ છે તો કોઈ મોટી વાત નથી, જેથી ફિલ્મને દેખાડવી જોઈએ. મુસલમાનો પણ જાણે છે કે ડેન્માર્કમાં એવું જ થાય છે. વેસ્ટગાર્ડ તે શૈતાન છે જેણે ઈસ્લામના પયગંબરની બનાવટી તસ્વીર બનાવવાની ગુસ્તાખી કરી હતી અને રસૂલે કરીમ ﷺના અમામાની બનાવટી તસ્વીરને નઊઝુબિલ્લાહ બોમ્બરના રૂપમાં રજૂ કરેલ. એને ગર્વ એ વાતનો છે કે તેને ઉગ્રવાદીઓ હવે મારવા માટે શોધી રહ્યા છે.

ડેન્માર્કના બારામાં એ જ કહી શકાય છે કે પાછલા અમુક વરસોથી તે ઈસ્લામ વિરોધી બળોના સંકજામાં છે. કાર્ટૂનવાળો હંગામો ખડો કર્યા બાદ જ્યારે પોલીસે ગયા મહીને વેસ્ટગાર્ડના કૃત્લની સાઝિશમાં કેટલાય લોકોની ધરપકડ કરી હતી તો ડેન્માર્કના સર્વ વર્તમાનપત્રોએ ફરીથી તે ગુસ્તાખીમય કાર્ટૂનોને વિરોધ પ્રદર્શન રૂપે પ્રસિધ્ધ કર્યાં હતાં જેથી તેઓ વિચારોના પ્રદર્શનની આઝાદીની જાહેરાત કરી શકે. વેસ્ટગાર્ડ કાર્ટૂનના હંગામા પછીથી જ પોલીસ રક્ષણ હેઠળ જીવન વ્યતીત કરી રહેલો છે અને એ વાત ઘણી જ મહાન શાન સમજી રહ્યો છે. ડેન્માર્કના વર્તમાનપત્રોએ એ વાતનો સ્વીકાર કર્યો છે કે વેસ્ટગાર્ડ ચાહે છે કે તેના પર ખૂની હુમ્લો થાય, દુનિયામાં તેની પ્રસિદ્ધિ થાય અને તેનું નામ દરેકની જીભ પર આવી જાય.

## સસ્તી ખ્યાતિનો માલિક !

ફિલ્મ મેકર ગેટર વેલ્ડર્સનો દાવો છે કે કુર્આને કરીમ (નઊઝુબિલ્લાહ !) કૃત્લ માટે ઉશ્કેરે છે, પણ ડેન્માર્ક ગવર્નમેન્ટના દબાણના સબબે એ ફિલ્મ રીલિઝ નથી થઈ શકતી. વેલ્ડર્સના કહ્યાનુસાર તે દુનિયાને દેખાડવા ચાહે છે કે (મઆઝલ્લાહ !) કુર્આન કઈ રીતે ખૂન ખરાબા, ત્રાસ તથા ખૂનામરકીનો માર્ગ દેખાડવામાં આવ્યો છે. તેણે થોડાક મહીનાઓ પહેલાં કુર્આન કરીમ પર પાબંદી લાગુ કરવાની માંગણી કરી હતી અને નઊઝુબિલ્લાહ ! કુર્આને કરીમની સરખામણી ઓડલ્ફ હિટલરના પુસ્તક સાથે કરી હતી.

ડેન્માર્કમાં ઈસ્લામ વિરોધી ચળવળનો સંપૂર્ણ ઈતિહાસ મૌજૂદ છે એટલા માટે વેલ્ડર્સને ઉપસ્થિત થવા પર કોઈ આશ્ચર્ય નથી કે જે દેશમાં ફ્રીડમ પાર્ટીનો લીડર છે. વેલ્ડર્સને એ વાતની ખબર છે કે ઈ.સ. ૨૦૦૪માં ફિલ્મ હિદાયતના કર્તા ડીવ વાન ગોફને જાનથી હાથ ધોવા પડયા હતા જેણે પોતાની ફિલ્મમાં એક સ્ત્રી કલાકારની નગ્ન પીઠ પર કુર્આની આયતોનું લખાણ રજૂ કર્યું હતું. તેનો ખાત્મો બોલ્યા બાદ ડેન્માર્કમાં દરેક તે વ્યક્તિને પોલીસ રક્ષણ મળ્યું છે જેણે ઈસ્લામ તથા કુર્આનની વિરુધ્ધ ઝહેર ઓક્યું છે. વેલ્ડર્સની કુર્આન વિરોધી ફિલ્મ પર ઈસ્લામ જગતમાં જબરદસ્ત વિરોધ ખડો થયો છે. ઈરાન તથા પાકિસ્તાન સહિત વિવિધ મુસ્લિમ દેશોએ ડેન્માર્ક પર દબાણ કર્યું છે કે આ પ્રકારની ચળવળને ઉત્તેજન આપવામાં ન આવે. આમ પણ પાછલા કાર્ટૂનવાળા હંગામાઓ પછી કેટલાય મુસ્લિમ દેશોએ ડેન્માર્કની ચીજોનો બોયકોટ કરી રાખ્યો છે.

## ઈસ્લામી જગતમાં અજંપો

ફિલ્મના બહાને કુર્આને કરીમ પર કીચડ ઉછાડવાની ચળવળે ફરીથી ઈસ્લામી જગતમાં

## -:: અલ્લાહની રઝામંદી માટે ખુશ્બુ લગાડો ::-

એક હદીષમાં છે કે, "જે શખ્સ અલ્લાહની રઝામંદી પામવા માટે ખુશ્બુ લગાડે તે કયામતના દિવસે એવી રીતે આવશે કે તેની ખુશ્બુ કસ્તૂરીથી પણ વિશેષ હશે. અને જે માણસ અલ્લાહ તઆલાના ગૈરના માટે ખુશ્બુ લગાડશે તે કયામતના દિવસે એ રીતે આવશે કે તેની ગંધ મુરદારની દુર્ગંધથી વિશેષ હશે." ખુશ્બુનો ઉપયોગ કરવો જાઈઝ છે પરંતુ એમાં નિય્યત જરૂરી છે જેથી સવાબ પ્રાપ્ત થાય. **સારી નિય્યતો આ છે :** એનાથી જુમ્આના દિવસે નબી કરીમ ﷺની સુન્નત પર ચાલવાનો હેતુ હોય. મસ્જિદની તા'ઝીમની નિય્યત કરવામાં આવતી હોય, અલ્લાહ તઆલાના ઘરના એહતેરામનો હેતુ હોય. જે શખ્સ મસ્જિદમાં અલ્લાહ તઆલાની ઝિયારતના માટે જાય છે તે સારી ખુશ્બુ લગાડે છે અને પોતાની સાથે બેસનારાઓને રાહત પહોંચાડવા ચાહે છે, જેથી તે એની પાસે બેસીને ખુશ્બુથી સુકૂન હાંસલ કરે. અથવા તે પોતાની પાસે બદબુ દૂર કરે છે કેમ કે એનાથી અન્ય લોકોને તકલીફ થાય છે. એ હેતુ પણ હોય છે કે ગીબતનો દરવાજો બંધ કરી દેવામાં આવે કેમ કે તેઓ બદબૂના કારણે ગીબત કરે છે અને એ રીતે તેઓ ગુનેહગાર થાય છે. *(અહયાઉલ ઉલૂમ, ૪/૮૨૮, ૮૨૯)*

આક્રોશ ઉભો કરી આપ્યો છે. અત્યાર સુધી સૌથી સખત પ્રત્યાઘાત ઈરાનનો સામે આવ્યો છે. ઈરાને ફિલ્મને નફરત તથા ઉગ્રતાનું બીજ ઠરાવ્યું અને સાથો સાથ કહ્યું છે કે આ ફિલ્મથી દુનિયામાં ઉગ્રતાની નવી લહેર ઉઠશે. ઈરાને ડેન્માર્કની ચીજોના બોયકોટની શક્યતા દર્શાવી છે. ડેન્માર્કમાં ઈરાની એલચીએ કહ્યું છે કે, અમે અધિક ટકરાવ નથી ઈચ્છતા કેમ કે આક્રોશ આમ જ ઉભરાઈ રહ્યો છે, સમયનો તકાઝો છે કે ફિત્નાખોરોને કારણે જે ફાસલો પેદા થયો છે તેને દૂર કરવામાં આવે, નહીં તો કયામત આવી આવી જશે ! પાકિસ્તાને આ ફિલ્મને કોઈ આધારે પણ જાઈઝ ન ઠરાવવા પર જોર આપ્યું છે. વિદેશ ખાતાએ વેલ્ડર્સને માનસિક બીમાર કહ્યો છે અને એ ફિલ્મને ત્રાસવાદને નોંતરવાની પહેલ ગણાવ્યું છે. ડેન્માર્કમાં ઈસ્લામના પયગંબરની ગુસ્તાખી કરતાં કાર્ટૂનો પ્રસિદ્ધ થવાના વિરોધ વંટોળમાં જગતભરમાં ૫૦ ઉપરાંત લોકો માર્યા ગયા હતા, હવે જોવાનું એ છે કે ડેન્માર્કની ગવર્નમેન્ટ આ શૈતાનને પોતાની ઝેરીલી ફિલ્મ ડબ્બામાં બંધ રાખવા પર મજબૂર કરે છે કે પછી વિચારો પ્રદર્શિત કરવાની આઝાદીની આડમાં ઉભા થઈને એક ઓર ઈસ્લામ દુશ્મનીનો તમાશો ખડો કરે છે. *(૨૩ થી ૨૯ માર્ચ–૦૮, નઈ દુન્યા, દિલ્હી)*

## આખરે નાપાક ફિલ્મ પ્રદર્શિત થઈ !

છેલ્લા સામાચારો પ્રમાણે તા. ૩૦–૩–૦૮ના વર્તમાન પત્રો દર્શાવે છે કે ૧૫ મિનિટની આ ઈસ્લામ વિરોધી ફિલ્મ ગઈ કાલે વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવી જેના કારણે મુસ્લિમ રાષ્ટ્રોના રોષો ભરાયેલા લોકોએ રેલીઓ કાઢી અને વિશ્વભરમાં દેખાવો યોજવામાં આવ્યા તથા નેધરલેન્ડ સાથે રાજદ્વારી સંબંધો કાપી નાખવાની માંગ કરવામાં આવી છે. ઉગ્રવાદી તત્વોએ યૂરોપને હુમ્લા માટે તૈયાર રહેવા ધમકી આપી છે. ખરેખર ડચ સાંસદનું આ કૃત્ય વિશ્વભરમાં આક્રોશ ઉભો કરીને મહાન જુર્મ આચરી રહેલ છે તથા ત્રાસવાદની એક નવી ચેનલ ઉઘાડી રહેલ છે જેનાથી જગતભરમાં અશાંતિ તથા અજંપો ફેલાઈ શકે છે. જો કે મુસ્લિમ જગતમાં વિરોધ વંટોળ જોતાં બીજા જ દિવસે એ ફિલ્મને વેબસાઈટ પરથી હટાવી લેવામાં આવી છે.

આ તબક્કે મુસલમાનો એટલું જરૂર કરી શકે છે કે ડેન્માર્કની બનાવટોનો સખત રીતે બહિષ્કાર કરે. વધુ કાંઈ ન કરે તો આટલું તો થઈ જ શકે છે. આ બાબતને કુર્આન તથા ઈસ્લામની મહોબ્બતને ખાતર સંયમ જાળવીને રહે પણ આ ડેન્માર્કની જેટલી બનાવટો છે જે તમારાં ખિસ્સા ખંખેરી જાય છે અને એ જ રૂપિયાની તાકત એમને આ દુષ્કાર્યો કરવા પ્રેરે છે તો એની સઘળી બનાવટોનો સભાનપણે બહિષ્કાર કરે અને ઈસ્લામની ચાહતનો હક્ક અદા કરે.

*Allah, In the Name Of, the Beneficent, the Merciful*

*Nahmaduhu Wanusalli 'Alaa Rasoolihil Kareem*

# WHO AM I ?!

✍ **Fatimah Zehra**

-Leicester (U.K.)

"**Ash-Hadu Al Laa Ilaaha Illal Laahu Wahdahu Laa Shareekalahu Wa Ash-Hadu Anna Muhammadan 'Abduhu Wa Rasooluh**" (Sallallaho 'Alaihi Wasallam). All Muslims around the world are familiar with this phrase, as this is the foundation of their belief, meaning "*I bear witness that there is none worthy of worship besides Allah, He Who is One and has no partner, and I bear witness that Muhammad (Sallallaho 'Alaihi Wasallam) is His servant and His Messenger.*" It is the first pillar of Islam–Shahadah– and one must declare this Kalimah in order to declare that they are a Muslim, and will do all that is required of a believer. This is the base of a Muslim's Iman – their faith. By definition, Iman is having faith in something and declaring it, and a Muslim's faith lies in the firm belief in Almighty Allah and the teachings of His Beloved Prophet and Messenger, Muhammad Sallallaho 'Alaihi Wasallam.

Many of us are confused as to why one must say "**Ash-Hadu**" – "I bear witness"; why can we not just recite the first Kalimah "**Laa Ilaaha Illallahu Muhammadur Rasoolullah"** (*There is no deity but Allah and Muhammad (Sallallaho 'Alaihi Wasallam) is the Messenger of Allah)* in order to declare our faith? Because, we can acknowledge our faith to ourselves, but how will others know of it? This is not declaring our faith. As well as acknowledging, we must also readily observe our faith, thus bearing witness is the key to Iman. By bearing witness, we accept the Oneness of Almighty Allah, we accept His Orders, and we accept the teachings of His Messenger, Prophet Muhammad Sallallaho 'Alaihi Wasallam.

So, what is Iman? Allah Almighty tells us in Imaan e Mufassal that there are seven fundamental tenets that we must believe in: "**Aamantu Billaahi Wa Malaaikatihi Wa Kutubihi Wa Rusulihi Wal Yaumil Aakhiri Wal Qadri Khayrihi Wa Sharrihi Minal Laahi Ta'ala Wal Ba'thi Ba'dal Maut**" meaning "*I believe in Allah, and His Angels, and His Scriptures, and His Prophets, and on the Day of Judgment, and that every good and bad is pre-destined by Allah the Exalted, and in the Resurrection after death.*" In the process of becoming a true believer and strengthening Iman, one must not only learn these words, but have conviction when he says them. The tenets defined above are so crucial to a Muslim's faith that it has been stated in Durr-al-Mukhtar that "…if a Muslim boy does not learn these tenets and say that he believes them, he becomes a renegade when he reaches puberty", meaning that he must declare his faith and become a Muslim again once reaching the age of puberty.

**N.B.** It is important to note that believing and voicing the seven precepts above does not exempt a Muslim from all other duties and beliefs (prayer, fast, alms, pilgrimage,

and adhering to the teachings of Prophet Muhammad Sallallaho 'Alaihi Wasallam).

Al Imam al-Rabbani writes that "a responsible person (one at the age of puberty) first has to correct his Iman, his faith. That is, to learn and believe faith as taught by the scholars of Ahl e Sunnat Wal Jama'at." But today, we see many of our brothers and sisters who recite the afore-mentioned words with no thought to what they mean, what those words signify, what they require us to do. We allow ourselves to be influenced so much by the views and beliefs of the West that, as Muslims, we do not know what our faith is. We shun the words of the Scholars who have preceded us and choose to listen to the so-called (western) 'gurus' of today. We find, amongst us, those who question the very existence of Allah, who question the status of His Beloved Messenger, our Prophet, Hazrat Muhammad Mustafa Sallallaho 'Alaihi Wasallam, who question the innocence of the Angels, and who question the devilry of Shaytaan. We question the validity of the Books (of Allah) and the reliability of the teachings of the Prophets ('Alaihimus Salaam), we bemoan our fate, and we generally do not think about death and anything that precedes or proceeds it. We believe, for some unfathomable reason, that no matter what we do, we will gain entry in to Paradise on the basis that we believe in Allah and His Prophet (Sallallaho 'Alaihi Wasallam).

My dear brothers and sisters, whether you choose to believe the state of our Muslim Ummah today, or turn away from it, it is nevertheless a fact. We retaliate against the Islamic principles, morals and values that our parents have imbibed in us in search of fame, fashion, wealth and success; our children are raised in ignorance, unconsciously rebelling against the very Islam that gave us freedom and rights; our religion is degraded, our beliefs distorted, our pious predecessors defamed by the media and the masses and we sit back and complain about it all, but what are we doing to reform it?

We have handed our faith – our *Iman* – in to the hands of terrorists who manipulate what Islam really is and who fuel the propaganda on Islam with their actions. O believers! Taking action does not mean to accost the lives of others, but to look at ourselves and how we are contributing, or not, to our Ummah. There is a misunderstanding, particularly amongst the westerners and the less informed of us that the word "Jihad" means to take the lives of others for the sake of your religion; a word misinterpreted as "Holy War" and synonymous with terrorism. However, let it be known that our Beloved Prophet Muhammad Sallallaho 'Alaihi Wasallam has stated that the best form of Jihad is Jihad-un-Nafs – Spiritual Exertion. We will elaborate on this topic at a later date, but for now, it is sufficient to say that in order to make a change, we must change ourselves.

Neil Armstrong once said, "That's one small step for a man; one giant leap for mankind." To change ourselves, we must have knowledge of our religion, we must be aware of what it takes to be a true believer and take steps towards it, we must

be sincere in our struggles to overcome the obstacles lying in the path of obtaining complete Iman, and we must have conviction in our hearts for the truth: that verily Allah is our Creator, Provider, Sustainer and our Lord and His Beloved Muhammad Sallallaho 'Alaihi Wasallam is His Last and Final Prophet and Messenger, whom we love and follow the teachings of.

Prophet Muhammad Sallallaho 'Alaihi Wasallam has stated, "He who knows himself, he knows his Lord." And, how can we know ourselves but to know the religion that Allah the Exalted has bestowed upon us. It has been narrated by Anas Ibn Malik (Radi Allaho 'Anhu) that Rasoolullah Sallallaho 'Alaihi Wasallam stated, "Seeking of knowledge is incumbent upon every Muslim" (Ibn Majah) for indeed, there is no poverty worse than ignorance. It has been made clear to us that we must gain knowledge, not just worldly, but Islamic knowledge from the cradle to the grave, even if we must travel to the corners of the world. It is knowledge that civilizes us, and distinguishes us from the animals. My dear brothers and sisters, ask yourselves, if you were to be ignorant and illiterate, what would the likelihoods be of you being successful? When would you be able to decipher between one who is helping you out of the kindness of his heart and one who is merely using you as a pawn for his big finish – a means to an end? To have knowledge is to have power – to have the upper hand – and, when used correctly, opens the doors of countless opportunities for us, in addition to boosting one's acumen and garnering respect.

This article was aimed as an introductory discourse to faith, where Islam is at right now and what we must do. Insha Allah, Allah Willing, we will make a humble attempt to inform you of various aspects of Islam each month, so that we may be learned and become more practicing in our faith.

All praises are due to Allah, we praise Him, we seek His Help, we supplicate to Him and ask for His Forgiveness. We seek refuge in Him from the evil that comes from within us, and from the wrongdoings of our actions. Whomsoever Allah guides, no one leads him astray. May Allah guide us all. Aameen. Allahumma Aameen.

*Wa Maa 'Alayna Illal Balaagh.*


**Contact us For Religious Books In English**

| | Rs. |
|---|---|
| Bahar-e-Shariat (Part-1) | 50/- |
| Wahabi & Deobandi Beliefs | 35/- |
| Noorani Talim (English with Urdu) Part-2 to 5 | 70/- |
| Islamic Rules | 20/- |
| The Blessings of the remembrance of Allah | 20/- |
| The Wisdom of Namaz | 20/- |
| Rights of Parents | 20/- |
| Anvaar-e-Mustafa | 20/- |
| Haj & Umrah Gide | 10/- |
| Khulfa-e-Rashideen | 10/- |
| Translation of Quran i.e. Kanzul Imaan *(By. Imam Ahmed Razaa رضی اللہ عنہ)* | 225/- |
| The Respect Of Madina | 5/- |

**ANJUMAN-E-RAZA-E-MUSTAFA**
C/o. Faizane Raza Manzil, At & Po. : Dayadara,
Pin. : 392020, Di. : Bharuch (Guj.) India
Ph. : (02642) 282792, Mo. 94274 64411

## બરકાતે ખ્વાજાની ટપાલ..... કાર્યાલય

### સુન્નીઓની નિંદર ઉડાડતા લેખો !

જનાબ શબ્બીર પટેલ, તંત્રી 'બરકાતે ખ્વાજા' (માસિક) સલામ બાદ, માર્ચ–૦૮નો અંક સમયસર મળેલ છે. જમાઅતે ઈસ્લામી ઉર્ફે મૌદૂદી જમાઅતના નેજા હેઠળ ''સ્ટુડન્ટ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન''ના લેખ તથા હદીષ અંગેના મૌદૂદીના લેખો વિશે માહિતી સુન્નીઓની નિંદર ઉડાડી રહી છે. પરંતુ આ'લા હઝરતની નઅતમાં કહ્યા મુજબ તેઓની અસલ ઓળખ આપણે ઓળખી નથી અને આપણે જ ગફલતની નિંદરમાં પોઢી ગયા છીએ જેથી તેઓ આપણા ઈમાનનો શિકાર કરવા ગઠરી તાકી રહ્યા છે. ત્યારે આ'લા હઝરત ! આ'લા હઝરતના નારા લગાડવાની સાથોસાથ સુન્નીઓની નિંદર ઉડાડવા માટેની આ નઅતના શેઅર ઉપર વધુ વિવેચન જરૂરી છે :–

*શહદ દિખાએ ઝહર પીલાએ, યાં વો ચોર બલા કે હૈં*
*તેરી ગઠરી તાકી હૈ ઔર તૂને નિંદ નિકાલી હય !*

એક એક શેઅર સુન્નીઓના કાન મસળવા પૂરતો છે. ઈમાન બચાવવા જાગૃતિની જરૂર છે, તેના શિકારીઓ ચો તરફ ફરી રહ્યા છે ત્યારે ગફલતની નિંદ ઉડાડવા 'બરકાતે ખ્વાજા' (માસિક)ની મહેનત દાદને પાત્ર છે....

*–ડો. એફ આઈ. પઠાણ (ભાવનગર)*

### શાદીમાં મેહફિલે મીલાદ

**દયાદરા** : ખાતે ૬/૪/૨૦૦૮ના રોજ રવિવારે રાત્રે ઈશાની નમાઝ બાદ હાફેઝ ઈકબાલ દરબાર સાહબે તેમના નેક ફરઝંદ મુહમ્મદ આસિફની શાદીની ખુશીમાં મેહફિલે નઅતે પાકનો શાનદાર પ્રોગ્રામ રાખ્યો જેમાં મશ્હૂર નઅતખ્વાં જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી) તશરીફ લાવી પોતાના આગવા તથા અનોખા અંદાઝમાં ઈમાન તથા અમલની ઈસ્લાહના બયાનની સાથોસાથ નઅતે પાકના તરાનાંઓથી ઈમાનવાળાઓનાં દિલોને બાગ બાગ કરી દીધાં હતાં. હઝરત સૈયદ શૌકતઅલીબાવા જંબુસરવાળા ઉપરાંત ઘણા સાદાતે કિરામ તથા ઉલમાએ કિરામ, હુફ્ફાઝ, અઈમ્મા, મુબલ્લિગોના કાફલા દૂર દૂરથી તશરીફ લાવ્યા હતા. ઈજતેમા ખૂબ જ કામયાબ રહ્યો હતો.

બીજા દિવસે તા. ૭/૪/૦૮ના રોજ પણ જનાબ ઈસ્માઈલ માસ્તર હવેલીવાળા (ફારૂક ભાણા)ને ત્યાં મેહફિલે મીલાદ રાખવામાં આવી જેમાં હઝરત મૌલાના સૈયદ બડા સાહબ દયાદરવી તથા હઝરત સૈયદ નૂરાનીબાવાની સદારત તથા સરપરસ્તીમાં જનાબ મૂસા દલ પોરબંદરવાળા સાહબે પણ ખૂબ જ શાનદાર અંદાઝમાં નઅતો મન્કબતોના ગુલદસ્તા પેશ કરી મજમાને ઝુમાવી દીધો હતો.

### દસ્તારબંદીના જલસા

**ચાંચવેલ** : મુકામે દારુલ ઉલૂમ બુખારીયા ફૈઝુર્રસૂલમાંથી ફારિગ થનાર ૩–આલિમ, ૬–હાફિઝ અને ૩–કારીઓની દસ્તારબંદીનો શાનદાર જલ્સો પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ બડા સાહબ તિર્મિઝી દયાદરવીની સદારતમાં શાનો શૌકતથી યોજાયો જેમાં પીરે તરીકત, શેરે સૌરાષ્ટ્ર, ખલીફા તાજુશ્શરીઅહ્ હઝરત મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબે વલવલાઅંગેઝ બયાન કર્યું હતું. ઘણા ઉલમા, સાદાત, ઈમામો, હાફિઝો તથા અવામે હાજરી આપી હતી.

**ભરૂચ** : દારુલ ઉલૂમ ગુલશને અજમેર (ઠે. હઝરત બાવા રયહાન દરગાહ પાસે) ખાતે ફારિગ થનાર ૮ હાફેઝોની દસ્તારબંદીનો અઝીમુશ્શાન જશ્ન રાખવામાં આવ્યો હતો. જેમાં શરૂમાં દારુલ ઉલૂમના મક્તબના તલબા હઝરત સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબ તથા સાદાત, ઉલમાના મુબારક હાથોથી ફારિગ થનાર હાફિઝોની દસ્તારબંદી કરવામાં આવી પછી હઝરત મૌલાના સૈયદ સલીમબાવાએ ઈલ્મે દીનના ફઝાઈલમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. નિઝામત મૌલાના કલીમુલ્લાહ સાહબે બખૂબી અંજામ આપી હતી.

વિવિધ સાદાત ઉલમા તેમજ અવામની ભરચક હાજરીમાં જશ્ન ખૂબ કામયાબ રહ્યો.

**ટુંડજ** : (તા. જંબુસર) ખાતે તા. ૨૫/૩/૨૦૦૮ને મંગળવારે ઈશાની નમાઝ બાદ 'જશ્ને રસૂલે આ'ઝમ ﷺ' મનાવવામાં આવ્યો. હઝરત સૈયદ શૌકત અલીબાવા જંબુસરવાળાની સરપરસ્તીમાં મૌલાના ઈકબાલ અશ્રફીએ અને મૌલાના ઝહીર અશ્રફી દહેગામીએ અક઼ાઈદ અને ઈમાન વિશે વલવલા અંગેઝ ખિતાબ ફર્માવ્યો. સૈયદ મુશ્તાકઅલી કાવીવાળા તથા બીજા ઓલમાએ કિરામ અને સાદાતે એઝામે કસીર તાદાદમાં શિર્કત ફર્માવી હતી. મૌલાના રફીક અશ્રફી દહેગામીએ પણ સારા અંદાજમાં નિઝામત કરી હતી અને ગામના ટ્રસ્ટીઓ, મુતવલ્લી સાહબ અને નવયુવાનોએ સારી સેવા આપી હતી.

*–રજૂકર્તા : મો. યાસીન અશ્રફી (દહેગામી)*

**દયાદરા** : જનાબ અઝીઝભાઈ માસ્તર સાહબ જણાવે છે કે હજીયાણી અમીના આઈ. મુન્શી તેમજ તેમનાં નવાસી શાહીના અઝીઝ પટેલને યુ.કે. માટે વિઝા મળતાં તેની ખુશીમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)માં ન્યાઝ પેટે રૂા ૨૦૦૦/– આપ્યા છે. (જઝાકલ્લાહ !) *–તંત્રી*

**ભરૂચ** : થી અમારા 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક તથા ચાહક જનાબ એ. એચ. મસ્તાન તરફથી નઝરો ન્યાઝ પેટે રૂા. ૩૦૧/– ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને મળ્યા છે. (જઝાકલ્લાહ !) અલ્લાહ તઆલા તેના મહબૂબ ﷺના સદક઼ામાં આપની નઝરો ન્યાઝ ક઼બૂલ ફર્માવે. (આમીન) –તંત્રી

**પોરબંદર** : મર્હૂમ ડો. હાજી ક઼ાસમ હાજી આદમ હમદાણીના પુત્ર ઝૈનુલ આબિદીને બુઝુર્ગોના સદક઼ામાં MBBS પૂર્ણ કર્યું જેમાં એમને ૬૦% મળ્યા તેની ખુશીમાં એમના દાદા અબૂબક્ર હમદાણી તરફથી સહર્ષ 'બરકાતે ખ્વાજા' (માસિક)ને ૧૦૧/– રૂા. લિલ્લાહ મળ્યા છે. (જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં ડો. થનારને બંને જહાનમાં તરક્કી આપે.) આમીન *–તંત્રી*

**જામનગર** : 'બરકાતે ખ્વાજા' (માસિક)ના ગ્રાહક જનાબ ઈનાયત મૂસા એન્ડ કાં. તરફથી ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરાને રૂા. ૧૦૦૦/– ઝકાત પેટે મળ્યા છે. (જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં ગૌષે પાક رضی اللہ عنہના વસીલાથી તેમની રોજીમાં બરકત અતા કરે તથા તેમની દરેક જાઈઝ તમન્ના પૂરી કરે. (આમીન) *–તંત્રી*

**પાલેજ** : અબ્દુર્રઝ્ઝાક મુસ્તફા કાજીની નેક દુખ્તર આલિમા ફરજાનાબાનુની શાદી મુબલ્લિગ સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મુહમ્મદ ઈમરાન (S/o. અ. મજીદ કાજી આછોદવાળા) સાથે તા. ૫/૪/૨૦૦૮ના રોજ રાખવામાં આવી.

**ભરૂચ** : હાજી પીર કિરમાની ખાતે સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ–મુઆવિન જનાબ મોઈનુદ્દીન શેખની નેક દુખ્તર ઝાકેરાબાનુની શાદી હાફેઝ મુહમ્મદ સલીમ મલેક–સૂરત સાથે ૬/૪/૨૦૦૮ના રોજ રાખવામાં આવ્યા. (સૌ દુલ્હા–દુલ્હનો, કુટુંબીજનોને મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનમાં આબાદ રાખે.) *–તંત્રી*

**રાજપારડી** : હાજી અબ્દુલ ફરીદ ઈસ્માઈલભાઈ ખત્રીને ત્યાં પૌત્રનો જન્મ થયો છે. તેની ખુશીમાં 'ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'ને રૂા. ૧૧૧૧/– સદક઼ા પેટે મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા હુઝૂર ﷺના સદક઼ામાં પૈદા થનારને ઉમ્રમાં બરકાત આપે તથા દીનનો પાબંદ બનાવે. (આમીન) *–તંત્રી*

**વડોદરા** : સુન્ની દા'વતે ઈસ્લામી (વડોદરા શાખા)ની યાદી જણાવે છે કે રબીઉલ અવ્વલ શરીફના ૧ થી ૧૨ ચાંદ સુધી જનાબ હાફેઝ અ. રહીમ (ભરૂચ) જનાબ મુહમ્મદ નાઝિમ રઝા (સૂરત), જનાબ ઈમ્તયાઝભાઈ ભીવંડીવાળા, મૌલાના મુહમ્મદ જાવેદ અશ્રફી (વડોદરા), હઝરત મૌલાના સૈયદ ફખ્રુદ્દીનબાવા રઝવી (વડોદરા).... વગેરે ઉલમા તથા મુબલ્લિગો થકી વિવિધ સ્થળોએ વડોદરામાં 'જશ્ને મીલાદુન્નબી ﷺ'ના પ્રોગ્રામો થયા.

## મસ્જિદ બનાવી આપો !

**આમોદ** : "દરબારી મસ્જિદ" ૧૨૫ વરસ પૂરાણી શહીદ કરીને નવી મસ્જિદનું કામ ચાલુ છે. આ નેક કામમાં સાથ આપો અને જન્નતમાં મહેલ મેળવો. સ્થાનિક લોકોમાં આર્થિક સ્થિતિ એટલી સદ્ધર નથી જેથી સખી દાતાઓ અવશ્ય ધ્યાન કરે, મર્હૂમ માં બાપ કુટુંબીજનોના સવાબ અર્થે જરૂર સહકાર કરી અજરે અઝીમ પામે. સંપર્ક કરો :– એ.એ. રાણા, દરબારગઢ, મુ. આમોદ, જિ. ભરૂચ ફોન : (૦૨૬૪૧) ૨૪૫૦૨૯ તથા સલીમ આઈ. રાણા, મો. ૯૪૨૬૪ ૪૧૬૯૮

## ગરીબનવાઝ સાર્વજનિક દવાખાનાને સહાય કરો !

**સંતરામપુર** : ખાતે આ દવાખાનું ચાલે છે. ૨૦૦૨ના તોફાનોમાં ખૂબ જ સહન કરી ચૂકેલ આ એરીયામાં ચાલતા 'બયતુલમાલ–સંતરામપુર' થકી આ દવાખાનાને ચલાવવા ખૂબ જ આર્થિક તંગી ઉભી થઈ છે તથા શિક્ષણ ક્ષેત્રે પણ તરક્કી કરવા માંગતી આ સંસ્થાને સખીદાતાઓ સહાય કરે. ફુઝૂલખર્ચાઓ તથા અંગત મોટા મોટા પ્રોગ્રામો પર કાપ મૂકી ખિદમતે ખલ્ક઼ના કામમાં આવા આર્થિક પછાત એરીયાઓ પ્રતિ ધ્યાન કરે એવી અપીલ છે. સંપર્ક કરો :–

'બયતુલમાલ', સંતરામપુર, જિ. પંચમહાલ, પ્રમુખ : ઈસ્હાક એ. સલામ, ફોન : (૦૨૬૭૫) ૨૨૦૧૧૮, સેક્રેટરી : મુહમ્મદ હનીફ એ. શેખ, ફોન : ૨૨૧૬૪૦

હમારૂં અવલોકન

કિતાબ : **ઈસ્લામમેં ઔરતોં કા મક઼ામ** *(આવૃત્તિ : ૧, પેજીસ : ૬૪, હદિયો : રૂા. ૩૦ ટપાલ ખર્ચ સાથે)*

લેખક તથા પ્રકાશક : **હાફિઝ ક઼ારી મૌલાના અલ્હાજ અ.ગની મિયાં અહમદ રાજેભાઈ** (M.A.LL.B.) ઠે. ૫/૨૦૨૫, આસિફ સોસાયટી, બ્લોક નં. ૫, પોલોગ્રાઉન્ડ, હિંમતનગર–૩૮૩ ૦૦૧, સા.કાંઠા–ગુજરાત (મો. ૯૯૨૪૭ ૮૦૧૯૧૧) વર્તમાનકાળમાં ઈસ્લામ વિરોધીઓ યેનકેન પ્રકારે ઈસ્લામ પર તોહમતો મૂકતા રહે છે એવા સમયે ઈસ્લામે સ્ત્રીઓને શું મકામ આપ્યો એ કિતાબની જરૂરત હતી જેની પ્રસ્તૃત કિતાબે ખોટ પૂરી છે. સ્ત્રીઓ સંબંધે ગૈરોની ફેલાવેલી ગલતફહમીનો જડભાતોડ જવાબ સત્યની રોશનીમાં આ કિતાબમાં જોવા મળશે. તેમજ કુર્આન હદીષની રોશનીમાં મુસલમાન સ્ત્રીની શાન, મર્તબો અને ઈજ્જત શીખવતી આ કિતાબ જરૂરથી મંગાવો, ઘરમાં માં બહેનોને ખાસ વંચાવો એવી અપીલ છે. લેખકને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી*

**નુઝહતુલ ક઼ારી શરહે બુખારી** **બુખારી શરીફની શરહ**

(ભાગ–૧, ગુજરાતીમાં)ઉપરોક્ત કિતાબ છપાવવા માટે સહાય કર્તાઓની યાદી

| નામ | રૂા. | વિગત |
|---|---|---|
| સુલેમાન અ. સત્તાર મેમણ–પોરબંદર | ૨૦૦૦/– | લિ. |
| ગુલામ અહમદ દોસ્ત મામદ જોખીયા–જામનગર | ૫૦૦/– | ઝ. |
| રાવકડા ઈસ્માઈલ બેલીમ–જામનગર | ૧૫૦/– | લિ. |
| યાકૂબભાઈ C/o. એ. વન કટલરી–પોરબંદર | ૫૦૦૦/– | લિ. |
| મુશ્તાકભાઈ માંડલિયા–પોરબંદર | ૧૦૦૦/– | લિ. |
| ઈબ્રાહીમ ઈસ્માઈલ પટેલ–દયાદરા | ૩૯૦૦/– | લિ. |
| યૂનુસ ઈબ્રાહીમ છેલ્યા–ટંકારીયા | ૫૦૦/– | લિ. |
| ઈબ્રાહીમ માસ્તર સૂતરેલવાળા–ભરૂચ | ૨૦૦/– | લિ. |

પ્રસ્તુત કિતાબ માટે સહાય કર્તાઓનાં મર્હૂમોની રબ તઆલા મગફેરત ફર્માવે તથા તેમને તેમની ઔલાદને તાક઼યામત સુન્નિયત પર પુખ્તા રાખે અને ઈમાન પર ખાત્મો કરે, બંને જહાનમાં આબરૂ રાખે, સર્વ જિસ્માની, રૂહાની, માનસિક, આર્થિક, દુનિયવી, ઉખરવી આફત બલાઓ, મુસીબતોથી મેહફૂઝ રાખે. (આમીન) મદદ કરવા ઈચ્છનારા સંપર્ક કરે :

**અંજુમને રઝાએ મુસ્તફા,** મુ. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૩૩, ૨૮૨૯૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદનાં હમદર્દો

**આપણા આ દારુલ ઉલૂમમાં પઢતા તલબાની કાળજી તથા લાગણી રાખી હાલમાં સહાય કર્તાઓની યાદી :-** (રૂા.)

| | |
|---|---|
| જનાબ મૌલાના ઈસ્માઈલ પગુથણવાલા | ૨૦,૦૦૦/- |
| જનાબ હાફેઝ મૂસા વેમી ઝંઘારવાળા | ૧૫૦૦૦/- |
| હાજી દાઉદ માસ્તર વેમી ઝંઘારવી *(વાલિદૈનના ઈસાલે સવાબ અર્થે)* | ૨૫૦૦/- |
| હજીયાણી જુબેદા યૂનુસ માલજી દયાદરવી *(મર્હૂમ યૂનુસ માલજીના ઈસાલે સવાબ અર્થે હસ્તે હાફેઝ મૂસા સાહબ)* | ૨૦૦૦/- |
| જનાબ મુહમ્મદ ઈમદાદહુસૈન ભાઈ તરફથી ન્યાઝ પેટે *(હસ્તે હઝરત મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાળા થકી)* | ૬૫૦૦/- |

**જનાબ હાફેઝ આસિફ વલી લહેરી દયાદરવી થકી દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદમાં રૂમ બનાવવા સહાય કરવામાં આવેલ છે.**

રબ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં સૌની નેકીઓને કબૂલ ફર્માવે, તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે તથા તેમની તથા તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ ફર્માવે (આમીન). આપણા આ દારુલ ઉલૂમમાં હજી ઘણા કામો, રૂમો તથા લાયબ્રેરી, કોમ્પયુટર વર્ગ, સ્ટાફ ક્વાર્ટર્સ વગેરે કરવાનાં બાકી છે તો સહાય કરશો. અને "તમારું ખાવા નેક લોકોને ખવડાવો" જે કુર્આન હદીષ પઢશે અને હાફિઝ, કારી, આલિમ, મુબલ્લિગ બનશે અને દીનની ખિદમત કરતા રહેશે તો તમારું અન્ન આપેલ સવાબે જારીઆ બની જશે જેથી ન્યાઝ વગેરે આવાં દારુલ ઉલૂમોમાં ખાસ ખવડાવતા રહો.

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદમાં ન્યાઝ તથા સદકા કરનારાઓની યાદી

| | |
|---|---|
| જનાબ ફારૂકભાઈ ભાણા-દયાદરા | ૧૧-બકરા (કુલ) |
| જનાબ ઈકબાલભાઈ-દાહોદ | દર મહિને છઠ્ઠીના દિવસે ન્યાઝ |
| જનાબ હાજી અ. અઝીઝ મેમણ-વડોદરા | ૨-બકરા |
| જનાબ હાફેઝ ઐયૂબ માટલી-દયાદરા | ૧-ન્યાઝ |
| જનાબ ફારૂકભાણા-દયાદરા | ૨-ન્યાઝ |
| જનાબ અલીભાઈ પેન્ટર-પગુથણ | ૧-ન્યાઝ |
| જનાબ મુબારક સુલેમાન સરપંચ-દયાદરા | ૧-ન્યાઝ |
| જનાબ હાજી ઈસ્માઈલ વલી સાલેહ-દયાદરા | ૨-ન્યાઝ |
| જનાબ હાફેઝ મેહબૂબ સરનારવી સાહબ-સરનાર | ૧-ન્યાઝ |
| જનાબ ઈકબાલભાઈ સૂફી (ગરાસીયા)-આમોદ | ઈફતારી |
| જનાબ હાફેઝ યૂનુસ સાહબ-ઝંઘાર | ૧-ન્યાઝ |

ઉપરાંત નામી અનામી જે લોકો સહકાર કરે છે તેમને રબ તઆલા બંને જહાનમાં આબાદ રાખે એવી અમારી દિલી દુઆ છે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ*

## અલ્લાહ અમને માફ કરે !

અમારા એક કડક હમદર્દે અમને પત્ર લખી અમારી ભૂલ દર્શાવી તે બદલ અમો એમના આભારી છીએ. તેને આ પ્રમાણે સુધારી લેશો :-

મે-૨૦૦૭ બરકાતે ખ્વાજા (માસિક), પેજ નં. ૩૩ હેડીંગ 'નજદી સઊદી ગુસ્તાખીની હદ' નીચે ચોથી પાંચમી લીટી છેકીને સુધારશો કે, "હઝરત ખુદીજતુલ કુબ્રા رضی اللہ عنہا ના ઘર મુબારકને ન માત્ર તોડી પાડવામાં આવ્યું બલ્કે તે જગાએ આમ...." કરી લેશો. અને આગળ જતાં પેજ નં. ૩૪ ઉપર ત્રીજી લીટીમાં "૫૦૦" વર્ષને બદલે "૫૦" વર્ષ કરી આપશો.

અમો અલ્લાહની બારગાહમાં આ શરતચૂકથી રહી ગયેલી ભૂલની તૌબા કરીએ છીએ, રબ તઆલા અમને તેના હબીબ ﷺના સદકામાં માફ ફર્માવે અને ભૂલ બતાવનારને તેની નિય્યત પ્રમાણે જઝાએ ખૈર આપે. (આમીન) અલ્હમ્દુલિલ્લાહ ! અમે કોઈની ખોટી ટીકા નથી કરતા ન ભાન ભૂલીએ છીએ, પણ આ ભાગ શરતચૂકથી પ્રૂફમાં જ રહી ગયેલ જણાય છે એની અમારા એ ગુમનામ હમદર્દ મિત્ર નોંધ લે.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**વા, કમર, પગના સાંધા, ખભા તથા હાંડકાની તીવ્ર વેદના પર ૧૦૦% નિર્દોષ ગેરેંટેડ ઈલાજ અનેકનો સફળ ઈલાજ**

**ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા,** મોટા ચકલા,
તા. જિ. ભરૂચ **ઈન્ડિયા ખાતે**
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૩૨૨,
**લંડન** ખાતે
ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

**પોસ્ટ/કુરિયર દ્વારા ઉપલબ્ધ**

# હમ્દે
# બારી તઆલા

અઝ : **ઉસ્તાઝુલ ઉલમા, શૈખુલ હદીષ**

**હઝરત અલ્લામા અબ્દુલ મુસ્તફા સાહબ આ'ઝમી** رحمۃ اللہ علیہ

પૂછા ગુલસે યે મૈંને કે અય ખૂબ રૂ !
તુઝમેં આઈ કહાંસે નઝાકત કી ખૂ ?
યાદમેં કિસકી હંસતા મહકતા હૈ તૂં ?
હંસકે બોલા કે અય તાલિબે રંગો બૂ !
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

અર્ઝ કી મૈંને સુમ્બુલસે અય મુશ્ક઼—બૂ !
સુબ્હ કો કર કે શબનમસે તાઝા વુઝૂ
ઝુમકર ક઼ૌન—સા ઝિક્ર કરતા હૈ તૂ ?
સુન કે કહને લગા દમ બદમ ઝિક્રે હૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

જબ કહા મૈંને બુલબુલસે અય ખુશ—ગુલૂ !
ક્યોં ચમનમેં ચહકતા હૈ તૂ ચારસૂ ?
દેખકર ગુલ કિસે યાદ કરતા હૈ તૂ ?
વજ્દમેં બોલ ઉઠા, 'વહ્દહૂ વહ્દહૂ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

જબ પપીહેસે પૂછા કે અય નીમ જાં !
યાદમેં કિસ્કી કરતા હૈ તૂ 'પી કહાં' ?
કૌન હૈ 'પી' તેરા ક્યા હૈ નામો નિશાં ?
બોલ ઉઠા, બસ વહી જિસપે શૈદા હૈ તૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

મૈંને ક઼ુમરીસે કી જાકે યે ગુફ્તગૂ
ગાતી રહતી હૈ 'ક઼ૂ ક઼ૂ' તૂં ક્યોં ક઼ૂ—બ—ક઼ૂ ?
ઢુંઢતી હૈ કિસે, કિસકી હૈ આરઝૂ ?
બોલી સુન મેરા નગ્મા હૈ 'હક઼્ક઼ સિર્રોહુ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

આકે જૂગ્નૂ જો ચમકા મેરે રૂ—બ—રૂ
અર્ઝ કી મૈંને અય શાહિદે શો'લા રૂ
કિસકી તલ્અત હૈ તૂ, કિસકા જલ્વા હૈ તૂ ?
યે કહા, જિસકા જલ્વા હૈ હર ચાર સૂ
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

મૈંને પૂછા યે પરવાનેસે દૂ—બ—દૂ
કિસ લિયે શમ્અ કી લો પે જલતા હૈ તૂ ?
શો'લએ નારમેં કિસકી હૈ જુસ્તજૂ ?
જલતે—જલતે કહા ઉસને 'યા નૂરોહુ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**

**'આ'ઝમી'** ગર—ચે બેહદ ગુનહગાર હૈ
મુજરિમોં બે—અમલ હૈ, ખતાકાર હૈ
હક઼્ક઼ તઆલા મગર ઐસા ગફ્ફાર હૈ
ઉસકી રહમત કા ના'રા હૈ 'લા તક઼—નતૂ'
**અલ્લાહૂ ! અલ્લાહૂ ! અલ્લાહૂ !**